પાના ૮, કિંમત રૂ.૨, તા. ૦૧-૦૧-૨૦૨૬-ગુરુવાર, સુરત




# સાંધ્ય દૈનિક પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૧૮ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in   pratapdarpan_official   pratapdarpansrt@gmail.com   pratapdarpan_official11

# સ્વિટ્ઝરલેન્ડના રિસોર્ટમાં નવા વર્ષની ઉજવણીમાં બ્લાસ્ટ

## પ્રખ્યાત લકઝરી સ્કી રિસોર્ટ ક્રાન્સ મોન્ટાનામાં વહેલી સવારે રહસ્યમય વિસ્ફોટમાં અનેક લોકોનાં મોત



નવી દિલ્હી, તા. ૦૧

સ્વિટ્ઝરલેન્ડના પ્રખ્યાત લક્ઝરી સ્કી રિસોર્ટ શહેર ક્રાન્સ મોન્ટાનામાં ગુરુવારે વહેલી સવારે એક બારમાં જોરદાર વિસ્ફોટ થયો હતો. આ બ્લાસ્ટમાં અનેક લોકોના મોત થયાના સમાચાર છે, જ્યારે અન્ય ઘણા લોકો ઘાયલ થયા છે. સ્વિસ પોલીસે આ વાતની પુષ્ટિ કરી છે.

પોલીસ અને ઈમરજન્સી ટીમો ઘટનાસ્થળે પહોંચી રાહત અને બચાવ કામગીરીમાં લાગેલી છે. ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પોલીસનું કહેવું છે કે હાલ વિસ્ફોટના કારણોની તપાસ કરવામાં આવી રહી છે અને સમગ્ર વિસ્તારને સુરક્ષા ઘેરામાં લઈ લેવામાં આવ્યો છે.

સ્વિટ્ઝરલેન્ડના દક્ષિણ-પશ્ચિમ ક્ષેત્ર વાલેસ કેન્ટનની પોલીસના પ્રવક્તા ગાયતાન લાથિયોએ મીડિયાને જણાવ્યું કે હાલ વિસ્ફોટનું કારણ સ્પષ્ટ થઈ શક્યું નથી. તેમણે કહ્યું કે આ ઘટનામાં ઘણા લોકો ઘાયલ થયા છે અને અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે.

ઘટનાની જાણ થતા જ પોલીસ, ફાયર બ્રિગેડ અને એમ્બ્યુલન્સની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ઘાયલોને તાત્કાલિક નજીકની હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં કેટલાકની હાલત ગંભીર હોવાનું કહેવાય છે. સાવચેતીના ભાગરૂપે વિસ્ફોટ વાળી જગ્યા અને તેની આસપાસના વિસ્તારને સીલ કરી દેવામાં આવ્યો છે.

ક્રાન્સ મોન્ટાના એક ખૂબ જ લોકપ્રિય અને મોંઘું સ્કી રિસોર્ટ છે, જ્યાં મોટી સંખ્યામાં પ્રવાસીઓ રજાઓ ગાળવા આવે છે. નવા વર્ષની આસપાસ અહીં ભીડ વધુ રહે છે.

પોલીસનું કહેવું છે કે વિસ્ફોટ અકસ્માત હતો કે તેની પાછળ અન્ય કોઈ કારણ છે, તેની ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે. ફોરેન્સિક ટીમો ઘટનાસ્થળેથી પુરાવા એકત્ર કરી રહી છે અને બારમાં હાજર લોકોની પૂછપરછ કરવામાં આવી રહી છે.

# ઉત્તર પ્રદેશમાં ગાઢ ધૂમ્મસ હરિયાણા, રાજસ્થાનમાં વરસાદ

### જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશમાં સતત બરફનો વરસાદ

નવી દિલ્હી, તા. ૦૧

ઉત્તર પ્રદેશના ૩૫ જિલ્લાઓમાં આજે ગાઢ ધુમ્મસ છવાયેલું છે. કોલ્ડવેવ પણ છે. મેરઠ-ગાઝિયાબાદ સહિત ૧૪ જિલ્લાઓમાં વરસાદની શક્યતા છે. બુધવારે કાનપુર સૌથી ઠંડું રહ્યું, અહીં લઘુત્તમ તાપમાન ૪.૬C રહ્યું.

રાજસ્થાનના જયપુર-ચિત્તોડગઢમાં ગુરુવારે સવારે ભારે વરસાદ થયો. આજે ૮થી વધુ જિલ્લાઓમાં વરસાદની ચેતવણી છે. હરિયાણાના કેટલાક શહેરોમાં વરસાદ થયો છે. રાજ્યની તમામ શાળાઓમાં આજથી શિયાળુ વેકેશન જાહેર કરવામાં આવ્યું છે.પંજાબના મોટાભાગના જિલ્લાઓમાં ગાઢ ધુમ્મસ છવાયું. ઝરમર વરસાદ પણ થયો, કોલ્ડવેવ પણ છે. હવામાન વિભાગે તમામ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. ગુરદાસપુરમાં સૌથી ઓછું તાપમાન ૫.૨ઝ રહ્યું.પહાડી રાજ્યો હિમાચલ અને જમ્મુ-કાશ્મીરમાં હિમવર્ષા ચાલુ છે. દિલ્હીમાં ૩૧ ડિસેમ્બરે છેલ્લા ૬ વર્ષમાં સૌથી ઓછું તાપમાન ૬.૪°C રહ્યું હતું. ૨૦૧૯માં આ ૯.૪C હતું. આજે દિલ્હીમાં પણ વરસાદનું એલર્ટ છે.મધ્ય પ્રદેશમાં ડિસેમ્બરની ઠંડીએ ૨૫ વર્ષનો રેકોર્ડ તોડ્યો છે. હવામાન વિભાગે જાન્યુઆરીમાં પણ તીવ્ર ઠંડીનું અનુમાન લગાવ્યું છે. આ દરમિયાન ગાઢ ધુમ્મસ સાથે કોલ્ડ વેવ અને કોલ્ડ ડેની સ્થિતિ પણ રહેશે. ડિસેમ્બરમાં કલ્યાણપુર, નૌગાંવ અને ખજુરાહો સૌથી ઓછા તાપમાનવાળા શહેરો રહ્યા.રાજસ્થાનના જયપુર અને ભરતપુર સંભાગના ૮ જિલ્લાઓમાં ગુરુવારે વરસાદનું એલર્ટ છે. જયપુરમાં સવારથી છૂટોછવાયો વરસાદ પડી રહ્યો છે. કોલ્ડ વેવ અને ભારે ધુમ્મસની પણ ચેતવણી છે. બુધવારે જોધપુર, ફલોદી, બાડમેર, બીકાનેરમાં વરસાદ થયો. આ સાથે જ તાપમાનમાં ઘટાડો થયો છે.

# ફિલ્મસ્ટાર શાહરૂખ ખાનને ગદ્દાર કહેતા ભાજપ નેતા સોમ

### બોલીવુડ અને ક્રિકેટથી દેશ વિરોધી તાકતોને પ્રોત્સાહન આપવાનો સંગીત સોમનો આરોપ

નવી દિલ્હી, તા. ૦૧

બાંગ્લાદેશમાં ભારતીયોની હત્યા તથા અત્યાચારોના મામલે ભારતમાં આક્રોશ છે. બન્ને દેશોના સંબંધો પણ તંગ બન્યા છે. પાકની જેમ બાંગ્લાદેશી ખેલાડીઓની એન્ટ્રી રોકવાની પણ માંગ ઉઠી છે.

જયારે આઈપીએલ માટે બાંગ્લાદેશી ક્રિકેટરને ખરીદનાર અભિનેતા શાહરૂખની ટીમ કેકેઆર વિવાદમાં આવી છે. ભાજપના ફાયરબ્રાન્ડ નેતા સંગીત સોમે શાહરૂખ ગદ્દાર હોવાનું વિવાદિત વિધાન કરતા મામલો ગરમાયો છે.

મેરઠમાં અટલ સ્મૃતિ સંમેલનમાં બોલતા સંગીત સોમે કહ્યું કે, શાહરૂખ ખાનની આઈપીએલ ટીમ બાંગ્લાદેશના ક્રિકેટર રહેમાનના ૯.૫૦ કરોડમાં ખરીધ્યો છે, આ દેશ વિરોધી કૃત્ય છે.

બાંગ્લાદેશમાં ભારતીયોની હત્યા-અત્યાચાર થઈ રહ્યા છે ત્યારે બાંગ્લાદેશી ક્રિકેટરને આવવા ન દેવાતા બોલીવુડ અને ક્રિકેટ મારફત રાષ્ટ્રવિરોધી તાકાતોને પ્રોત્સાહન મળી રહ્યું છે. ભાજપ નેતાના આ વિધાનથી વિવાદ સર્જાવાની ભીતિ છે.

અનુસંધાન પાના ૭ પર

# દેશભરમાં મંદિરોમાં નવા વર્ષે શ્રદ્ધાળુઓની ભીડ ઉમટી પડી

### વૈષ્ણોદેવી મંદિરનું રજીસ્ટ્રેશન બંધ : બાંકે બિહારીના દર્શન અર્થે ત્રણ કિમી લાંબી લાઈન

નવી દિલ્હી, તા. ૦૧

નવા વર્ષ પર દેશભરના ધાર્મિક અને પર્યટન સ્થળો પર લોકોની ભીડ ઉમટી પડી છે. ઉજ્જૈનના મહાકાલ મંદિરમાં ઘણી ભીડ છે. વાઈસ-કેપ્ટન સ્મૃતિ મંધાના સહિત મહિલા ક્રિકેટ ટીમના કેટલાક સભ્યો પણ અહીં દર્શન કરવા પહોંચ્યા છે.

દેશભરમાંથી વર્ષ ૨૦૨૬ના પહેલા સૂર્યોદયની તસવીરો પણ સામે આવી છે. મથુરામાં બાંકે-બિહારી મંદિરમાં દર્શન કરનારાઓની ભીડ જામી છે. મંદિર પ્રશાસને લોકોને ૫ જાન્યુઆરી સુધી દર્શન માટે ન આવવા અપીલ કરી છે.E દરમિયાન, જમ્મુ અને કાશ્મીરના કટરા સ્થિત વૈષ્ણો દેવી મંદિરમાં શ્રદ્ધાળુઓની મોટી ભીડ જોવા મળી રહી છે. અંધાધૂંધી ટાળવા માટે, વૈષ્ણો દેવી શ્રાઈન બોર્ડે રજીસ્ટ્રેશ રોકી દીધુ છે.PM નરેન્દ્ર મોદી, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ રાષ્ટ્રને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી છે. મોદીએ તેમની પોસ્ટમાં લખ્યું:આપ સૌને ૨૦૨૬ની શુભકામનાઓ. આ વર્ષ દરેક માટે નવી આશાઓ, નવા સંકલ્પો અને નવો આત્મવિશ્વાસ લાવે. તે દરેકને જીવનમાં આગળ વધવા માટે પ્રેરણા આપે.રાજસ્થાનઃ ચુરુના સાલાસર બાલાજી મંદિરમાં ગુરુવારે સવારે ૩ વાગ્યાથી ભક્તોની ભીડ જામી ગઈ છે. ભક્તોએ બાલાજીના દર્શન કરીને નવા વર્ષની શરૂઆત કરી હતી.જયપુરના મોતીડુંગરી ગણેશજી મંદિરમાં ભક્તો પોતાના વારાની રાહ જોતા કતારમાં ઉભા રહે છે. નવા વર્ષની ઉજવણી માટે વહેલી સવારથી જ મોટી સંખ્યામાં ભક્તો આવવા લાગ્યા હતા.જમ્મુ અને કાશ્મીરના લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહા તેમના પરિવાર સાથે આંધ્રપ્રદેશના તિરુપતિ જિલ્લામાં ભગવાન વેંકટેશ્વરના દર્શન કરવા માટે તિરુમાલા પહોંચ્યા હતા. તેમણે વૈકુંઠ ક્યૂ કોમ્પ્લેક્સથી દર્શન કર્યા હતા.

# નવા વર્ષે જ મોંઘવારીમાં વધારો કોમર્શીયલ ગેસમાં ૧૧૧નો વધારો

### ઘર વપરાશના સબસીડીવાળા સિલીન્ડરના ભાવો યથાવત

નવી દિલ્હી, તા. ૦૧

નવા કેલેન્ડર વર્ષના પ્રારંભે જ મોંઘવારી બોંબ ફુટવા સાથે આમઆદમીને ઝટકો આપવામાં આવ્યો હોય તેમ કોમર્શીયલ રાંધણગેસ સિલીન્ડરમાં ૧૧૧ રૂપિયાનો ધરખમ વધારો કરવામાં આવ્યો છે. જોકે, સબસીડીયુક્ત ૧૪ કિલો રાંધણગેસની કિંમતમાં કોઈ બદલાવ કરવામાં આવ્યો નથી.

કેન્દ્ર સરકારની પેટ્રોલીયમ કંપનીઓ દ્વારા દર મહિનાના પ્રારંભે રાંધણગેસની કિંમતોમાં બદલાવ કરવામાં આવ્યો હોય છે. છેલ્લા મહિનાઓમાં મામુલી રાહત અપાયા બાદ આજે નવા મહિને આકરો ઝાટકો આપવામાં આવ્યો હતો. અને ૧૯ કિલો કોમર્શીયલ રાંધણગેસની કિંમતમાં એક જ ઝાટકે ૧૧૧ રૂપિયા વધારી દેવાયા હતા.

આ ભાવવધારા સાથે દિલ્હીમાં દિલ્હીમાં રાંધણગેસ સીલીન્ડરની કિંમત ૧૬૯૧.૫૦ થઈ છે. કોલકતામાં ૧૭૯૫, મુંબઈમાં ૧૬૪૨.૫૦ તથા ચેન્નાઈમાં ૧૮૪૯.૫૦ના સ્તરે પહોંચી છે. ૧૯ કિલોવાળા સિલીન્ડરનો ઉપયોગ મોટાભાગે હોટલ-રેસ્ટોરાં-ઢાબામાં કોમર્સીયલ ધોરણે થતો હોય છે, રાહતની વાત એ છે કે ઘરવપરાશના રાંધણગેસની

અનુસંધાન પાના ૭ પર

# આશા-ઉમંગ સાથે નવા વર્ષનું સ્વાગત

## ભારત સહિત વિશ્વમાં રંગારંગ ઉજવણી દ્વારા વર્ષ ૨૦૨૬ને ઉત્સાહભેર આવક

નવી દિલ્હી, તા. ૦૧૨

મધરાત્રે ૧૨ના ટકોરે બુધવાર ગુરૂવાર બન્યો હતો, ડીસેમ્બરે જાન્યુઆરીનુ સ્થાન લીધુ હતુ અને ૨૦૨૫ની વિદાય સાથે વર્ષ ૨૦૨૬નુ આગમન થયુ હતું. નવા ઉત્સાહ, ઉમંગ અને આશા સાથે દુનિયાભરમાં નવા વર્ષની ઉજવણી થઈ હતી. પૃથ્વીના સૌથી પુર્વના કિરીતામાતીમાં સૌપ્રથમ નવુ વર્ષ બેઠુ હતું ત્યારબાદ ટોન્ટા તથા ન્યુઝીલેંડમાં ૨૦૨૬નું આગમન થયુ હતું.



દુનિયાના મોટા રાષ્ટ્ર-શહેરોમાં સૌપ્રથમ ન્યુઝીલેન્ડમાં ભવ્ય આતશબાજી સાથે નવુ વર્ષ ઉજવાયુ હતું. ઓકલેન્ડની સૌથી ઉંચી ઈમારત સ્કાય ટાવર પરથી આતશબાજી થઈ હતી તેના ૧૮ કલાક બાદ અમેરિકાના ન્યુયોર્કમાં વિખ્યાત ઉજવણી થઈ હતી.

ન્યુઝીલેન્ડમાં નવા વર્ષના આગમનના બે કલાક બાદ ઓસ્ટ્રેલિયામાં પ્રવેશ થયો હતો. સિડની હાર્બરબ્રીજ પર આતશબાજી થઈ હતી. બર્લિન તથા હિમાચલ-કાશ્મીર જેવા ભારતીય રાજયોમાં બરફ અને હિમવર્ષા સાથે લોકોએ નવુ વર્ષ ઉજવ્યુ હતું.

નવા વર્ષના જશ્ન વચ્ચે ૨૦૨૫માં સર્જાયેલી આફતનો શોક પણ કેટલાંક દેશોએ મનાવ્યો હતો. ઓસ્ટ્રેલિયાએ આતંકી હુમલા, ઈન્ડોનેશિયાએ વિનાશક પુર-ભૂસ્ખલન, હોંગકોંગમાં અગ્નિકાંડ જેવી આફતોમાં ભોગ બનેલા લોકોની યાદમાં શ્રદ્ધાંજલીના કાર્યક્રમો પણ રાખ્યા હતા.

ભારતમાં કાશ્મીર, હિમાચલ જેવા પર્વતીય રાજયોમાં હિમવર્ષા વચ્ચે

અનુસંધાન પાના ૭ પર

# હિન્દુઓને જાતિના ભેદભાવ નિવારવા સંઘવડાની અપીલ

### રાયપુરમાં મોહન ભાગવતનું સંબોધન

નવી દિલ્હી, તા. ૦૧

આગામી સમયમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ હવે સામાજીક એકરસતા ભણી જઈ રહ્યું હોવાના શતાબ્દી વર્ષના સંકલ્પમાં પણ દર્શાવ્યા બાદ પ્રથમ વખત સંઘના સરસંઘચાલક મોહન ભાગવતે એક મહત્વના વિધાનમાં દેશમાં મંદિરો-સ્મશાનઘાટ તથા પાણીના ેતો તમામ હીન્દુઓ માટે ખુલ્લા હોવા જોઈએ તેવું જણાવ્યું હતું. તેઓએ ઉમેર્યુ કે આપસના સંઘર્ષ કરતા હિન્દુ સમાજે એકતા દર્શાવવી જરૂરી છે.

શ્રી ભાગવતે કહ્યું કે લોકોને તેની જ્ઞાતિ-જાતિના આધારે ઓળખવાની જરૂર નથી કે તેની સંપતિ-ધર્મના આધારે પણ નહી પણ દરેકને પોતાના તરીકે ઓળખો, એવું જ માનો કે સમગ્ર દેશ તમારો જ છે. તેઓએ સામાજીક સમરસતા આ રીતે વર્ણવી હતી. તેઓએ રાયપુરમાં આ સંબોધન કરતા આ ઉદબોધન કર્યુ હતું. જેમાં એઈમ્સ-રાયપુરના વિદ્યાર્થીઓ પણ સામેલ થયા હતા.

તેઓએ સામાજીક સત્યના આધારે ધર્માન્તરને જોવાનો અનુરોધ કર્યો હતો. તેઓએ સામાજીક ટેકા અને સન્માન સાથે

અનુસંધાન પાના ૭ પર

# ન્યુયોર્કના મેયર પદે ભારતવંશી ઝોહરાન મમદાની સત્તારૂઢ

### મમદાનીએ કુરાન પર હાથ રાખીને શપથ લીધા

નવી દિલ્હી, તા. ૦૧

ભારતીય મૂળના ઝોહરાન મમદાની ન્યૂયોર્ક સિટીના પ્રથમ મુસ્લિમ મેયર બની ગયા છે. તેમણે ગુરુવારે કુરાન પર હાથ રાખીને પદના શપથ લીધા હતા. અત્યાર સુધી ન્યૂયોર્ક સિટીના મોટાભાગના મેયર બાઈબલ પર હાથ રાખીને શપથ લેતા આવ્યા છે.

જોકે, બંધારણ હેઠળ શપથ માટે કોઈ ધાર્મિક ગ્રંથનો ઉપયોગ ફરજિયાત નથી. ૩૪ વર્ષીય ડેમોક્રેટ મમદાની ન્યૂયોર્ક સિટીના પ્રથમ મુસ્લિમ, પ્રથમ દક્ષિણ એશિયન અને પ્રથમ આફ્રિકામાં જન્મેલા મેયર હશે. ડેમોક્રેટની ટીમ આજે બે અલગ-અલગ સ્થળોએ શપથ ગ્રહણ સમારોહનું આયોજન કરવાની યોજના બનાવી રહી છે.

મમદાની સૌથી પહેલા ન્યૂયોર્કના સિટી હોલ નીચે આવેલા એક બંધ પડેલા સબવે સ્ટેશનમાં શપથ લેશે. આ એક ખાનગી સમારોહ હશે, જેમાં મમદાનીનો પરિવાર સામેલ થશે. ત્યારબાદ બપોરે એક સાર્વજનિક શપથ ગ્રહણ સમારોહ યોજાશે. સબવે સ્ટેશનમાં યોજાનારા સમારોહમાં મમદાની બે કુરાન પર હાથ રાખશે.

આમાંથી એક તેમના દાદાનું કુરાન અને બીજું ખિસ્સામાં રાખવામાં આવતું નાનું કુરાન હશે. કહેવાય છે કે પોકેટ સાઈઝ કુરાન ૧૮મી સદીના અંત અથવા ૧૯મી સદીનું છે. આ કુરાન ન્યૂયોર્ક પબ્લિક લાઈબ્રેરીના શોમ્બર્ગ સેન્ટર ફોર રિસર્ચ ઈન બ્લેક કલ્ચરના સંગ્રહનો ભાગ છે.

બીજા શપથ ગ્રહણ સમારોહમાં મમદાની તેમના દાદા અને દાદી, બંનેના કુરાનનો ઉપયોગ કરશે. આ કુરાન વિશે વધુ માહિતી આપવામાં આવી નથી. શપથ ગ્રહણ માટે કુરાનની પસંદગી મમદાનીની પત્ની રમા દુવાજીએ કરી છે.

અનુસંધાન પાના ૭ પર



# દિલ્હીમાં હળવો વરસાદ પ્રદૂષણમાં થોડી રાહત

નવી દિલ્હી, તા. ૦૧

દિલ્હી-એનસીઆર ભીષણ ઠંડી વચ્ચે પ્રદૂષણનો કહેર યથાવત છે. આ દરમિયાન એક રાહતભર્યા સમાચાર છે કે દિલ્હીના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ પડ્યો છે, જેના કારણે પ્રદૂષણમાં રાહત મળી છે. વરસાદ પ્રદૂષણના ડસ્ટ પાર્ટીકલ્સન નીચે બેસાડવામાં ભૂમિકા નિભાવે છે.દિલ્હી-એનસીઆરના એક્યુઆઈ ખરાબ શ્રેણીમાં છે, એટલે કે સરેરાશ ૩૮૨ એક્યુઆર નોંધાયું છે. અલીપુરમાં ૪૭૪, એનસીઆઈટી દ્વારકામાં ૩૯૫ જેટલું એક્યુઆઈ નોંધાયું હતું. વાયુ પ્રદૂષણના કારણે રાજધાની દિલ્હીમાં વિજિબિલીટી ઘટી ગઈ હતી. અનેક વિસ્તારોમાં ધુમ્મસની ચાદર પથરાઈ ગઈ હતી. ધુમ્મસને લઈને એરપોર્ટે એડવાઈઝરી જાહેર કરી હતી.

# ઈન્દોરમાં ૧૦નાં મોત વિશે સવાલ કરતા મંત્રી વિજયવર્ગીય ગુસ્સે ભરાયા

### કેબીનેટ મંત્રી કેલાશ વિજયવર્ગીયે વિવાદ બાદ માફી માંગી લીધી

નવી દિલ્હી, તા. ૦૧

મધ્ય પ્રદેશના ઈન્દોર શહેરમાં દૂષિત પાણીના સપ્લાયને કારણે થયેલી ભયાનક દુર્ઘટના બાદ રાજકીય ગરમાવો વધી ગયો છે. આ ઘટનાને લઈને સવાલ પૂછવા પર રાજયના કેબિનેટ મંત્રી કૈલાશ વિજયવર્ગીય મીડિયા પર ગુસ્સે ભરાયા હતા. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ તેમણે માફી માંગી હતી.દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખાતા ઈન્દોરના ભાગીરથપુરા વિસ્તારમાં પાઈપલાઈન લીકેજ થવાને કારણે ગટરનું પાણી પીવાના પાણીની લાઈનમાં ભળી ગયું હતું. આ દૂષિત પાણી પીવાથી વિસ્તારમાં ઉલટી-ઝાડાનો રોગચાળો ફેલાઈ ગયો હતો. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૧૦ લોકોના મોત થયા છે, જ્યારે ૨૦૦૦થી વધુ લોકો તેનાથી પ્રભાવિત થયા છે, જેમાંથી સેંકડો લોકો હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.આ મામલાની ગંભીરતાને ધ્યાનમાં લેતા મુખ્યમંત્રી ડો. મોહન યાદવે એક તપાસ સમિતિની રચના કરી છે. તેમણે ત્રણ અધિકારીઓને સસ્પેન્ડ કર્યા છે અને એકને સેવામાંથી બરતરફ કરી દીધા છે.એમજીએમ મેડિકલ કોલેજમાં મુખ્યમંત્રીની બેઠક બાદ, કેબિનેટ મંત્રી કૈલાશ વિજયવર્ગીય બહાર નીકળ્યા હતા. તે સમયે તેમને સવાલ પૂછ્યો કે ખાનગી હોસ્પિટલોમાં દાખલ દર્દીઓને હજુ સુધી રિફંડ કેમ નથી મળ્યું અને પીવાના પાણીની યોગ્ય વ્યવસ્થા કેમ નથી થઈ?

આ સવાલ પર મંત્રી ભડકી ગયા અને બોલ્યા, "અરે છોડો યાર, ફાલતુ સવાલો ન પૂછો." જ્યારે

અનુસંધાન પાના ૭ પર

# રાજ્યના યુવા ઉત્સવમાં સાવરકુંડલાની કપોળ કન્યા છત્રાલયનો ભારે દબદબો

## ‘ઓળીપો’ એકાંકીએ દ્વિતીય સ્થાન મેળવ્યું



સુરત, તા.૧

ગુજરાત સરકારના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા આયોજિત રાજ્ય કક્ષાના ‘યુવા ઉત્સવ’માં સાવરકુંડલાની કપોળ કન્યા છાત્રાલયની દીકરીઓએ પોતાની અદભૂત કલા અને સમર્પણ દ્વારા સમગ્ર અમરેલી જિલ્લા અને સૌરાષ્ટ્ર પ્રાંતનું નામ રોશન કર્યું છે. આ સ્પર્ધામાં છાત્રાલયની બહેનો દ્વારા પ્રસ્તુત કરાયેલ ‘ઓળીપો’ એકાંકી નાટકે રાજ્ય કક્ષાએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરીને ગૌરવવંતું શ્રેય હાંસલ કર્યું છે.

કલાત્મક અભિવ્યક્તિ અને સંવેદનશીલ પ્રસ્તુતિ સૌરાષ્ટ્રની રસધાર પર આધારિત આ એકાંકીમાં આપણી સંસ્કૃતિ અને સમાજને કેન્દ્રસ્થાને રાખવામાં આવ્યા હતા. ડૉ. જિજ્ઞાબા રાણા (અધ્યાપક, ભક્તરાજ દાદા ખાચર કોલેજ) ના લેખન અને સુક્ષ્મ દિગ્દર્શન હેઠળ તૈયાર થયેલ આ નાટકના જીવંત પાત્રો અને સંવેદનશીલ સંવાદોએ પ્રેક્ષકો તેમજ નિર્ણાયકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.આ સમગ્ર પ્રસ્તુતિનું સફળ સંચાલન દર્શનાબા વાળા દ્વારા ખૂબ જ શિસ્તબદ્ધ રીતે કરવામાં આવ્યું હતું. બહેનોના આત્મવિશ્વાસ અને ટીમવર્ક પાછળ તેમનું પ્રેરણારૂપ માર્ગદર્શન મહત્વનું રહ્યું છે. આ સાથે જ કપોળ કન્યા છત્રાલયના સંચાલન મંડળ અને નીરૂપાબેન શાહનો પણ આ સિદ્ધિમાં અનન્ય ફાળો રહ્યો છે, જેઓ સતત બહેનોના સર્વાંગી વિકાસ માટે કાર્યરત રહે છે. નાટકમાં વિવિધ પાત્રો દ્વારા જીવંત અભિનય કરનાર બહેનોની વિગત નીચે મુજબ છે રુપીઃ ગોહિલ પ્રિયંશા મણીઃ રાઠોડ શ્રદ્ધા સાસુમાંઃ રામ અંકિતા મોંઘીઃ મકવાણા સેજલ જમનીઃ નિમાવત હરસિદ્ધિ ગોવાળીયોઃ ગૌસ્વામી પ્રિયાંશી ગૌરીઃ ઘોઘારી કાવ્યા કૈલીઃ બલદાણીયા વિશ્વા ગોમતીઃ ડાંગર નિરાલી નથુઃ વરિયા જાગૃતભાઈ કપોળ કન્યા છત્રાલયની આ સિદ્ધિ માત્ર એક પુરસ્કાર નથી, પરંતુ તે સ્ત્રી શક્તિ, કલા પ્રત્યેનું સમર્પણ અને છાત્રાલયના સંસ્કારસભર શિક્ષણનો ઉત્કૃષ્ટ પુરાવો છે. આ સફળતા બદલ સમગ્ર પંથકમાં ખુશીની લહેર છવાઈ છે અને વિજેતા બહેનોને ઠેર-ઠેરથી અભિનંદન મળી રહ્યા છે.





# ઉનમાં ટીપી રોડ પરના ગેરકાયદે ૯૬ કાચા-પાકા દબાણો તોડી પડાયા

## સાઉથ ઝોન બી દ્વારા ૧૧૭૦ ચોરસ મીટર જમીન ખુલ્લી કરી દેવાઈ

સુરત, તા.૧

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન-બી(કનકપુર)ના માન.ડેપ્યુટી મ્યુ. કમિશ્નરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સુચના તથા માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન-બી(કનકપુર) ના સ્ટાફ ધ્વારા તા.૧૫/૧૨/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ સુધી ટી.પી.સ્કીમના અમલીકરણના ભાગરૂપે ટી.પી રોડના કબ્જા લેવાની કામગીરી હાથ ધરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે. ડ્રા.ટી.પી.સ્કીમ નં.૫૯(ઉન), ફા.પ્લોટ નં.૨૫૬/એ થી ફા.પ્લોટ નં.૨૨૫/એ ને જોડતા ૧૫.૦૦ મી. ટી.પી. રસ્તા પર ગુલશન નગર, આસ્મા નગર, ઝુબેર પાર્ક તેમજ જલકૃપા સોસાયટી આવેલ છે. ટી.પી. સ્કીમ મુજબના ૧૫.૦૦ મી.ટી.પી. રસ્તા પર આશરે ૯૬ જેટલા કાચા/પાકા મકાનોનું બાંધકામ કરવામાં આવેલ. સદર મકાનો વર્ષોથી ટી.પી.રસ્તા પૈકીની જગ્યા પર આવેલ હોય, જેના લીધે ટી.પી રસ્તાની પુરી પહોળાઈ ઉપયોગમાં લઈ શકાતી ન હતી. સદર ટી.પી.રસ્તા પૈકીની જગ્યા પર આવેલ કાચા/પાકા મકાનોને દુર કરવા મિલ્કતદારોને નોટીસ પાઠવી તાકીદ કરવામાં આવતા મિલ્કતદારો ધ્વારા તા.૧૫/૧૨/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ સુધી ટાઉન પ્લાનીગ સ્કીમ હેઠળ સદર રસ્તો ખુલ્લો કરવાની કાર્યવાહી કરી કાચા પતરાવાળા બાંધકામ ૫૬૦.૦૦ ચો.મી તેમજ પાકા આર.સી.સી ગ્રાઉન્ડ + બે માળ સુધીના બાંધકામ ૬૧૦.૦૦ ચો.મી મળી કુલ ૧૧૭૦.૦૦ ચો.મી. બાંધકામનું દબાણ દુર કરવામાં આવેલ છે. ડ્રા.ટી.પી.સ્કીમ નં.૫૯(ઉન), ફા.પ્લોટ નં.૨૫૨/એ થી ફા.પ્લોટ નં.૨૪૩ ને જોડતા ૧૮.૦૦ મી.ટી.પી. રસ્તા પર સિદ્દીકનગર સોસાયટી આવેલ છે. ટી.પી. સ્કીમ મુજબના ૧૮.૦૦ મી.ટી.પી. રસ્તા પર આશરે ૩૩ જેટલા કાચા/પાકા મકાનોનું બાંધકામ કરવામાં આવેલ. સદર મકાનો વર્ષોથી ટી.પી.રસ્તા પૈકીની જગ્યા પર આવેલ હોય, જેના લીધે ટી.પી રસ્તો ઉપયોગમાં લઈ શકાતો ન હતો. સદર રસ્તા પર આવેલ કાચા/પાકા મકાનોને દુર કરવા અગાઉ નોટીસ પાઠવી તાકીદ કરવા છતા મિલ્કતદાર ધ્વારા મકાન દુર ન કરતાં તા.૩૧/૧૨/૨૦૨૫ ના રોજ ટાઉન પ્લાનીગ સ્કીમ હેઠળ સદર રસ્તો ખુલ્લો કરવાની કાર્યવાહી કરી કાચા/પાકા મકાનોનું અંદાજે ૮૧૦.૦૦ ચો.મી નું દબાણ દુર કરવામાં આવેલ છે. ઉકત કામગીરી સ્થાનિક રહીશોના સહકાર અને સુમેળભર્યા વાતાવરણમાં અત્રેના સાઉથ ઝોન-બી(કનકપુર) ના ડે.ઈજનેર-૦૩, જુની./આસી. ઈજનેર-૦૫, ટેક.આસી/વાયરમેન-૧૨, દબાણ વિભાગના- ૨૫ બેલદાર, જરૂરી મશીનરી જેસીબી-૦૨, હાયવા ગાડી-૦૨ તથા સુરત મહાનગરપાલીકાના સિકયોરીટી ગાર્ડ-૧૦ સહિતના સ્ટાફને સાથે રાખી કાચા પતરાવાળા બાંધકામ ૧૩૭૦.૦૦ ચો.મી તેમજ પાકા આર.સી.સી ગ્રાઉન્ડ + બે માળ સુધીના બાંધકામ ૬૧૦.૦૦ ચો.મી મળી કુલ ૧૯૮૦.૦૦ ચો.મી. બાંધકામ દુર કરી સદર રસ્તાઓ ખોલવામાં આવેલ છે. સદર ડ્રા.ટી.પી.સ્કીમ અંતર્ગત નિયત થયેલ રસ્તાના અમલથી અંદાજીત ૧૯૮૦.૦૦ ચો.મી. ખુલ્લી જમીનનો કબ્જો સુરત મહાનગરપાલિકાને રસ્તાના હેતુ માટે પ્રાપ્ત થયો. ઉનવિસ્તારના રહીશોને સદર ૧૫.૦૦ મી. તેમજ ૧૮.૦૦ મી. ટી.પી. રસ્તો પુરી પહોળાઈમાં ખુલ્લો કરવાથી ઉન ભીડી બજાર થી સચીન-પલસાણા નેશનલ હાઈવે સુધી સીધો વાહન વ્યવહારની સુવિધા મળે તેમજ આવન-જાવનમાં સુગમતા રહેશે તથા સદર રસ્તા પર વિવિધ પ્રાથમીક સુવિધાઓ સુગમતાથી મળી રહેશે.

# ગ્રાહક સુરક્ષા અર્થે મફત કાનૂની સપ્તાહની ઉજવણી

## પ્રહલાદ જોશી દ્વારા ૧૭૨ લોકોને નિ:શુલ્ક માર્ગદર્શન

સુરત, તા.૧

૨૮ વર્ષોથી ગ્રાહકોની સુરક્ષા માટે કાર્ય કરતી સુરક્ષા સમિતિ દ્વારા રાષ્ટ્રીય ગ્રાહક સુરક્ષા દિનની ઉજવણીના ભાગરૂપે મફત કાનૂની સલાહ સપ્તાહ દરમિયાન લગભગ ૧૭૨ લોકોએ લાભ લીધો હતો જેમાં વિમા કંપની દ્વારા કલેઈમ અંગેની, તબીબી સેવાઓ, ઓનલાઇન ખરીદીમા અને વિઝા કન્સલ્ટિંગ એજન્સી દ્વારા થતી છેતરપિંડીઓ અંગે વધુ ફરિયાદો ઉઠી હતી જેના માટે સમિતિના ડાયરેક્ટર પ્રહલાદભાઈ જોષી એ તમામ ગ્રાહકોને તેમના કેશમાં શું થઈ શકે તે અંગે જાણકારી આપી હતી અને જરુરીયાતમંદ ગ્રાહકોને લીગલ સહાય પણ કરી હતી,તેમજ ઠેર ઠેર છેતરપીડી થાય છે તો તમે ક્યાં ક્યાં લડવા જશો..એટલે ગ્રાહક તરીકે દરેકે પોતે જાગૃત થવાની અને કાળજી રાખવી જરૂરી છે એમ જણાવ્યું હતું.



# શ્રીમાળી સોની યુવક સમાજનો ભવ્ય વાર્ષિક મહોત્સવ ઉજવાયો

## બારડોલી ખાતેના સમારંભમાં ઈનામ વિતરણ કરાયું

સુરત, તા.૧

શ્રી અમદાવાદી શ્રીમાળી સોની યુવક સમાજ,દ્વારા સંસ્થાનો ૪૧મો વાર્ષિક મહોત્સવ, ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ અને ઇનામ વિતરણ સમારંભ ચાલુ વર્ષે બારડોલી મુકામે યોજાયો .આ પ્રસંગે જ્ઞાતિજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી. મહોત્સવની શરૂઆત દીપ પ્રાગટ્ય અને પ્રાર્થના દ્વારા કરવામાં આવી. આ વર્ષે સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો: કુલ ૨૨ જેટલી વિવિધ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી.

નાના બાળકોથી લઈને યુવાનોએ નૃત્ય, નાટક અને અન્ય કલા પ્રદર્શિત કરી હતી. આ વર્ષે સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનારા સભ્યોની સંખ્યા ૧૫૦ થી પણ વધુ હોય જે મારા મતે રેકોર્ડબ્રેક રહી છે. સમાજ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે ઈનામ વિતરણનું સુંદર આયોજન કરાયું હતું:

ધોરણ ૧ થી ૧૦: શ્રેષ્ઠ પરિણામ લાવનાર વિદ્યાર્થીઓને વિશેષ ઈનામો આપી નવાજવામાં આવ્યા તેમજ ધોરણ ૧૧ થી કોલેજ સુધીના દરેક વિદ્યાર્થીઓને તેમની મહેનત બદલ શીલ્ડ (Shield) એનાયત કરવામાં આવ્યા તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર દરેક કલાકારને યાદગીરી રૂપે લાણી વિતરણ કરવામાં આવી જે અવિસ્મરણીય રહેશે.

કાર્યક્રમના અંતે સમૂહ ભોજનની વ્યવસ્થા અત્યંત સુદ્રઢ અને સરાહનીય હતી. સમયપાલનનો આગ્રહ રાખીને ચોક્કસ સમયે ભોજન સમારંભ શરૂ કરવામાં આવ્યો , જેનો તમામ જ્ઞાતિજનોએ સહપરિવાર આનંદ માણ્યો હતો. સમારંભના અંતે સંસ્થાના પ્રમુખ તેમજ ઉપપ્રમુખે સમાજના દરેક સભ્યોનો આભાર માન્યો હતો.

# પશ્ચિમ રેલ્વે દ્વારા વિવિધ ખાસ ટ્રેનોનો સમય લંબાવવામાં આવ્યો

## ટ્રેનોની વિસ્તૃત માહિતી રેલ્વેની વેબસાઈટ જોઈ શકાશે

સુરત, તા.૧

મુસાફરોની સુવિધા અને તેમની મુસાફરીની માંગને ધ્યાનમાં રાખીને, પશ્ચિમ રેલ્વેએ ખાસ ભાડા પર ૦૪ જોડી ખાસ ટ્રેનોનો સમય લંબાવ્યો છે. જેમાં પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, આ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે ૧. ટ્રેન નં. ૦૪૮૨૮/૦૪૮૨૭ બાંદ્રા ટર્મિનસ - ભગત કી કોઠી સ્પેશિયલ (સાપ્તાહિક) ટ્રેન નં. ૦૪૮૨૮ બાંદ્રા ટર્મિનસ - ભગત કી કોઠી સ્પેશિયલ ૦૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૪૮૨૭ ભગત કી કોઠી - બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. ૨. ટ્રેન નં. ૦૯૬૨૨/૦૯૬૨૧ બાંદ્રા ટર્મિનસ - અજમેર સ્પેશિયલ (સાપ્તાહિક) ટ્રેન નં. ૦૯૬૨૨ બાંદ્રા ટર્મિનસ - અજમેર સ્પેશિયલ ૨૬ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૯૬૨૧ અજમેર - બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ ૨૫ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. ૩. ટ્રેન નં. ૦૯૦૫૭/૦૯૦૫૮ ઉધના - મેંગલુરુ સ્પેશિયલ (પાછલી વખત) ટ્રેન નં. ૦૯૦૫૭ ઉધના - મેંગલુરુ સ્પેશિયલ ૨૮ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૯૦૫૮ મેંગલુરુ - ઉધના સ્પેશિયલ ૨૯ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. ૪. ટ્રેન નં. ૦૯૦૫૯/૦૯૦૬૦ ઉધના - ખુર્દા રોડ સ્પેશિયલ (સાપ્તાહિક) ટ્રેન નં. ૦૯૦૫૯ ઉધના - ખુર્દા રોડ સ્પેશિયલ ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૯૦૬૦ ખુર્દા રોડ - ઉધના સ્પેશિયલ ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. ટ્રેન નં. ૦૪૮૨૮ અને ૦૯૬૨૨ ના વિસ્તૃત રન માટે બુકિંગ ૧ જાન્યુઆરી, ૨૦૨૬ થી ખુલશે, જ્યારે ટ્રેન નં. ૦૯૦૫૭ ના વિસ્તૃત રન માટે બુકિંગ અને ૦૯૦૫૯ ૨ જાન્યુઆરી, ૨૦૨૬ થી બધા PRS કાઉન્ટરો અને IRCTC વેબસાઈટ પર ખુલશે. ટ્રેન સ્ટોપેજ, રચના અને સમય અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.





# વ્હાઇટ લોટસ ઈન્ટરનેશનલ સ્કૂલનું ગૌરવ

સુરત, તા.૧

વ્હાઈટ લીટટ્સ ઈન્ટરનેશનલ સ્કૂલમાં ધોરણ - ૮ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની પ્રજાક્તા જબ્બરે ઈન્ડિયા ઓપન કરાટે ચેમ્પિયન શિપ માં જબ્બરે ઓલ લઈ કાતા વ્યકિતગત અને ગ્રુપ બંને ઈવેન્ટમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. જયારે ધોરણ - ૭ માં અભ્યાસ કરતો દેવનંદ નંદવાનીએ સુરત ડિસ્ટ્રીક્ટ ઓપન બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં ભાગ લઈ બીજો ક્રમાંકે હાંસલ કરી ૭૦૦૦ રૂા. રોકડ ઈનામ પ્રાપ્ત કર્યું હતું. સિધ્ધી બદલ શાળાના આચાર્યા શ્રીમતી -પૂર્વિકા સોલંકીએ અભિનંદન આપી શુભેચ્છા પાઠવી હતી.

# સુરત આરટીઓમાં બાઈક માટે પસંદગીના નંબરો મળશે

## તા.૦૬ થી ૦૮ જાન્યુઆરી સુધીમાં ઓનલાઈન અરજી કરી શકાશે

સુરત, તા.૧

સુરતના પાલ સ્થિત આરટીઓ દ્વારા મોટર સાયકલના GJ-05 UH સિરીઝના પસંદગીના ગોલ્ડન અને સિલ્વર નંબરોનું ઓનલાઈન ઓક્શન શરૂ કરવામાં આવશે. જે માટે રજિસ્ટ્રેશન તા.૦૬ થી ૦૮ જાન્યુઆરી સુધી અને હરાજી તા. ૦૮ થી ૧૦ જાન્યુઆરી દરમિયાન કરવામાં આવશે.

પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતા વાહનમાલિકોએ તેમના વાહનોનું રજિસ્ટ્રેશન કરાવી http:/parivahan.gov.in/fancy પર નોંધણી,યુઝર આઈ.ડી.અને પાસવર્ડ તૈયાર કરી વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરીની નિયત સૂચનાઓ મુજબ હરાજીમાં ભાગ લેવાનો રહેશે. પસંદગીનો નંબર મેળવવા માટેની અરજી સેલ ઈનવોઈસની તારીખ અથવા વીમાની તારીખ એ બે માંથી જે વહેલું હોય તે તારીખથી ૭ દિવસમાં રજૂ કરવાની રહેશે. આવી અરજી કર્યાની તારીખથી ૬૦ દિવસ સુધી અમલી ગણાશે. આ રીતે ૬૦ દિવસમાં

અનુસંધાન પાના ૭ પર

# શ્રી ગટ્ટુ વિદ્યાલય ખાતે ૧૩મો વાર્ષિકોત્સવ ભવ્ય રીતે ઉજવાયો

## તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા

અંકલેશ્વર, તા.૧

અંકલેશ્વર સ્થિત શ્રી ગટ્ટુ વિદ્યાલયના પ્રાંગણમાં તા. ૩૦/૧૨/૨૦૨૫ના રોજ “Gurukul સંગ Google” થીમ આધારિત ૧૩મા વાર્ષિકોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા સંસ્કૃતિ સાથે ૨૧મી સદીની આધુનિક કુશળતાઓને જોડતી વિવિધ મનમોહક અને ઉત્સાહભરી કૃતિઓ રજૂ કરવામાં આવી હતી, જેને ઉપસ્થિત સૌએ ભાવપૂર્વક બિરદાવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે શ્રી જયેશભાઈ પટેલ (ડિરેક્ટર BGP Health Care Pvt. Ltd.) ઉપસ્થિત રહ્યા હતા, જ્યારે મુખ્ય અતિથિ તરીકે શ્રી વિમલકાંત જેઠવા (પ્રેસિડેન્ટ, અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન)એ કાર્યક્રમની શોભા વધારી હતી. આ સાથે A.I.D.S.ના માનદ મંત્રી શ્રી અશોક પંજવાણી, શાળાના





અનુસંધાન પાના ૭ પર



# અંકલેશ્વર સંસ્કારદીપ વિદ્યાલયમાં ઇનામ વિતરણ સમારોહ યોજાયો

અંકલેશ્વર, તા.૧

ધોરણ ૧૦માં ૯૦ ટકાથી ઉપર લાવનાર વિદ્યાર્થીઓ તેમજ ધોરણ ૧ થી ૯ ના પ્રથમ, દ્વિતીય, તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. અંકલેશ્વરની પુષ્પાવતી દેવીદાસ ટ્રોપ સંસ્કારદીપ વિદ્યાલયમાં ઇનામ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો તેમાં મુખ્ય મહેમાન પદે મહેશ પટેલ તથા અતિથિ વિશેષ તરીકે શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી નિશિથ સિંહ રણા ઉપસ્થિત રહ્યા હતા. ધોરણ ૧૦માં ૯૦ ટકાથી ઉપર લાવનાર વિદ્યાર્થીઓ તેમજ ધોરણ ૧ થી ૯ ના પ્રથમ, દ્વિતીય, તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.આ પ્રસંગે શાળા પરિવાર ઉપસ્થિત રહ્યો હતો.

# વોકલ ફોર લોકલ’ને પ્રોત્સાહન આપતો અડાજણનો ‘હાથસાળ-હસ્તકલા મેળો’

## અડાજણની મહિલા ઉદ્યોગકાર શિખા અર્હતીએ ૨૦ લોકોને રોજગારી આપી આત્મનિર્ભરતાની દિશામાં આગળ વધ્યા

સુરત, તા.૧

રાજ્ય સરકાર દ્વારા ‘વોકલ ફોર લોકલ’ અભિયાનને પ્રોત્સાહન આપતો ‘હાથ સાળ અને હસ્તકલા મેળો સુરતના અડાજણના વિસ્તારમાં સ્થાનિક હસ્તકલા, ખાદી અને સ્વદેશી ઉત્પાદનોને જનસમક્ષ રજૂ કરતું મહત્વપૂર્ણ મંચ બની રહ્યો છે. જયોતિન્દ્ર દવે ગાર્ડનની બાજુમાં આયોજીત મેળામાં અનેક ઉદ્યોગસાહસિકો પોતાની પ્રતિભા અને વ્યવસાય રજૂ કરી રહ્યા છે, ત્યારે અડાજણ વિસ્તારના મહિલા ઉદ્યોગકાર શિખા અર્હતીએ પોતાનો લઘુ ઉદ્યોગ શરૂ કરી અન્ય લોકોને રોજગારી આપી આત્મનિર્ભર બન્યા.

મૂળ વારાણસીના વતની ૩૫ વર્ષીય શિખા અર્હતી લગ્ન બાદ સુરત



અડાજણમાં સ્થાયી થયા. એમબીએ સુધીનો અભ્યાસ પૂર્ણ કરી દસ વર્ષ સુધી એચઆર તરીકે ખાનગી કંપનીમાં નોકરી કર્યા બાદ તેમણે સ્વરોજગારનો માર્ગ પસંદ કર્યો. ચાર વર્ષ અગાઉ ખાદી કાપડના વ્યવસાયમાં પ્રવેશ કરીને તેમણે આત્મનિર્ભર બનવાની દિશામાં આગેકુચ કરી. શરૂઆતમાં નિશ્ચિત આવકનો અભાવ હોવા છતાં, પરિવારના સંપૂર્ણ સહયોગ અને પોતાની અવિરત મહેનતથી આજે તેઓ સફળતાના નવા શિખરો સ્પર્શી રહ્યા છે.

તેમણે પોતાની સફળગાથા વિશે વાત કરતા જણાવ્યું હતું કે, મારી સફળતા પાછળનું મુખ્ય કારણ મારો શિક્ષિત અભિગમ અને મારું મક્કમ મનોબળ છે. હું દ્રઢપણે માનું છું કે, ’એક શિક્ષિત મન અને અતૂટ આત્મબળ એ સ્ત્રીના એવા બે શસ્ત્રો છે, જે હંમેશા મદદરૂપ બને છે. જ્યારે તમારી પાસે જ્ઞાનનું તેજ હોય અને મનમાં કંઈક કરી છૂટવાની મક્કમતા હોય, ત્યારે દુનિયાની કોઈ પણ મુશ્કેલી તમને તમારા લક્ષ્ય સુધી પહોંચતા રોકી

અનુસંધાન પાના ૭ પર







# અરુણાચલ પ્રદેશ થી મુંદ્રાઃ 'પેડલ ટુ પ્લાન્ટ' અભિયાનનું વિજયી સમાપન અદાણી હાઉસમાં ઉષ્માભર્યું સ્વાગત

૩૧ ડિસેમ્બર ૨૦૨૫, મુંદ્રાઃ અદાણી હાઉસ ખાતે અદાણી પબ્લિક સ્કૂલના બેગપાઈપર બેન્ડે ૭૫ વિદ્યાર્થીઓના ઉત્સાહી જૂથ સાથે મળીને શ્રીમતી નિશા કુમારી, શ્રી નિલેશ બારોટ અને યુવાન નિક્ષા બારોટના પ્રેરણાદાયી 'પેડલ ટુ પ્લાન્ટ' અભિયાનના સફળ સમાપન પર ઉષ્માભર્યું સ્વાગત કર્યું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી નીતિન સૈની (કસ્ટમ કમિશનર, મુંદ્રા), શ્રી રક્ષિત શાહ (એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, APSEZ), શ્રી સુજલ શાહ (CEO, અદાણી પોર્ટ્સ મુંદ્રા), શ્રીમતી અમી શાહ (ડિરેક્ટર, અદાણી પબ્લિક સ્કૂલ) અને શ્રી હેમંત કુમાર (પ્રિન્સિપાલ, અદાણી પબ્લિક સ્કૂલ) હાજર રહ્યા હતા.

ત્રણ સભ્યોની ટીમ – શ્રીમતી નિશા કુમારી, શ્રી નિલેશ બારોટ અને ૮ વર્ષની નિક્ષા બારોટ – એ અરુણાચલ પ્રદેશથી મુંદ્રા સુધીની ૪૬૦૦ કિમીથી વધુની અસાધારણ યાત્રા પૂર્ણ કરી. આ યાત્રા દરમિયાન ફિટ ઈન્ડિયા ચળવળના મજબૂત સમર્થન સાથે પર્યાવરણીય સંરક્ષણ, ટકાઉ જીવનશૈલી અને સક્રિય જીવનશૈલી વિશે જાગૃતિ ફેલાવવામાં આવી. અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય ૧,૦૦,૦૦૦થી વધુ વૃક્ષો વાવીને ભારતને હરિયાળું બનાવવાનો છે, સાથે દેશભરના વિદ્યાર્થીઓ, યુવાનો અને નાગરિકોને સ્વસ્થ અને ટકાઉ ભવિષ્ય માટે યોગદાન આપવા પ્રેરિત કરવાનો છે. પ્રખ્યાત ભારતીય પર્વતારોહક અને પર્યાવરણ વિષે જાગૃતિ ફેલાવનાર, માઉન્ટ એવરેસ્ટ વિજેતા નિશા કુમારી – જેઓ માઉન્ટ એવરેસ્ટ તેમજ અન્ય વૈશ્વિક શિખરો સર કરનારી ભારતીય મહિલાઓમાંની એક છે ઉપરાંત ભારતથી લંડન સુધીની પડકારજનક સાયકલ યાત્રાની દુર્લભ સિદ્ધિ મેળવી છે જેના નેતૃત્વમાં આ અભિયાનને સાયકલિંગ કોચ તેમજ પર્યાવરણીય કાર્યકર્તા નિલેશ બારોટે કુશળતાપૂર્વક માર્ગદર્શન આપ્યું હતું. ૮ વર્ષની નિક્ષા બારોટની આ યાત્રામાં ભાગીદારી ખાસ નોંધપાત્ર રહી, જેણે ફિટનેસ, શિસ્ત અને પર્યાવરણીય ચેતના કોઈપણ ઉંમરે શરૂ કરી શકાય તેવો શક્તિશાળી સંદેશ આપ્યો.

આ યાત્રાની સમાપ્તિ માટે મુંદ્રા પોર્ટની પસંદગી ખાસ યોગ્ય છે, કારણ કે અદાણી પોર્ટ્સ વૈશ્વિક સ્તરે સૌથી હરિયાળા પોર્ટ ઓપરેટરોમાંના એક તરીકે ઓળખાય છે. તેમાં મોટા પાયે મેન્ગ્રોવ વનીકરણ અને વૃક્ષારોપણ દ્વારા ગ્રીન કવર વધારવું, બંદરના સાધનો (જેમ કે ક્રેન અને વાહનો)નું વીજળીકરણ કરી અશ્મિભૂત ઈંધણને તબક્કાવાર દૂર કરવું તેમજ તમામ કામગીરીને નવીનીકરણીય ઊર્જાથી સંચાલિત કરવાની પ્રતિબદ્ધતા સહિતની પહેલ ચાલુ છે. વધુમાં, આવનાર વર્ષોમાં શૂન્ય ઉત્સર્જન તરફ આગળ વધવાનું લક્ષ્ય છે.મુંદ્રા ખાતેનું આગમન માત્ર આ ઐતિહાસિક સાયકલિંગ સિદ્ધિનો વિજયી અંત જ નહીં, પરંતુ હરિયાળા અને મજબૂત ભારતના સહિયારા દ્રષ્ટિકોણને મજબૂત કરતી એક અર્થપૂર્ણ રાષ્ટ્રીય ચળવળની પરાકાષ્ઠા પણ છે. શ્રી નિલેશ બારોટે જણાવ્યું કે, "આ સાયકલિંગ યાત્રાનો અમારો ધ્યેય "ચેન્જ બિફોર ક્લાઈમેટ ચેન્જ" ના શક્તિશાળી સૂત્ર સાથે વૃક્ષારોપણને પ્રોત્સાહન આપવાનો છે.

અમે અભિયાન દરમિયાન મુખ્યત્વે આબોહવા પરિવર્તન અને તંદુરસ્તી વિશે જાગૃતિ લાવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. રસ્તામાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવા છતાં, અમે માનીએ છીએ કે સમર્પણ હંમેશા તમને તમારા લક્ષ્યો તરફ દોરી જાય છે. નિશા કુમારીએ આ મુશ્કેલ યાત્રા પૂર્ણ કરીને જે પ્રાપ્ત કર્યું છે, તે એ જ અતૂટ સમર્પણનો પુરાવો છે જેના કારણે તેણી માઉન્ટ એવરેસ્ટ પર ચઢી શકી."APSEZના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી રક્ષિત શાહે ઉમેર્યું કે અદાણી ગ્રૂપ હંમેશા પર્યાવરણીય અને ટકાઉ પહેલ માટે પ્રતિબદ્ધ, આ હેઠળ મુંદ્રા ખાતે અદાણી ગ્રુપ દ્વારા અદાણી વન હેઠળ હજારો વૃક્ષો ઉગાડવામાં આવ્યા છે,

અને આવનાર સમયમાં આ બધીજ જગ્યાઓ ગાઢ જંગલમાં નિર્માણ પામશે.સન્માન સમારોહ પછી, શ્રીમતી નિશા કુમારી, શ્રી નિલેશ બારોટ અને ૮ વર્ષીય નિક્ષા બારોટે મુખ્ય મહેમાન શ્રી નીતિન સૈની (કસ્ટમ કમિશનર, મુંદ્રા), શ્રી રક્ષિત શાહ (એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, APSEZ)અને શ્રી સુજલ શાહ (CEO, અદાણી પોર્ટ્સ મુંદ્રા) સાથે વૃક્ષારોપણમાં ભાગ લીધો, જે મુંદ્રા બંદર પર તેમની નોંધપાત્ર લાંબા અંતરની યાત્રાના પૂર્ણ સમાપનને ચિહ્નિત કરે છે.




# સસ્તું શાક લાવવાનો મોંઘો પ્રયોગ

જ્યોતીન્દ્ર દવેનું 'આત્મપરિચય' નામનું કાવ્ય છે. આ કાવ્યમાં જીવનના ચારેય આશ્રમો બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યસ્તાશ્રમના ધર્મોનું પાલન પોતે કેવી રીતે કરી રહ્યા છે તેનું વર્ણન કરતાં જ્યોતીન્દ્રભાઈ કહે છે : 'પારકાં કામ આવે ત્યારે સંન્યાસી હું બની જતો.' જ્યોતીન્દ્રભાઈ તો પારકાં કામ અંગે સંન્યસ્તવૃત્તિ ધરાવતા હતા, જ્યારે હું તો ઘરનાં કામો અંગે પણ બ્રહ્મચર્યાશ્રમના કાળથી જ સંન્યસ્તવૃત્તિ ધરાવું છું. પણ ચૌદેક વરસ પહેલાં હું નોકરીમાંથી નિવૃત્ત થયો ત્યારે ઘરનાં કામોમાં પ્રવૃત્ત થઈ વાનપ્રસ્થાશ્રમના કાળમાં ગૃહસ્થાશ્રમનો ધર્મ પાળવાનો દિવ્ય વિચાર મનમાં સ્ફુર્યો. દિવ્ય વિચારો તો મને અનેક વાર સ્ફુરે છે; પણ સામાન્ય રીતે વિચારાવસ્થામાં જ દિવંગત થાય છે; પરંતુ એ વખતે દિવ્ય વિચારને વર્તનમાં અનુવાદિત કરવાની પ્રબળ ઈચ્છા મનમાં જન્મી. જાણે ગાંધીજીનો આત્મા મારા શરીરમાં પ્રવેશ્યો હોય તેમ પૂરી દઢતાથી મેં ઘોષણા કરી : 'હવે હું નિવૃત્ત થયો છું. હવે હું મારો બધો સમય ઘરનાં કામો કરવામાં ગાળીશ.' મારા મગજના સંતુલન વિશે તો સ્વજનોના મનમાં અવારનવાર શંકાનાં વાદળો ઘેરાય છે. પણ મારી આ ઘોષણા સાંભળી ખરે જ સૌ ડઘાઈ ગયા. કશુંય બોલવાની કોઈની સૂધબૂધ રહી નહીં. મેં ફરી કહ્યું, 'હું પૂરેપૂરા ભાનમાં છું. બિનકેફે ને બિનશરતે આ નિવેદન કરું છું. હું બધાના કરતાં ઘરકામમાં વધુ ભાગ લઈશ.'

મારા અંગેના ઘરનાના આજ સુધીના અનુભવ પરથી સૌ એટલું તો સમજી ગયા છે કે મને કોઈ ધૂન ઊપડે પછી એ ધૂનના માર્ગેથી મને ચલિત કરવાનું અશક્યવત્ છે; એટલે મને ઘરકામમાં જોતરવા અંગે સૌ સંમત થયા.

સૌપહેલાં પ્રાયોગિક ધોરણે શાક લાવવાની જવાબદારી સોંપાઈ. પરંતુ મારા લાવેલા શાકની ક્વૉલિટી અને એ શાક લેવા માટે મેં ખર્ચેલાં નાણાં વચ્ચેનો વ્યસ્ત સંબંધ જોતાં સર્વાનુમતે એમાં મારો મત પણ આવી ગયો. તાત્કાલિક અસરથી મને આ કામમાંથી મુક્ત કરી દેવામાં આવ્યો. જોકે, જે ભાવથી મને મુક્ત કરવામાં આવ્યો એ જોતાં મુક્તને બદલે 'બરતરફ' શબ્દ વધુ ઔચિત્યપૂર્ણ કહેવાય એ મારે કબૂલ કરવું જોઈએ.

આ પછી થોડો કાળ શાન્તિ રહી; પરંતુ એ શાન્તિ વધુ મોટું તોફાન લઈને આવી. એક ભીષણ પ્રભાતની પૂર્વસંધ્યાએ પુત્રવધૂએ પ્રસ્તાવ મૂક્યો : 'પપ્પા, પરમ દિવસે મહેમાનો જમવા આવવાના છે, એટલે મારે આવતી કાલે સવારે છ વાગ્યે શાક માર્કેટમાં શાક લેવા જવું છે. મમ્મીની તબિયત સારી નથી. તમે મારી સાથે આવશો?'

# કાર્યમાં સફળ થવા શ્રદ્ધા અને વિશ્વાસ ડગવા જોઈએ નહિ

અમેરિકાના ૪૪મા પ્રમુખ રહેલા બરાક ઑબામા (જન્મ તા. ૪થી ઑગસ્ટ, ૧૯૬૧)એ કહ્યું છે કે તમારે મનથી કોઈ કાર્ય કરવાનો નિર્ધાર કરવો જોઈએ અને ત્યાર બાદ એ કાર્ય કરવા માટે મન લગાવીને જોડાઈ જવું જોઈએ. સફળતા મળવાથી તમને કોઈ રોકી શકે નહિ.

મનનો વિશ્ર્વાસ અને તમારો ખુદ ઉપરનો વિશ્ર્વાસ અગત્યનો છે. હિન્દી ગીતની પંક્તિ જાણીતી છે કે ઈતની શક્તિ હમેં દેના દાતા, મન કા વિશ્ર્વાસ કમજોર હો ના... એક નાનકડી પ્રેરક કથા છે. એક ગામમાં વરસાદ રિસાયો હતો. બહારગામથી પસાર થઈ રહેલો એક માણસ ગામના પાદરે રોકાયો ત્યારે તેને ખબર પડી કે ગામમાં વરસાદ ખેંચાયો છે એટલે ગામના લોકો વરસાદની રાહ જોઈ જોઈને દુઃખી થઈ ગયા છે.આગંતુક માણસે ગામના અગ્રણી લોકોને પાદરમાં એકત્ર કરીને જાહેર કર્યું કે પોતે ગામમાં વરસાદ પડે એ માટે એટલું કરી શકે એમ છે કે વરસાદ નહિ પડે ત્યાં સુધી હું અહીં પાદરમાં દિવસ-રાત જોયા વિના ભૂખ્યો અને તરસ્યો નાચતો રહીશ.ગામના લોકોએ શરૂઆતમાં તો આવું આકરું તપ કરવાની ના જ પાડી પરંતુ પછીથી પેલા માણસના અડગ નિર્ધાર સામે સૌ ઝૂકી ગયા. આમ પેલો માણસ તો દિવસ-રાત જોયા વિના અને ખાધા-પીધા વિના નૃત્ય કરવા લાગ્યો. જ્યાં સુધી વરસાદ ના પડ્યો ત્યાં સુધી જાણે કે તેણે નૃત્ય-સાધના ચાલુ જ રાખી. અંતે તેના મનોબળ, આત્મબળનો વિજય થયો અને વરસાદ પડ્યો. ગામના લોકોના ચહેરા ખુશ જોઈને તે માણસ તો ગામ છોડીને બીજે જવા નીકળી ગયો.આ વાતને થોડા વર્ષ વીતી ગયા. ફરી એક વાર આ જ ગામમાં એ માણસ પાછો ફરતી વખતે રોકાયો તો એક ગામવાસીએ આવીને સવાલ કર્યો કે તમે નૃત્ય-સાધના કરી અને વરસાદ પડ્યો હતો પરંતુ મેં વરસાદની આશામાં નાચવાનું શરૂ કર્યું તેમ છતા વરસાદ પડ્યો નહિ અને આખરે મેં થાકીને નૃત્ય બંધ કરી દીધું હતું. આમ કેમ?પેલા માણસે જવાબ આપતાં કહ્યું કે તમારા સવાલમાં જ જવાબ છુપાયેલો છે. મેં વરસાદ પડ્યો નહિ ત્યાં સુધી નૃત્યનું તપ ચાલુ રાખ્યું હતું અને તમે તો વરસાદ ના આવ્યો એટલે અધવચ્ચે થી જ થાકીને નૃત્ય બંધ કરી દીધું. કોઈ પણ કાર્યમાં સફળતા ના મળે ત્યાં સુધી તમારી શ્રદ્ધા અને વિશ્ર્વાસ ડગી જવા જોઈએ નહિ. તમારે થાકવાનું કે હારવાનું નથી પણ સફળતા માટે ઝઝૂમવાનું છે. મનનો વિશ્ર્વાસ રાખવાનો છે.બરાક ઑબામા સને ૨૦૦૯થી સને ૨૦૧૭ સુધી અમેરિકાના પ્રમુખપદે રહ્યા. તેઓ કોલમ્બિયા કોલેજ અને હાર્વર્ડ લૉ સ્કૂલમાં ભણ્યા છે. તેમની પાસે પોતાના જીવનના અનુભવોનો નિચોડ છે. સામાન્ય પરિવારના અને સામાન્ય જિંદગી જીવીને તેઓ પોતાના દેશના સર્વોચ્ચ સ્થાન સુધી પહોંચ્યા હતા અને આજે હવે ફરી એક વાર સાવ સામાન્ય જિંદગી જીવી પણ રહ્યા છે.

તેમણે પોતાના બાળપણની ગરીબી વિશે વાત કરી છે કે હું બે વર્ષનો હતો ત્યારે મારા પિતાએ મારી માને અમને બાળકો સહિત છોડી દીધા હતા. હું નાનો હતો ત્યારે થોડા વર્ષો અમે ઈન્ડોનેશિયામાં રહ્યા હતા. અહીં અમેરિકન બાળકો જે સ્કૂલમાં ભણવા જતા હતા એ સ્કૂલમાં ભણવા મને મોકલી શકાય એટલા પૈસા મારી મા પાસે નહોતા. આથી તે મને ઘરે જ ભણાવતી. સોમવારથી શુક્રવાર સવારે સાડાચાર વાગે મા મને ઉઠાડી દેતી અને ભણાવતી. વહેલા ઊઠવાનું કોને ગમે? આથી ઘણી વાર તો ઊઠી ગયા પછી પણ હું કિચનમાં ટેબલ ઉપર પાછો સૂઈ જતો. મૂળ વાત મારે એ કહેવી છે કે શિક્ષણથી જ તમે જે ચાહો એ પ્રાપ્ત કરી શકો છો. જો શિક્ષણ નથી તો બીજું બધું જ મેળવ્યું હોય તો પણ એનો કોઈ અર્થ નથી.પ્રમુખ સ્વામી મહારાજે કહ્યું છે કે આપણો જન્મ બે વાત સિદ્ધ કરવા સારું થયો છે, એક તો અક્ષરરૂપ થવું અને બીજું કે પુરુષોત્તમમાં જોડાવું. અક્ષરરૂપ થવું એટલે કે ભગવાનમાં ધ્યાન કેન્દ્રિત કરવું અને પુરુષોત્તમમાં જોડાવું એટલે કે ભગવાનમાં સંપૂર્ણ શ્રદ્ધા સાથે જોડાઈ જવું, સદાય જોડાયેલા રહેવું.જોય ઑફ ગિવિંગ એટલે આપવાનો આનંદ. અન્ય લોકોને જેટલું આપીએ અને વહેંચીએ એટલી ખુશી આપણને જ મળતી રહે છે. પ્રેમ આપવાથી આપણી ભીતર રહેલા પ્રેમ યાને હકારાત્મકતામાં જ વધારો થતો રહે છે. જેને પ્રેમ આપીએ છીએ તેના માટે સમર્પિતભાવ, બલિદાનની ભાવના આપોઆપ પ્રગટ થાય છે. પ્રેમ પણ અર્પણ કરતાં શીખવે છે, એમાં પણ આપવાનો આનંદ છે. પ્રેમમાં બદલાની અથવા કશુંક પાછું મેળવી લેવાની અપેક્ષા હોઈ શકે નહિ.કાર્ય કોઈ પણ હોય, એમાં આપણો લગાવ અને આપણું ધ્યાન હોવું જોઈએ. ધ્યાન આપવામાં ન આવે તો કોઈ કાર્ય પરિપૂર્ણ થઈ શકે નહિ. પ્રેમની લાગણી મન-હૃદય સમજતું હોય છે. પ્રેમમાં રંગાઈ જવાની વાત ન્યારી છે. સૂફીવાદમાં પણ એકમેકના રંગે રંગાઈ જવાનું કહેવાયું છે. પ્રેમ અધિકાર જન્માવે છે, પ્રેમમાં સ્નેહભાવનું સાયુજ્ય રચાયું હોય છે. લાગણીના સંબંધમાં અધિકારપૂર્વક વ્યક્ત થઈ શકાય છે. સંબંધની નિખાલસતામાં કોઈ સંકોચ રહેતો નથી. પ્રેમ એટલે એકબીજાને સમજવાની વૃત્તિ અને શક્તિ. આ રીતે પ્રેમમાં વિનય અને વિવેક પણ ભળે છે.પ્રેમ આજ્ઞાંકિત રસ્તો અપનાવે છે. પ્રેમ સામી વ્યક્તિનો અને એના સમગ્ર વ્યક્તિત્વનો પણ સ્વીકાર કરે છે. પ્રેમમાં અનાદર કે અવિવેક આવતો નથી. જો વ્યવહારમાં અવિવેક અને અનાદર હોય તો એવો સંબંધ પ્રેમ છે જ નહિ. પ્રેમનો માર્ગ અત્યંત વિકટ છે. પ્રેમગલી અતિ સાંકરી, જા મેં દો ન સમાય...જો અહમનો ટકરાવ થાય તો એમાં વ્યક્તિગત મહાનતા દર્શાવવાનો ભાવ પ્રવેશી જાય છે.ખરેખર તો પ્રેમ વ્યક્તિને નમ્ર બનાવે છે. વ્યક્તિત્વમાં નમ્રતા જોવા મળે તો સમજવું કે વ્યક્તિ પ્રેમરંગે રંગાયેલો છે. આજ્ઞાકારી પ્રેમ પ્રિયજનની વાત માને છે. પ્રિયજનની દરેક વાતમાં સહમત થાય એ પ્રેમ છે. વ્યક્તિની દરેક વાતમાં વાંધા કાઢીને વિરોધ કરનાર વ્યક્તિ પ્રેમ કરી શકે નહિ. વ્યક્તિમાં રહેલી નકારાત્મકતા અને વિરોધાભાસ સમજીને તેનાથી અંતર રાખી લેવું પડે.પ્રેમ હોય તો વિરહ પણ હોય જ. વિરહાગ્નિમાં સળગ્યા વિના પ્રેમનું સોનું પાર ઊતરી શકે નહિ. પ્રેમની પરીક્ષા એટલે જ વિરહ. વિરહમાં પ્રેમ ફરિયાદી બની જતો હોય છે. પ્રેમમાં યાચના અથવા ભિક્ષુકપણું હોઈ શકે નહિ. પ્રેમમાં કશું માગવાનું હોતું નથી, હંમેશાં આપવાનું નામ પ્રેમ.મશહૂર હાસ્યકાર ચાર્લી ચેપ્લિને પોતાના બાળપણનો પ્રસંગ કહ્યો છે કે હું નાનો હતો ત્યારે મારી મા સ્ટેજ ઉપર ગાવાનું કામ કરીને પૈસા કમાતી અને અમારા ગરીબ પરિવારનું ગુજરાન ચાલતું. મોટા ભાગે સૈનિકો સ્ટેજ પ્રોગ્રામ જોવા આવતા. વર્ષોથી બીમાર માનો અવાજ એક દિવસ ચાલુ પ્રોગ્રામે તરડાવા લાગ્યો. બીજી તરફ માનો બદલાયેલો અથવા બેસૂરો અવાજ સાંભળીને ઑડિયન્સ તો તાળીઓ પાડવા લાગ્યું, હસવા લાગ્યું અને સ્ટેજ તરફ છૂટા પૈસાનો વરસાદ કરવા લાગ્યું. એક તબક્કે થાકેલી મા સ્ટેજ પર બેસી પડી અને સ્ટેજ મેનેજરે મને બેક-સ્ટેજમાંથી ધક્કો મારીને સ્ટેજ ઉપર ધકેલી દીધો. હું બીજું તો શું કરી શકું? મેં તો બીમાર માના બેસૂરા અવાજની નકલ કરીને ગાવા માંડ્યું તો ફરીથી પ્રેક્ષકો ખુશ થઈને તાળીઓ પાડવા લાગ્યા. હું જીવનનો સારાંશ સમજી ગયો કે પોતાના દુઃખ અને પીડામાંથી જે પ્રગટ થાય છે તે લોકો માટે હાસ્ય બની જાય છે.



## મોબાઇલ આવી ગયા ગયા અસલી મુદ્દા પર ધ્યાન જતુ જ નથી

# કોર્પોરેટથી પહેલા ખેડુતો મજબુત બને

દેશમાં ખેડુતોની સ્થિતીને વધુને વધુ મજબુત કરવાની જરૂર ચોક્કસપણે દેખાઇ રહી છે. તમામ લોકો આ બાબત તો સ્વીકાર કરે છે કે આજે ખેડુતોની તુલનામાં કોર્પોરેટ જગત સાથે જોડાયેલા લોકોને વધારે રાહત મળી રહી છે. તેમને વધારે મજબુત કરવાના પ્રયાસ તમામ સ્તરે થઇ રહ્યા છે. ખેડુતોને મજબુત કરવાના પ્રયાસ પણ થઇ રહ્યા છે પરંતુ તેની ગતિ જે પ્રકારની છે તે ખુબ ઉદાસીન કરનાર છે. કોર્પોરેટ કરતા પહેલા ખેડુતોની સ્થિતીને વધારે મજબુત કરવાની જરૂર છે. થોડાક મહિના પહેલા જ મહારાષ્ટ્રમાં ખેડુતોએ ગુસ્સામાં આવીને પોતાની શાકભાજી બરબાદ કરી નાંખી હતી. સેંકડો લીટર દુધ માર્ગો પર ઢોળીને નારાજગી વ્યક્ત કરવામાં આવી હતી. વિચારણા કરવા જેવી બાબત છે કે સુ ૫૦ પૈસા કિલો ટામેટા મળી શકે છે. હેરાન કરનાર બાબત છે કે ખેડુતોને આજ ભાવ મળી રહ્યા હતા. વિચારણા કરી શકાય છે કે ખેતી કરવા અને તે પહેલાની તમામ તૈયારી કરવામાં કેટલો ખર્ચ થઇ જાય છે. શુ આ ક્રુર મજાક નથી કે સરકાર તેમની પાસેથી ૫૦ પૈસા કિલોના ભાવે ટામેટા અને ડુંગળીની ખરીદી કરે છે. જ્યારે આજ શાકભાજી આરગેનિક દુકાનોમાં ૫૦થી ૧૦૦ ગણા ભાવથી વેચી દેવામાં આવે છે. કેન્દ્ર અને રાજ્ય સરકારો પણ સ્ટાર્ટ અપ શરૂ કરનાર ભણેલા યુવાનોને તો જુદા જુદા પ્રકારની રાહત આપે છે પરંતુ ખેડુતો



પ્રત્યે હંમેશા ઉદાસીન રહે છે. જ્યાં સુધી ખેડુતોની લોન માફીની વાત છે ત્યાં સુધી આ બાબત તો માત્ર દેખાવવા પુરતી છે. અલબત્ત આની આડમાં ખાનગી કંપનીઓ જેમાં વીમા કંપનીઓ અને અને બેંક સામેલ છે.આ તમામને જંગી નફો આપીને માલામાલ કરવામાં આવે છે. અસલમાં ખેડુતોને મજબુત કરવામાં આવે તે જરૂરી છે. જો ખેડુતોને મજબુત કરાશે તો જ વધારે સારા પરિણામ મળશે. ખેડુતો આવા પાક પૈદા કરી શકશે જે માત્ર સસ્તી જ રહેશે નહીં બલ્કે તેમાં પૌષક તત્વો પણ વધારે પ્રમાણમાં રહેશે. કારણ કે ગામના ખેડુતો પોતાના પાકને નષ્ટ કરી શકે છે. પરંતુ પાકને કેમિકલમાં મિક્સ કરીને વેચી દેવાની હિમ્મત કરશે નહીં. સરકારને સમજી લેવાની જરૂર છે કે દેશના નાગરિક રાષ્ટ્રના વિકાસમાં એ વખતે જ જ ભરપુર યોગદાન આપી શકે છે જ્યારે તે શરીરથી મજબુત હોઇ શકે છે. આના માટે પૌષ્ટિક ભોજન કુબ જરૂરી છે. પૌષ્ટિક ભોજન ખેડુત જ આપી શકે છે. કોર્પોરેટ જગત આ કામ કરી શકે નહીં. જેથી ખેડુતોને વધારે રાહત પહેલા મળે તે જરૂરી છે. કેટલીક ચીજો એવી પણ હોવી જોઇએ. જેની સાથે કોઇ બાંધછોડ થવી જોઇએ નહીં. ભોજનની ક્વાલિટી

પણ આમાં એક ચીજ છે. કારણ કે આજ ભોજન અમને જીવિત રાખે છે. અમને જુદા જુદા રોગ સામે લડવામાં તાકાત આપે છે.

તંત્રી લેખ...

ગુરૂવાર, તા. ૦૧ જાન્યુઆરી ૨૦૨૬

# મજબૂરી કોની?

જેની કલ્પના પણ ન થઈ શકે એવાં સમીકરણો નગર પાલિકાની ચૂંટણીઓના પગલે રાજ્યમાં સર્જાઈ રહ્યાં છે. લગભગ બે દાયકાનું રાજકીય વૈમનસ્ય ભૂલી ઠાકરે બંધુઓ સાથે આવ્યા છે. તો, પુણે તથા પિંપરી-ચિંચવડમાં શરદ પવાર અને અજિત પવારની કાકા-ભત્રીજાની જોડીએ હાથ મિલાવ્યા છે. તો, અત્યાર સુધી કૉંગ્રેસ જેને ભાજપની બી ટીમ ગણાવતી હતી, એ વંચિત બહુજન આઘાડી-પ્રકાશ આંબેડકર સાથે ગઠબંધન કરવાનું ઠરાવ્યું છે અને પચીસ વર્ષ બાદ તેઓ સાથે ચૂંટણી લડશે. તો, ભાજપ-શિવસેનાની યુતિનો નિર્ણય પણ છેલ્લી ઘડી સુધી અધ્ધરતાલ હતો. વળી, બધા જ પક્ષોને બંડખોરીની ચિંતા પણ એકસરખી હોવાથી, ઉમેદવારીપત્રક ભરવામાં છેલ્લે સુધી સસ્પેન્સનું પ્રમાણ પણ ખાસ્સું જોવા મળ્યું. વળી, છેલ્લા થોડા મહિનાઓમાં સ્થાનિક સ્તર પર એક પક્ષના નેતા-કાર્યકર્તાઓને પોતાની તરફ ખેંચી લેવાની દોડમાં મિત્રપક્ષોએ પણ યુતિધર્મ કે આઘાડી અસ્મિતાને નેવે મૂકી દીધી હતી.કૉંગ્રેસ અને પ્રકાશ આંબેડકર તો છેલ્લાં વીસ વર્ષથી લગભગ દરેક લોકસભા કે વિધાનસભા ચૂંટણીમાં સાથે આવશે એવી વાતો ચગતી, પણ પછી આંબેડકર કંઈક અટકચાળું કરતાં કે કૉંગ્રેસ અને રાષ્ટ્રવાદી માટે તેમને સાથે લેવાનું અશક્ય થઈ જતું. એક તબક્કે તો કૉંગ્રેસે પ્રકાશ આંબેડકરના આ વલણ વિશે કહ્યું કે વંચિત બહુજન આઘાડી ભાજપની બી ટીમ છે અને તેમને લાભ થાય એ માટે જ આંબેડકર વિચિત્ર માગણીઓ કરે છે. આંબેડકરનું અકોલા સહિત વિદર્ભ અને મરાઠવાડામાં સારું ઊપજે છે અને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં સુશીલકુમાર શિંદે અને અશોક ચવ્હાણ સહિત કૉંગ્રેસ-રાષ્ટ્રવાદીના નવ ઉમેદવારોને મત વિભાજનને કારણે હારનું મોઢું જોવાનો વારો આવ્યો હતો. આમાંથી બોધ લેતાં કૉંગ્રેસે વિધાનસભા ચૂંટણી વખતે ગઠબંધન માટે હાથ લંબાવ્યો હતો, પણ એ વખતે આંબેડકરે પોતાની શક્તિને વધુ પડતી આંકી અને પ્રસ્તાવ ઠુકરાવી દીધો. એ પછી વંચિત બહુજન આઘાડીનો વોટ-શૅર ઘટ્યો, પણ તેના ઉમેદવારોને કારણે કૉંગ્રેસ-રાષ્ટ્રવાદીને નુકસાન થયું. ૨૦૨૪માં આંબેડકરે સામે ચાલીને યુતિ કરવાની તૈયારી દેખાડી, પણ જે બેઠકો તેમણે માગી એ આપવાનું કૉંગ્રેસ માટે શક્ય નહોતું, આથી ફરી વાર ફાચર પડી. જોકે, આ વખતે શિવસેના (ઉબાઠા)એ રાજ ઠાકરેની મનસે સાથે હાથ મિલાવ્યા હોવાથી કૉંગ્રેસને એકલા લડવાની ફરજ પડી, આથી તેમણે વંચિત બહુજન આઘાડીને મુંબઈ મહાનગર પાલિકાની પચીસ ટકા એટલે કે ૬૨ બેઠકો ફાળવી છે. જોકે, કૉંગ્રેસને આનાથી કેવો લાભ થશે એ પ્રશ્ન છે, કેમ કે કાકા-ભત્રીજા અને ઠાકરે પિતરાઈઓના મતો એકમેકના પક્ષને મળવામાં બહુ વાંધો નહી આવે, પણ દલિત મતોનું ધ્રુવીકરણ કરવા માટે આંબેડકરને સાથે લેવાનો કૉંગ્રેસનો દાવ લાગે છે. જોકે, એમાં પણ તકલીફ એ છે કે પ્રકાશ આંબેડકર એવા જનનેતા નથી કે તેમના અવાજ પર આ મતોનું ધ્રુવીકરણ થાય. શિવસેનાનો પારંપરિક મતદાતા વિધાનસભા ચૂંટણીમાં કૉંગ્રેસ તરફ વળ્યો નહોતો, આથી કૉંગ્રેસે આ દાવ ખેલ્યો લાગે છે, કેમ કે ગુમાવવાનું તો કંઈ છે નહી.

# દહેરાદૂનનો હચમચાવતો બનાવ

દહેરાદૂનમાં પૂર્વોત્તરના એક યુવાનને તેના ચીની જેવા ચહેરાને લીધે નિશાન બનાવીને નિર્મમ હત્યા કરી નાખવાના બનાવે આખા દેશને હચમચાવી મૂક્યો છે. ખાસ તો આ હત્યારી વંશીય વિચારધારાએ ઉત્તર-પૂર્વના રાજ્યોમાં ભારે રોષ જગાવ્યો છે. દેશની એકતા અને અખંડિતતાની સામે જોખમરૂપ આ બનાવે ફરી એક વખત આવા વિચારો અને આચરણની સામે કડક કાયદાની માંગ જાગૃત કરી છે. દેશના અમુક ભાગના નાગરિકોને પોતે ભારતીય હોવાની સાબિતી આપવાની વારંવાર જરૂરત ઊભી થતી હોવાની હકીકત ખરા અર્થમાં શરમજનક છે. દહેરાદૂનમાં રહીને છેલ્લાં એક વર્ષથી એમબીએનો અભ્યાસ કરી રહેલા ત્રિપુરાના એન્જલ ચકમાની હત્યા કરાઈ હતી. નવમી ડિસેમ્બરે પોતાના ભાઈની સાથે બજાર ગયેલા એન્જલની સામે અમુક જણે વાંધાજનક ટિપ્પણી કરી હતી. ૨૪ વર્ષના એન્જલે પોતે ચીની ન હોવાનો ખુલાસો કરીને વિરોધ કર્યો હતો, ત્યારે આરોપીઓએ તેમની ઉપર ચાકુથી હુમલો કરી નાખ્યો હતો. પોતે ભારતીય છે એમ કહેતા રહેતા એન્જલને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા, જ્યાં તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. સ્વાભાવિક રીતે આ બનાવથી ત્રિપુરા ઉપરાંત ઉત્તર-પૂર્વના રાજ્યોમાં ભારે રોષ વ્યાપ્યો છે. આ અગાઉ પણ દિલ્હી સહિત દેશના ભાગોમાં આ વિસ્તારના નાગરિકોને તેમના ચહેરાને લીધે વંશીય હિંસા અને વાંધાજનક ટિપ્પણીનો સામનો કરવો પડયો છે, પણ દહેરાદૂનના બનાવે આ વરવી માનસિક્તાના લોહિયાળ ચહેરાને છતો કર્યો છે. ૨૦૨૧માં થયેલા એક સર્વેક્ષણ મુજબ ઉત્તર-પૂર્વના ૭૮ ટકા લોકોએ સ્વીકાર્યું હતું કે, તેમના ચહેરા મોહરાને લીધે તેમને નિશાન બનાવાય છે. આ માનસિક્તા બતાવે છે કે, દેશના બાકીના ભાગના લોકો ઉત્તર-પૂર્વના રાજ્યો અંગે બહુ ઓછી માહિતી ધરાવે છે. દહેરાદૂન જેવા બનાવ સમયે દરેક વખતે કડક કાર્યવાહીની વાતો થાય છે, પણ તેમાંથી ખરો બોધપાઠ લઈને આવી માનસિક્તાને રોકવા કોઈ ધ્યાન અપાતું નથી. એન્જલનાં મોત બાદ સંખ્યાબંધ સંગઠનોને દેશમાં વંશીય આચરણની વિરુદ્ધ કડક કાયદાની માંગ કરી છે. ખેરખર આવો કાયદો હવે અનિવાર્ય બની ગયો હોય તેમ જણાય છે. આમે આ માનસિક્તા દેશની એકતા અને અખંડિતતાની ભાવનાની સામે જોખમરૂપ બની ગઈ છે. આની સાથોસાથ દેશભરના નાગરિકોને ઉત્ત-પૂર્વના લોકોના ચહેરા મોહરાની ખાસિયતથી માહિતગાર કરીને આવા બનાવ રોકવામાં સક્રિય બનવાની તાતી જરૂરત છે.

**૨૦૨૧માં થયેલા એક સર્વેક્ષણ મુજબ ઉત્તર-પૂર્વના ૭૮ ટકા લોકોએ સ્વીકાર્યું હતું કે, તેમના ચહેરા મોહરાને લીધે તેમને નિશાન બનાવાય છે.**

**વીતેલાં વર્ષમાં સર્વત્ર અશાંતિ, અરાજકતા અને યુદ્ધની હવા ફેલાઈ છે.**

# નૂતન વર્ષ સુખ-શાંતિ આપશે?

## હવે આગામી ફેબ્રુઆરીમાં ચૂંટણી પાર પડે અને અનિશ્ચિતતા દૂર થાય એવી આશા રાખીએ.પાકિસ્તાનને સંબંધ છે

સંપાદકીય.. કુન્દન વ્યાસ : ઈશુનું નવું વર્ષ ૨૦૨૬ ભારત માટે સલામતી અને વિકાસનું બની રહે એવી આશા - વિશ્વાસ સાથે શરૂ થાય છે. આંતરરાષ્ટ્રીય તખતા ઉપર ડામાડોળ સ્થિતિ છે. સંજોગ અને સંબંધ બદલાઈ રહ્યા છે. આપણા પાડોશી દેશોમાં પણ અરાજકતા અને અશાંતિ છે, ત્યારે ભારત આ સ્થિતિમાં સલામત અને વિકાસશીલ છે. ભારતનું અર્થતંત્ર સાબૂત છે. વડાપ્રધાન મોદીએ સુધારાની ગાડી વધુ ગતિશીલ બનાવવાની ઘોષણા કરી છે. અર્થતંત્ર મજબૂત અને ભારતની સેના સશક્ત-સાવધાન હોવાથી આપણો આત્મવિશ્વાસ વધે છે અને આત્મનિર્ભર ભારતનું નિર્માણ ઝડપી બની રહ્યું છે. વિદેશી આર્થિક-વ્યાપારી પડકાર અને પાડોશી દેશની ધમકીઓમાં - સ્વદેશી વિપક્ષો સૂર પુરાવી રહ્યા છે, પણ જનતા મોદીને સમર્થન વધારી રહી છે. નક્સલવાદ અને ઘૂસણખોરીનો અંત લાવવાની ઘોષણા નરેન્દ્રભાઈ મોદી તથા કેન્દ્રીય ગૃહપ્રધાન અમિતભાઈ શાહે કરી છે, તે સિદ્ધ થતાં આર્થિક વિકાસ હરણફાળ ભરશે એવો વિશ્વાસ આપણને પણ છે.

વીતેલાં વર્ષમાં સર્વત્ર અશાંતિ, અરાજકતા અને યુદ્ધની હવા ફેલાઈ છે. બીજાં વિશ્વયુદ્ધ પછી વિશ્વની યુવા પેઢીને માત્ર ફિલ્મોમાં લડાઈનાં દશ્યો જોવા મળતાં હતાં, પણ હવે નજર સામે યુદ્ધ જોવા મળે છે! આતંકવાદી સરકારો પણ છે! વિશ્વયુદ્ધનાં વાદળ ઘેરાયાં છે અને ભણકારા વાગી રહ્યા છે ત્યારે સર્વત્ર અસલામતીનું વાતાવરણ છે. મહાસત્તાઓ સામસામે ધમકીઓ આપે છે. વિશ્વ જાણે ધ્રુજારી અનુભવી રહ્યું છે, ત્યારે ઈશુનું નવું વર્ષ - ૨૦૨૬ કેવા ભવિષ્યની આશા આપે છે ? નૂતન વર્ષ સુખ-શાંતિ આપશે?સલામતી અને શાંતિ માત્ર સરહદની નહી - આર્થિક અને માનસિક પણ હોવી જોઈએ. 'વિશ્વમાં મુક્ત વ્યાપાર-ગ્લોબલાઈઝેશન શરૂ થયા પછી હવે તૂટી ગયું છે ! અમેરિકાએ ટેરિફ વોર શરૂ કર્યા પછી વિશ્વ જાણે વેરવિખેર થઈ રહ્યું છે. અમેરિકા અને યુરોપમાં અન્ય દેશોના લોકોને પ્રવેશ અને આવકાર મળતો હતો. ભારતના શિક્ષિત યુવાવર્ગ વસાહતી બન્યા અને વિકાસમાં યોગદાન આપ્યું. હવે 'અમેરિકા ફર્સ્ટ' છે ! ઉપપ્રમુખ વાન્સ તો કહે છે : ખ્રિસ્તી ધર્મીઓને બચાવવા જોઈએ. વસાહતીઓ નોકરી-ધંધા ખૂંચવીને સ્થાનિક લોકોને બેકાર બનાવે છે ! યુરોપમાં પણ વસાહતીઓ સામે અણગમો અને આક્રોશ વધી રહ્યો છે. અલબત્ત, આ સ્થિતિ માટે વસાહતીઓનો એક વર્ગ જવાબદાર હોવાથી 'ધર્મ-યુદ્ધ'ની ધમકીઓ અપાઈ રહી છે.પ્રમુખ ટ્રમ્પે 'રશિયાને પાઠ' ભણાવવા માટે ભારત ઉપર દબાણ શરૂ કર્યું. પાકિસ્તાનના મુનીરની પીઠ થાબડી અને હાથ પકડયા છે, પણ ટ્રમ્પ ચીન ઉપર દબાણ કરી શકતા નથી. યુક્રેન ઉપરનું રશિયન આક્રમણ ગંભીર તબક્કામાં છે - હવે યુદ્ધવિરામ અને શાંતિ માટે પ્રયાસ થઈ રહ્યા છે, પણ વિશ્વને ડામાડોળ કરીને ટ્રમ્પ હવે શાંતિના નેતા બન્યા છે!વિશ્વની આ સ્થિતિ અને બદલાતા રાજદ્વારી સંબંધમાં ભારતે સ્વદેશનાં સલામતી અને સન્માન જાળવ્યાં છે. રાજદ્વારી સમતુલા પણ જાળવી છે. આપણા પાડોશી દેશ - નેપાળ અને બાંગલાદેશમાં સરકારો સત્તાભ્રષ્ટ થયા પછી હિંસાચાર વધ્યો છે. અનિશ્ચિતતાનો અંત ૨૦૨૬માં આવશે એવી આશા રાખીએ, પણ બાંગલાદેશમાં હિન્દુવિરોધી પ્રચાર કરાવ્યા પછી પાકિસ્તાન ઈતિહાસ બદલવા માગે છે. હવે આગામી ફેબ્રુઆરીમાં ચૂંટણી પાર પડે અને અનિશ્ચિતતા દૂર થાય એવી આશા રાખીએ.પાકિસ્તાનને સંબંધ છે ત્યાં સુધી - ત્યાંની આંતરિક સ્થિતિ અને મુનીર સામે જાગેલા વિરોધને કચડી નાખવા માટે ભારત ઉપર આક્રમણ કરે એવી વકી છે. અલબત્ત, ભારત સાવધાન અને શક્તિમાન છે - પણ આપણા સ્વદેશી - વિપક્ષી નેતાઓને ભારત અને ભારતીય સેનાનું ગૌરવ નથી ! પણ ભારતની આમજનતા જાગૃત છે. વડાપ્રધાન મોદીને પ્રચંડ સમર્થન છે. વર્ષ ૨૦૨૫માં દિલ્હી અને બિહાર વિધાનસભાની ચૂંટણી જીત્યા પછી વર્ષ ૨૦૨૬ ચૂંટણીનું વર્ષ છે. એપ્રિલ અને મે મહિના દરમિયાન ચાર રાજ્યો - તામિલનાડુ, કેરળ, પશ્ચિમ બંગાળ અને આસામમાં વિધાનસભાઓની ચૂંટણી છે. આ ચાર રાજ્યોમાં માત્ર એક - આસામમાં અત્યારે ભાજપનું શાસન છે. મહારાષ્ટ્રમાં સ્થાનિક સંસ્થાઓ અને મુંબઈ સુધરાઈની ચૂંટણી ઉપર સૌની નજર કેન્દ્રિત થઈ છે. મહારાષ્ટ્રભરમાં ભાજપનો ઝંડો ફરક્યા પછી હવે મુંબઈ ઉપર ઘણો આધાર છે. મહારાષ્ટ્રમાં વિપક્ષી ઈન્ડિ મોરચો વેરવિખેર છે અને રાષ્ટ્રીય કક્ષાએ રાહુલ ગાંધીની નેતાગીરીની નિષ્ફળતાની ચર્ચા છે. સંસદમાં એનડીએ સરકાર સલામત છે. હવે રાજ્યસભામાં ૭૨ બેઠક ખાલી થઈ રહી છે તેની ચૂંટણી થાય, પણ ભાજપની સભ્ય સંખ્યા ૧૦૩ છે, તેમાં વધારો થશે.વીતેલાં વર્ષમાં રાહુલ ગાંધીએ 'વોટ ચોરી'નો મુદ્દો ઉછાળ્યો. એમને વિદેશી પીઠબળ છે પણ ફાવ્યા નથી. હવે કોંગ્રેસ અને વિપક્ષી સરકારો- કેરળ, બંગાળ અને તામિલનાડુમાં પ્રાદેશિક પક્ષો સાથે સમજૂતી થાય, તો પણ સત્તાની ભાગીદારી થવા બાબત શંકા છે.ભારતમાં બાંગલાદેશી ઘૂસણખોરો ચૂંટણીમાં 'મતદાતા' પણ બની ગયા છે. હવે એમને વીણીવીણીને પાછા ધકેલવાનું અભિયાન ભાજપ અને કેન્દ્ર સરકારે શરૂ કર્યું છે. બાંગલાદેશમાં હિન્દુઓ ઉપરના અત્યાચારો જોઈને પશ્ચિમ બંગાળ તથા અન્ય રાજ્યોમાં પણ સનાતન ધર્મીઓની જાગૃતિ અને એકતા મજબૂત થઈ રહી છે.ભારતમાં દાયકાઓથી નક્સલવાદી હિંસાનો ભોગ સ્થાનિક લોકો બની રહ્યા છે. વિકાસ પણ અવરોધાયો છે, પણ ગૃહપ્રધાન અમિતભાઈ શાહે માર્ચની આખર સુધીમાં નક્સલવાદને આખરી વિદાય આપવાની ઘોષણા કરી છે. વિદેશી અને સ્વદેશી આતંકવાદનો અંત-આખરી અંજામ હવે દૂર નથી.ઈશુનાં વીતેલાં વર્ષમાં કસોટી અને કટોકટીનો અનુભવ હકીકતમાં સફળ પ્રતિકાર કર્યા પછી શરૂ થયેલાં ૨૦૨૬માં ભારત એક મક્કમ આત્મવિશ્વાસ સાથે પ્રવેશ કરે છે. વીતેલાં વર્ષે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વાતંત્ર્યદિને લાલ કિલ્લા ઉપરથી આહ્વાન કર્યું હતું - કલ હમારા હૈ... આજે આપણે કહી શકીએ આજ હમારા હૈ, આનેવાલા કલ ભી હમારા હૈ... ૨૦૨૫માં આપણે ઘણા પડકારો જોયા છે. આતંકવાદ ઉપરાંત આપણા નિકાસ વ્યાપાર સામે પણ 'આતંકવાદ'ની શરૂઆત થઈ છે, પણ ભારતે ડિપ્લોમસી - આંતરરાષ્ટ્રીય વિદેશનીતિમાં પણ સફળ સંરક્ષણાત્મક પગલાં ભર્યાં છે. ભારતની આ સફળતાના મૂળમાં નિર્ણય શક્તિમાન નેતૃત્વ છે. વીતેલાં વર્ષે અમેરિકી પ્રમુખ ટ્રમ્પે શરૂ કરેલા ટેરિફ આક્રમણનો પ્રતિકાર કરવા માટે આપણે અન્ય દેશો સાથે દ્વિપક્ષી વ્યાપાર કરાર કરીને નિકાસ વ્યાપાર માટે નવાં બજાર નિશ્ચિત કર્યાં છે. હવે અમેરિકી પ્રમુખને પણ ખાતરી થઈ છે કે ભારતનું અર્થતંત્ર મજબૂત છે. આજે જાપાનથી પણ વધુ સમૃદ્ધ અને શક્તિશાળી ભારતનું અર્થતંત્ર છે. વડાપ્રધાન મોદીએ આર્થિક સુધારાને વધુ ગતિમાન બનાવવાની ઘોષણા કરી છે. મોદી સરકારે નિયંત્રણો દૂર કરીને સહકાર-સહયોગની નીતિનો અમલ કર્યો છે. યુવા ભારત માટે વિકાસના માર્ગ ખોલ્યા છે અને સુધારાની ગાડી - રિફોર્મ એક્સ્પ્રેસ - પૂરપાટ દોડાવવાની ખાતરી આપી છે. નિયંત્રિત અર્થતંત્રના સ્થાને નાગરિકોમાં વિશ્વાસ જાગે અને પ્રેરાય એવાં પગલાં ભર્યાં છે. ધ્યેય એક જ છે : સમૃદ્ધ અને આત્મનિર્ભર ભારતનું નિર્માણ.

**ભારતમાં દાયકાઓથી નક્સલવાદી હિંસાનો ભોગ સ્થાનિક લોકો બની રહ્યા છે. વિકાસ પણ અવરોધાયો છે**

# આનેવાલા કલ ભી હમારા હૈ...

- પાકિસ્તાનને સંબંધ છે ત્યાં સુધી - ત્યાંની આંતરિક સ્થિતિ અને મુનીર સામે જાગેલા વિરોધને કચડી નાખવા માટે ભારત ઉપર આક્રમણ કરે એવી વકી છે. અલબત્ત, ભારત સાવધાન અને શક્તિમાન છે

સલામતી અને શાંતિ માત્ર સરહદની નહી - આર્થિક અને માનસિક પણ હોવી જોઈએ. 'વિશ્વમાં મુક્ત વ્યાપાર-ગ્લોબલાઈઝેશન શરૂ થયા પછી હવે તૂટી ગયું છે! અમેરિકાએ ટેરિફ વૉર શરૂ કર્યા પછી વિશ્વ જાણે વેરવિખેર થઈ રહ્યું છે. અમેરિકા અને યુરોપમાં અન્ય દેશોના લોકોને પ્રવેશ અને આવકાર મળતો હતો. ભારતના શિક્ષિત યુવાવર્ગ વસાહતી બન્યા અને વિકાસમાં યોગદાન આપ્યું. હવે 'અમેરિકા ફર્સ્ટ' છે! ઉપપ્રમુખ વાન્સ તો કહે છે : ખ્રિસ્તી ધર્મીઓને બચાવવા જોઈએ. વસાહતીઓ નોકરી-ધંધા ખૂંચવીને સ્થાનિક લોકોને બેકાર બનાવે છે! યુરોપમાં પણ વસાહતીઓ સામે અણગમો અને આક્રોશ વધી રહ્યો છે. અલબત્ત, આ સ્થિતિ માટે વસાહતીઓનો એક વર્ગ - મુસ્લિમ - જવાબદાર હોવાથી 'ધર્મ-યુદ્ધ'ની ધમકીઓ અપાઈ રહી છે.

પ્રમુખ ટ્રમ્પે 'રશિયાને પાઠ' ભણાવવા માટે ભારત ઉપર દબાણ શરૂ કર્યું. પાકિસ્તાનના મુનીરની પીઠ થાબડી અને હાથ પકડ્ય છે પણ ટ્રમ્પ ચીન ઉપર દબાણ કરી શકતા નથી. યુક્રેન ઉપરનું રશિયન આક્રમણ ગંભીર તબક્કામાં છે - હવે યુદ્ધ વિરામ અને શાંતિ માટે પ્રયાસ થઈ રહ્યા છે પણ વિશ્વને ડામાડોળ કરીને ટ્રમ્પ હવે શાંતિના નેતા બન્યા છે!

વિશ્વની આ સ્થિતિ અને બદલાતા રાજદ્વારી સંબંધમાં ભારતે સ્વદેશનાં સલામતી અને સન્માન જાળવ્યાં છે. રાજદ્વારી સમતુલા પણ જાળવી છે. આપણા પાડોશી દેશ - નેપાળ અને બાંગ્લાદેશમાં સરકારો સત્તાભ્રષ્ટ થયા પછી હિંસાચાર વધ્યો છે. અનિશ્ચિતતાનો અંત ૨૦૨૬માં આવશે એવી આશા રાખીએ પણ બાંગ્લાદેશમાં હિન્દુવિરોધી પ્રચાર કરાવ્યા પછી પાકિસ્તાન ઈતિહાસ બદલવા માગે છે. હવે આગામી ફેબ્રુઆરીમાં ચૂંટણી પાર પડે અને અનિશ્ચિતતા દૂર થાય એવી આશા રાખીએ.

પાકિસ્તાનને સંબંધ છે ત્યાં સુધી - ત્યાંની આંતરિક સ્થિતિ અને મુનીર સામે જાગેલા વિરોધને કચડી નાખવા માટે ભારત ઉપર આક્રમણ કરે એવી વકી છે. અલબત્ત, ભારત સાવધાન અને શક્તિમાન છે - પણ આપણા સ્વદેશી - વિપક્ષી નેતાઓને ભારત અને ભારતીય સેનાનું ગૌરવ નથી! પણ ભારતની આમજનતા જાગૃત છે. વડા પ્રધાન મોદીને પ્રચંડ સમર્થન છે. વર્ષ ૨૦૨૫માં દિલ્હી અને બિહાર વિધાનસભાની ચૂંટણી જીત્યા પછી વર્ષ ૨૦૨૬ ચૂંટણીનું વર્ષ છે. એપ્રિલ અને મે મહિના દરમિયાન ચાર રાજ્યો - તામિલનાડુ, કેરળ, પશ્ચિમ બંગાળ અને આસામમાં વિધાનસભાઓની ચૂંટણી છે. આ ચાર રાજ્યોમાં માત્ર એક - આસામમાં અત્યારે ભાજપનું શાસન છે. મહારાષ્ટ્રમાં સ્થાનિક સંસ્થાઓ અને મુંબઈ સુધરાઈની ચૂંટણી ઉપર સૌની નજર કેન્દ્રિત થઈ છે. મહારાષ્ટ્રભરમાં ભાજપનો ઝંડો ફરકયા પછી હવે મુંબઈ ઉપર ઘણો આધાર છે. મહારાષ્ટ્રમાં વિપક્ષી ઈન્ડિ મોરચો વેરવિખેર છે અને રાષ્ટ્રીય કક્ષાએ રાહુલ ગાંધીની નેતાગીરીની નિષ્ફળતાની ચર્ચા છે. સંસદમાં એનડીએ સરકાર સલામત છે. હવે રાજ્યસભામાં ૭૨ બેઠકો ખાલી થઈ રહી છે તેની ચૂંટણી થાય પણ ભાજપની સભ્ય સંખ્યા ૧૦૩ છે તેમાં વધારો થશે.

વીતેલા વર્ષમાં રાહુલ ગાંધીએ 'વોટ ચોરી'નો મુદ્દો ઉછાળ્યો. એમને વિદેશી પીઠબળ છે પણ ફાવ્યા નથી. હવે કૉંગ્રેસ અને વિપક્ષી સરકારો- કેરળ, બંગાળ અને તામિલનાડુમાં પ્રાદેશિક પક્ષો સાથે સમજૂતી થાય તો પણ સત્તાની ભાગીદારી થવા બાબત શંકા છે.

ભારતમાં બાંગ્લાદેશી ઘૂસણખોરો ચૂંટણીમાં 'મતદાતા' પણ બની ગયા છે. હવે એમને વીણીવીણીને પાછા ધકેલવાનું અભિયાન ભાજપ અને કેન્દ્ર સરકારે શરૂ કર્યું છે. બાંગ્લાદેશમાં હિન્દુઓ ઉપરના અત્યાચારો જોઈને પશ્ચિમ બંગાળ તથા અન્ય રાજ્યોમાં પણ સનાતન ધર્મીઓની જાગૃતિ અને એકતા મજબૂત થઈ રહી છે.

ભારતમાં દાયકાઓથી નક્સલવાદી હિંસાનો ભોગ સ્થાનિક લોકો બની રહ્યા છે. વિકાસ પણ અવરોધાયો છે પણ ગૃહપ્રધાન અમિતભાઈ શાહે માર્ચની આખર સુધીમાં નક્સલવાદને આખરી વિદાય આપવાની ઘોષણા કરી છે. વિદેશી અને સ્વદેશી આતંકવાદનો અંત-આખરી અંજામ હવે દૂર નથી.

ઈશુના વીતેલા વર્ષમાં કસોટી અને કટોકટીનો અનુભવ હકીકતમાં સફળ પ્રતિકાર કર્યા પછી શરૂ થયેલા ૨૦૨૬માં ભારત એક મક્કમ આત્મવિશ્વાસ સાથે પ્રવેશ કરે છે. વીતેલા વર્ષે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વાતંત્ર્યદિને લાલ કિલ્લા ઉપરથી આહ્વાન કર્યું હતું - કલ હમારા હૈ... આજે આપણે કહી શકીએ આજ હમારા હૈ, આનેવાલા કલ ભી હમારા હૈ... ૨૦૨૫માં આપણે ઘણા પડકારો જોયા છે. આતંકવાદ ઉપરાંત આપણા નિકાસ વ્યાપાર સામે પણ 'આતંકવાદ'ની શરૂઆત થઈ છે. પણ ભારતે ડિપ્લોમસી - આંતરરાષ્ટ્રીય વિદેશનીતિમાં પણ સફળ સંરક્ષણાત્મક પગલાં ભર્યાં છે. ભારતની આ સફળતાના મૂળમાં નિર્ણય શક્તિમાન નેતૃત્વ છે. વીતેલા વર્ષે અમેરિકી પ્રમુખ ટ્રમ્પે શરૂ કરેલા ટેરિફ આક્રમણનો પ્રતિકાર કરવા માટે આપણે અન્ય દેશો સાથે દ્વિપક્ષી વ્યાપાર કરાર કરીને નિકાસ વ્યાપાર માટે નવાં બજાર નિશ્ચિત કર્યાં છે. હવે અમેરિકી પ્રમુખને પણ ખાતરી થઈ છે કે ભારતનું અર્થતંત્ર મજબૂત છે. આજે જાપાનથી પણ વધુ સમૃદ્ધ અને શક્તિશાળી ભારતનું અર્થતંત્ર છે.

વડા પ્રધાન મોદીએ આર્થિક સુધારાને વધુ ગતિમાન બનાવવાની ઘોષણા કરી છે. મોદી સરકારે નિયંત્રણો દૂર કરીને સહકાર-સહયોગની નીતિનો અમલ કર્યો છે. યુવા ભારત માટે વિકાસના માર્ગ ખોલ્યા છે અને સુધારાની ગાડી - રિફોર્મ એક્સ્પ્રેસ - પૂરપાટ દોડાવવાની ખાતરી આપી છે. નિયંત્રિત અર્થતંત્રના સ્થાને નાગરિકોમાં વિશ્વાસ જાગે અને પ્રેરાય એવાં પગલાં ભર્યાં છે. ધ્યેય એક જ છે : સમૃદ્ધ અને આત્મનિર્ભર ભારતનું નિર્માણ.

**ઈલેક્ટ્રોનિક ઉપકરણોને કારણે આપણે આપણી રોજિંદી જિંદગીને જેટલી સરળ બનાવી છે**

# ભારતમાંસૌથી વધુ ઇ-કચરો મુંબઈમાં

- **પણ આ બધા વચ્ચે એક સચ્ચાઈ એ છે કે માણસે ભલે તેના પ્રયાસો અને ઉત્સુકતા, કલ્પના શક્તિને કારણે જેટલું મેળવ્યું છે એનાથી અનેક ગણું તે ગુમાવી રહ્યો છે. સાવ સીધી અને સરળ ભાષામાં કહેવાનું થાય તો આપણે કુદરતના તમામ જોખમોને જેટલા ઘટાડ્યા છે,**

કાળા માથાના માનવીએ પોતાના પ્રયાસો અને મહેનતથી ઘણું બધું હાંસલ કર્યું છે અને મેળવ્યું છે એમાં શંકાને કોઈ જ સ્થાન નથી, પણ આમાં ઘણી વખત એવો ભ્રમ થઈ જાય છે કે તેણે ઈશ્ર્વરને મ્હાત આપી દીધી છે. પણ આ બધા વચ્ચે એક સચ્ચાઈ એ છે કે માણસે ભલે તેના પ્રયાસો અને ઉત્સુકતા, કલ્પના શક્તિને કારણે જેટલું મેળવ્યું છે એનાથી અનેક ગણું તે ગુમાવી રહ્યો છે. સાવ સીધી અને સરળ ભાષામાં કહેવાનું થાય તો આપણે કુદરતના તમામ જોખમોને જેટલા ઘટાડ્યા છે, એના કરતાં અનેક ગણા જોખમો વહોરી લીધા છે. એક રીતે ઈલેક્ટ્રોનિક ઉપકરણોએ આપણી દુનિયાને ધરમૂળથી બદલી નાખી છે, એટલું જ નહીં આ ઉપકરણોને કારણે આપણી જિંદગી મનોરંજનથી ભરપૂર અને ઝડપી થઈ ગઈ છે. જોકે હવે જોવાની વાત તો એ છે કે આપણી વ્યસ્તતાના મૂળમાં પણ ઈલેક્ટ્રોનિક ઉપકરણો જ છે. આ બધા વચ્ચે આશ્ર્ચર્યની વાત તો એ છે કે ઈલેક્ટ્રોનિક ઉપકરણોને કારણે આપણે આપણી રોજિંદી જિંદગીને જેટલી સરળ બનાવી છે એટલું જ મોટું જોખમ આપણે આપણી જાત અને સમગ્ર સમાજ માટે ઊભું કર્યું છે. ઈલેક્ટ્રોનિક ઉપકરણોએ આપણી પ્રગતિ અને વિકાસને પંખ જ નથી લગાવ્યા બલકે આપણી વિચારવાની અને સમજવાની શક્તિને પણ બદલી નાખી છે. પરંતુ આ જ ઈલેક્ટ્રોનિક ઉપકરણો હવે ઈ-કચરો બનીને આપણા માટે જોખમ બની રહ્યાં છે. ઈ કચરો એક એવું જોખમ છે, જે આજથી દસ વર્ષ પહેલાં તો જરાય નહોતો દેખાતો પણ, છેલ્લાં પાંચ વર્ષ પહેલાં આ ઈ-કચરો દેખાવાની શરૂઆત થઈ અને આજે તેની ભયાનકતા જોઈને શરીરમાંથી ભયનું એક લખલખું પસાર થઈ જાય છે. જો ટૂંક સમયમાં જ આ ઈ-કચરા પર કાબૂ નહીં મેળવવામાં આવે તો એ દિવસ દૂર નથી કે આ ઈ-કચરો જ તમારી જિંદગીને કચરો બનાવી દેશે. આધુનિકતા અને વિજ્ઞાનનો ફાયદો તો બધા જ લોકો ઉઠાવવા માગે છે, પણ એના વપરાશ પ્રત્યે એટલી જવાબદારી અને શિસ્ત હોવી આવશ્યક છે. કદાચ આ જ કારણ છે કે આપણા કરતાં વધુ ઈ-કચરો પેદા કરનારા યુરોપ અને અમેરિકા જેવા દેશો તો હજી સુરક્ષિત છે, કે પછી સુરક્ષિત રહી શકશે, પણ આપણે ત્યાં ઈ-કચરા અંગે નાગરિકોમાં અસંવેદનશીલતા અને લાપરવાહી જોવા મળી રહી છે. આ લાપરવાહી આપણને ક્યાંયના નહીં રહેવા દે. આ લાપરવાહી, અસંવેદનશીલતા અને સમાજ પ્રત્યેની આપણી ઉદાસીનતા આપણને ઈ-કચરાના એવા દલદલમાં ફેંકી દેશે જેમાંથી બહાર નીકળવાનું અઘરું થઈ પડશે. એટલું નહીં આ ઈ કચરો આપણા આરોગ્ય અને સુરક્ષિત ભવિષ્ય સામે કેટલાય સવાલો ઉપસ્થિત કરશે. ભારતમાં સૌથી વધુ કચરો મુંબઈમાંથી ઉત્પન્ન થાય છે અને આખા વર્ષ દરમિયાન એકલા મુંબઈમાંથી લગભગ ૪.૫ લાખ ટન ઈ-કચરો એકઠો થાય છે અને ત્યાર બાદ વારો આવે છે દેશની રાજધાની દિલ્હીનો. ૨૦૧૬-૧૭માં દિલ્હીમાં ઈ-કચરાનું પ્રમાણ ૮ લાખ ટન જેટલું હતું અને નિષ્ણાતોના જણાવ્યા અનુસાર આવનારા સમયમાં કદાચ આ પ્રમાણ વર્ષના પાંચ લાખ ટન જેટલું થઈ જવાની શક્યતા છે. જો ઈલેક્ટ્રોનિક ઉપકરણોનો ઉપયોગ કરનારાઓ જો ઈ-કચરાના નિકાલ વિશે અત્યારથી નહીં વિચારે તો દિલ્હીને ઈ-કચરાની બહુ મોટી કિંમત ચૂકવવી પડશે. ઉલ્લેખનીય છે કે પહેલી મે, ૨૦૧૨થી રાજધાની દિલ્હીમાં ઈ-કચરા અધિનિયમ ૨૦૧૧ લાગુ કરવામાં આવ્યો છે પણ એ જ દિલ્હીના ૯૬ ટકા લોકોનો મોબાઈલ ફોન, જૂના મોનિટર, કમ્પ્યુટર, લૅપટોપ એ માત્ર તેમના જ નહીં પણ તેમની આસપાસના લોકો માટે પણ જોખમી છે એની જાણ જ નથી. દિલ્હી જ નહીં પૂરા દેશમાં લાગુ કરવામાં આવેલા આ અધિનિયમ બાદ ઈ-કચકાનો નિકાલ હવે ઈલેક્ટ્રોનિક ઉત્પાદકની જવાબદારી બની જશે. અત્યાર સુધી ઈલેક્ટ્રોનિક કચરાનો સુરક્ષિત નિકાલ કરવાની જવાબદારીમાંથી ઉત્પાદકો હાથ પાછા ખેંચી લેતા હતા, જેને કારણે રાજધાની દિલ્હીના કેટલાક ખાસ વિસ્તારમાં ઈ-કચરો એકઠો થતો હતો અને અયોગ્ય રીતે તેનો નિકાલ કરવામાં આવતો હતો. દેશના પાટનગરમાં લગભગ૩૫,૦૦૦ લોકો આ રીતે ઈ-કચરો એકઠો કરે છે. ભારતના દરેક શહેર ઈ-કચરો પેદા કરે છે, પણ દિલ્હી આ બાબતે અન્ય શહેરો કરતાં વધુ અસુરક્ષિત છે, કારણ કે અહીં બીજા શહેરોનો ઈ-કચરો પણ આવે છે. આ રીતે દિલ્હીવાસીઓ પોતાના ઈ-કચરાને કારણે મુશ્કેલીનો સામનો કરી જ રહ્યા છે, પણ તેની સાથે સાથે બીજા શહેરોના ઈ-કચરાનો બોજો પણ ઉઠાવવો પડે છે. ઈ-કચરામાંથી ઝેરી તત્ત્વો નીકળે છે જેવા કે પારો, કૅડિયમ, સિલિકોન, ઝિંક, કૉપર, ક્રૉમિયમ, સીસુ, નિકલ અને મૅગેનીઝનો સમાવેશ થાય છે. એટલે જ જૂના ઈલેક્ટ્રોનિક ઉત્પાદનોનો અયોગ્ય રીતે નિકાલ કરવાને કારણે લોકોને ખૂબ જ નુકસાન પહોંચે છે. આને કારણે કૅન્સર થવાની શક્યતા પણ રહેલી છે, એવું તારણ નિષ્ણાતો દ્વારા તારવવામાં આવ્યું હતું. દિલ્હીમાં સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વયારમેન્ટ્સ દ્વારા થોડાક સમય પહેલાં જ એ જગ્યાઓ પર જઈને અધ્યયન કરવામાં આવ્યું હતું જ્યાં જૂના ઈલેક્ટ્રોનિક ઉપકરણોને બાળવામાં આવતા હતા. આવા વિસ્તારની આસપાસની હવા અને જમીનમાં ઝેરી તત્ત્વો જોવા મળ્યા હતા. એટલું જ નહીં આવા વિસ્તારમાં કામ કરનારા લોકોને કૅન્સર થવાનું જોખમ વધુ હતું. ઈ-કચરામાંથી નીકળનારા ઝેરી તત્ત્વો લીવર અને કિડની પર તો વિપરીત અસર કરે જ છે પણ તેની સાથે સાથે ઘણી વખત લકવાની અસર માટે પણ કારણભૂત બને છે. ભંગારવાળા ઘરે ઘરે ફરીને આ ઈ-કરચો એકઠો કરે છે ત્યારે તેના માલિકોને આ ભંગારના બદલામાં અમુક રકમ ચૂકવે છે, પણ સરકારે ઈ-કચરા સંબંધિત બનાવેલા અધિનિયમમાં ઈ-કચરાના નિકાલની જવાબદારી તેના ઉત્પાદકો પર નાખી છે ત્યારે તેઓ આ કચરો લોકો પાસેથી ફીમાં લેવા માગે છે અને આ પાછળનું કારણ આપતા કંપનીઓ એવું જણાવે છે કે ઈ-કચરાના નિકાલમાં સારી એવી રકમ ખર્ચાઈ જાય છે. પરંતુ આ કંપનીઓ કદાચ એ ભૂલી જાય છે કે જો મોટી કંપની તરીકે તેમને નુકસાન થઈ શકે છે તો એ લોકોનું શું થતું હશે કે જેઓ ઈ-કચરો ખરીદે પણ છે અને તેના બદલામાં પૈસા પણ આપે છે. રૂ.૫૦૦૦ કરોડ કરતાં ઉપર પહોંચી ગયેલાં દિલ્હીના ઈ-કચરાનો કારોબાર કાયદો બની ગયા બાદ લોકો માટે સુરક્ષિત તો ત્યારે જ થશે કે જ્યારે લોકો જવાબદારીપૂર્વક વર્તશે અને ભવિષ્યની પેઢી પ્રત્યેની પોતાની જવાબદારીઓ પ્રત્યે સજાગ થશે,

# હાઉસફુલ ૫માં મહિલાઓના રોલની દર્શકોએ કરેલી ટીકા વિશે ચિત્રાંગદાએ વાત કરી



## ચિત્રાંગદાએ મહિલાઓના રોલ બાબતે ધુરંધરને પણ લપેટમાં લઈ લીધી

ચિત્રાંગદા સિંહ છેલ્લે હાઉસફુલ ૫માં જોવા મળી હતી, આ ફિલ્મમાં મહિલાઓના રોલ માત્ર દેખાવ માટે જ રખાયા હોય અને વાર્તામાં તેને કોઈ મહત્વ ન અપાયું હોય તેવા રોલ માટે ફિલ્મની ઘણી ટીકા થઈ હતી. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં ચિત્રાંગદાએ કહ્યું કે લોકો હાઉસફુલ ૫ જેવી ફિલ્મ જોઈને જજમેન્ટલ થઈ જાય છે.

ચિત્રાંગદાએ કહ્યું કે કોઈ પણ સીન કઈ રીતે તૈયાર થાય છે અને અંતે આ સીન કઈ રીતે સામે આવે છે, એ ભાગ્યે જ કોઈ એક્ટરના હાથમાં હોય છે. ખાસ તો હાઉસફુલ ફ્રેન્ચાઈઝી જેવી ફિલ્મની કોમેડીની એક ચોક્કસ સ્ટાઈલ હોય છે. મહિલાઓ સાથે દર્શાવાતી ફિઝીકલ કોમેડી ઘણી વખત તમને જોવામાં થોડાં અસહજ કરી દે છે, આ પ્રકારની કોમેડીની સૌથી વધુ ટીકા થતી હોય છે. ચિત્રાંગદાએ કહ્યું કે જ્યારે આ પ્રકારની કોમેડી યોગ્ય રીતે ન બની શકે ત્યારે તેણે ટીકાનો સામનો કરવો પડે છે, જ્યારે ફિલ્મ સફળ થાય ત્યારે લોકો આવી કોમેડી પણ સ્વીકારી લે છે.

ચિત્રાંગદાએ કહ્યું કે ઈન્ટરનેશનલ ફિલ્મ અને જુની ફિલ્મોમાં પણ આ પ્રકારની કોમેડી વર્ષોથી ચાલતી આવી છે, તેમાંથી ઘણી ફિલ્મો ચાલી છે અને દર્શકોને પસંદ પણ પડી છે. સાથે જ ચિત્રાંગદાએ ધુરંધરનું પણ ઉદાહરણ આપ્યું હતું. તેણે કહ્યું, "જ્યારે ધુરંધર જેવી ફિલ્મ આવે ત્યારે લોકો તેને માત્ર હિંસાત્મક ફિલ્મની દષ્ટિએ જ જુએ છે, એ જ એની વાર્તાની કમાલ છે. આ જ રીતે કેટલીક કોમેડી ફિલ્મ હોય છે, જેને પણ તેની વાર્તાની દષ્ટિએ જોવી જોઈએ. આ જ રીતે ફિઝીકલ કોમેડી પણ કામ કરે છે. ડિરેક્ટર તેને કઈ રીતે બતાવવા માગે છે, તેના પર બધો આધાર હોય છે."

હાઉસફુલ ૫ જેવી કોમેડી પર પોતાનો અંગત અભિપ્રાય આપતાં ચિત્રાંગદાએ કહ્યું, "હું આવી ફિલ્મને જજ કરતી નથી. હું ઓડિયન્સ પર છોડું છું, તેમણે પસંદ કરવી, ન કરવી, જોવી, ન જોવી, સહમત થવું કે ન થવું. પરંતુ શું હું એક કલાકાર તરીકે આવી ફિલ્મ સહજતાથી જોઈ શકું છું? કદાચ નહીં. થોડા સીમ થોડાં અલગ રીતે દર્શાવી શકાયા હોત, હું એવું પસંદ કરું છું. પરંતુ ક્યારેક હું પછી સિદ્ધાંતવાદી વલણ છોડી દઉં છું, પરંતુ હા આપણે થોડા જજમેન્ટલ થઈ જઈએ છીએ. તમારે તેને યોગ્ય દશ્ટિએ જોવાની જરૂર છે અને તેને થોડી સિનેમેટિક છૂટ મળવી જોઈએ."

# ભણસાલીની લવ એન્ડ વોરનું શૂટિંગ મે ૨૦૨૬ સુધી ચાલશે

## હવે ફિલ્મ ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૨૬માં રિલીઝ થઈ શકે છે


સંજય લીલા ભણસાલી તેમની આગામી ફિલ્મ 'લવ એન્ડ વૉર'માં ઈન્ડસ્ટ્રીની હાલની સૌથી મજબુત કાસ્ટ સાથે બનાવી રહ્યા છે. જેમાં પહેલી વખત આલિયા ભટ્ટ, રણબીર કપૂર અને વિકી કૌશલ સાથે જોવા મળશે. ૨૦૨૪ના નવેમ્બર મહિનાથી ફિલ્મનું શૂટિંગ ચાલી રહ્યું છે અને આ ફિલ્મ ડિસેમ્બર ૨૦૨૫માં રિલીઝ થવાની વાત હતી. પરંતુ છેલ્લા દોઢ વર્ષથી આ ફિલ્મ પાછી ઠેલાઈ રહી છે.

પછી ફિલ્મની ટીમ દ્વારા જાહેર કરાયું કે આ ફિલ્મ ૨૦૨૬ની ઈદ પર રિલીઝ કરાશે. પરંતુ હવે એવું લાગે છે કે આ ફિલ્મ માર્ચ ૨૦૨૬ સુધીમાં પણ પુરી થશે નહીં. હવે એવા અહેવાલો છે કે આ ફિલ્મનું શૂટિંગ ફરી લંબાયું છે અને તેના કારણે તેનું બજેટ પણ વધી ગયું છે. સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર સંજય લીલા ભણસાલીની ફિલ્મનું શૂટિંગ મે ૨૦૨૬ સુધી ચાલશે. સુત્રએ જણાવ્યું, "રણબીર, આલિયા અને વિકીએ મે ૨૦૨૬ સુધીની તારીખો આપી દીધી છે. લવ એન્ડ વૉરનું શૂટિંગ લાંબું ચાલતાં આ ત્રણેયની એના પછીની ફિલ્મો પણ પાછી ઠેલાઈ છે."

સુત્રએ આગળ જણાવ્યું કે રણબીરે પહેલાં પણ ભણસાલીને ફિલ્મ જુન મહિના સુધીમાં રિલીઝ કરવા કહ્યું હતું, પરંતુ હવે એ શક્ય લાગતું નથી. તેમણે આગળ જણાવ્યું, "લવ એન્ડ વોર જુનમાં રિલીઝ થાય એવી કોઇ શક્યતા દેખાતી નથી. હવે ભણસાલીનો વિચાર આ ફિલ્મ ઓગસ્ટ કે સપ્ટેમ્બર ૨૦૨૬માં રિલીઝ કરવાનો છે. ટૂંક સમયમાં જ ફિલ્મની નવી તારીખ જાહેર કરવામાં આવશે. તેના કરતમાં રણબીરની રામાયણની ટીમ પણ મુશ્કેલમાં મુકાય એવી સ્થિતિ છે. કારણ કે એ લોકો રણબીરની બે



ફિલ્મ વચ્ચે કમ સે કમ છ મહિનાનું અંતર રાખવા માગતા હતા. શૂટ મોડું પડતાં લવ એન્ડ વૉરનું બજેટ પણ વધી ગયું છે." એવી ચર્ચા છે કે જાન્યુઆરીમાં તેની રિલીઝ ડેટ જાહેર થઈ શકે છે અને કલાકારોનો ફર્સ્ટ લૂક પણ જાહેર થઈ શકે છે.



# બેટલ ઓફ ગલવાનનો વિરોધ કરી રહેલા ચીન પર ભારતીય ફિલ્મ ફેડરેશનનો વળતો પ્રહાર

સલમાન ખાનની આવનારી ફિલ્મ 'ધ બેટલ ઓફ ગલવાન'નું ટીઝર આવી ગયું છે, સમયાંતરે આ ફિલ્મના અહેવાલો આવતા રહે છે, હવે આ ફિલ્મ એક વિવાદમાં ફસાઈ છે. આ ફિલ્મમાં ભારત અને ચીનની સેના વચ્ચે ગલવાન ખીણમાં થયેલી ટક્કરની વાત કરવામાં આવી છે. ત્યારે ચીનના સરકારી માધ્યમો સહીત ગ્લોબલ ટાઈમ્સ સહિતના માધ્યમોમાં આ ફિલ્મની વાર્તા અને તેનાં ટીઝરની પણ ટીકા કરવામાં આવી છે. ત્યારે તેના જવાબમાં ફિલ્મ મેકર અને એફડબલ્યુઆઈસીઈ – ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઇન્ડિયા સિને એમ્પલોઈઝના ચીફ એડવાઈઝર અશોક પંડિત આ ટીકાઓને ફગાવી દીધી છે. તેમણે આ અહેવાલોને પ્રેડિક્ટેબલ અને સર્જનાત્મક વાસ્તવિકતાને બદલે અસુરક્ષાથી ભરેલા ગણાવ્યા હતા.

સલમાન ખાને ૨૭ ડિસેમ્બરે પોતાનો ૬૦મો જન્મ દિવસ ઉજવ્યો, આ દિવસે તેની આવનારી ફિલ્મનું ટીઝર પણ લોંચ કરવામાં આવ્યું. જેમાં જૂન ૨૦૨૦માં બનેલી ચીન અને ભારતની સેના વચ્ચેની હાથોહાથની લડાઈની ઘટના દર્શાવવામાં આવી છે. તેમાં બંને દેશની સેનાઓ એલએસી પર સામ-સામે આવી ગઈ હતી. આ ફિલમ અપૂર્વ લાખિયાએ ડિરેક્ટ કરી છે. ભારત અને ચીનની સેના વચ્ચેની આ સૌથી વધુ ઉગ્ર અથડામણ ગણવામાં આવે છે.ત્યારે ચીનની સરકાર સાથે સંકળાયેલા માધ્યમ ગ્લોબલ ટાઈમ્સ દ્વારા એક અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યો છે, તેમાં એવો સંકેત કરવામાં આવ્યો છે કે બેટલ ઓફ ગલવાનથી ઈતિહાસ ફરી નહીં લખાઈ શકે. સાથે જ આ અહેવાલમાં ફિલ્મ પર એકતરફી વલણ સાથે ઘટના દર્શાવવાનો પણ આક્ષેપ મુકવામાં આવ્યો છે. તેમણે ટીઝર દ્વારા હકિકતોને ફગાવી દિધી હોવાનો ગાવો કર્યો છે અને ભારતીય સેનાના બલિદાનને અતિશ્યોક્તિથી દર્શાવ્યું હોવાની પણ વાત કરી છે. આ ટીકા વિશે અશોક પંડિતે પણ હવે જવાબ આપ્યો છે, એક ઈન્ટરવ્યુમાં તેમણે જણાવ્યું કે ચીનનો પ્રતિસાદ જરા પણ આશ્ચર્યજનક નથી, ભારતમાં કે આંતરરાષ્ટ્રિય સ્તર પર આ ફિલ્મના દષ્ટિકોણ પર કોઈ અસર પણ પડવાની નથી. તેમણે જણાવ્યું, "જ્યારે કોઈ ઈન્ડિયન ફિલ્મ મેકર ફિલ્મ બનાવે છે, ત્યારે તેઓ ખાસ તકેદારી રાખે છેકે આપણા દુશ્મન દેશોની પ્રવૃત્તિઓ ખુલી પડી જાય. આપણે એક મજબુત રાષ્ટ્ર છીએ અને આપણી સેનાઓ દેશ માટે કોઈ પણ લડાઈ લડવા માટે મજબુત અને બહાદુર છે. તેથી ગ્લોબલ ટાઈમ્સને આ ફિલ્મથી અસુરક્ષા અનુભવાઈ છે."આ સાથે જ ફિલ્મના પ્રોડ્યુસર રાહુલ મિત્રાએ પણ ફિલ્મની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું છે કે ફિલ્મ મેકર્સ કોઈ ફિલ્મ બનાવતી વખતે પુરતો અભ્યાસ કરે છે અને લાખિયા અને સલમાન જેવા જાણીતા નામો ફિલ્મ સાથે સંકળાયેલા હોય ત્યારે તેઓ કોઈ એવી ફિલ્મ નહીં બનાવે જે, માત્ર ફિલ્મ બનાવવા ખાતર હકિકતને તોડી મરોડી નાખે.અશોક પંડિતે અન્ય એક ચર્ચામાં એમ પણ કહ્યું, "પ્રોડ્યુસર્સના મનમાં આ વાત હશે જ, કારણ કે આ ગલવાનની વાત છે અને ચાઈના તેમાં ખુલુ પડી જાય છે એટલે તેઓ આવો પ્રતિસાદ આપવાના જ હતા. આપણને હક છે કે આપણે ફિલ્મ બનાવીએ અને આ વિષય પર બનાવીને દુનિયાને જણાવીએ કે ચાઈનાએ આપણા દેશ સાથે આવું કર્યું છે. ચાઈના એવો દેશ છે, જેણે પાકિસ્તાનનો સાથ આપ્યો છે અને આપણા દેશ માટે ઘણા પ્રશ્નો ઉભા કર્યા છે. આ ફિલ્મ બની છે એ જ ઘણી મોટી વાત છે. જો ફિલ્મ સારી હશે તો એ સારી જ ચાલશે."બેટલ ઓફ ગલવાન જૂન ૨૦૨૦ની બારત અને ચીનની સેના વચ્ચે ગલવાનમાં થયેલી અથડામણ પર આધારીત ફિલ્મ છે, જેમાં ૨૦ ભારતીય જવાનો શહીદ થયા હતા. સલમાન આ ફિલ્મમાં બિક્કમલ્લા સંતોષ બાબુનો રોલ કરે છે, જેઓ ૧૬ બિહાર રેજિમેન્ટના કમાન્ડિંગ ઓફિસર હતા. આ ફિલ્મમાં ચિત્રાંગદા સિંઘ, ઝેન શો, અંકુર ભાટીઆ અને વિપિન ભારદ્વાજ મહત્વના રોલમાં જોવા મળશે. આ ફિલ્મ ૧૭ એપ્રિલે રિલીઝ થઈ રહી છે.

# ડોન ૩માં રણવીર સિંહને રિતિક રોશન રીપ્લેસ કરશે

## શરૂઆતમાં શાહરુખને રણવીરે રિપ્લેસ કર્યો અને હવે અચાનક ફિલ્મ છોડી દીધી હતી



ફરહાન અખ્તરની ડોન ૩ રણવીર સિંહે અચાનક છોડી દીધી છે, તેની થોડાં દિવસોથી ચર્ચા ચાલે છે. જોકે, આ અંગે રણવીરની ટીમ કે ડોન ૩ના મેકર્સ તરફથી હજુ સુધી કોઈ જ કન્ફર્મેશન મળ્યું નથી. થોડાં દિવસથી એવા અહેવાલો હતા કે રણવીર સિંહે અનિશ્ચિત સમય માટે ફિલ્મને પડતી મુકી છે. ત્યારે હવે એવા અહેવાલો છે કે મેકર્સ રણવીરના સ્થાને રિતિક રોશનને લેવા વિચારે છે.

રિતિકને તેઓ આ ફ્રેન્ચાઈઝીનો નવો ચહેરો બનાવવા માગે છે. સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર રણવીરે આ ફિલ્મ છોડ્યા પછી રિતિક આ ફિલમનો પ્રબળ દાવેદાર મનાય છે. જોકે, હજુ આ ચર્ચાઓ ઘણી પ્રાથમિક તબક્કામાં છે, રિતિક આ ફિલ્મ કરશે કે નહીં તે હજુ નક્કી નથી.

રણવીર કે રિતિક કોઈ અંગે કોઈ જ કન્ફર્મેશન છે નહીં, પરંતુ અમિતાભ બચ્ચન અને શાહરુખ ખાન જે ગેંગ્સ્ટરનો રોલ કરી ચુક્યા છે, તેમાં રિતિકને જોવો એ ચોક્કસ રસપ્રદ બાબત છે. એક ન્ય રસપ્રદ વાત એ પણ છે કે શાહરુખની ડોન ૨માં રિતિક રોશને એક

મહત્વના સીનમાં કેમિયો કરેલો, જેમાં શાહરુખનું પાત્ર પોતાને રિતિક રોશન ગણાવે છે.

પહેલી ડોન ૧૯૭૮માં બની હતી, જેમાં અમિતાભ બચ્ચનનો અભિનય આજે પણ આઈકોનિક ગણાય છે, આ ફિલ્મ સલીમ-જાવેદની જાણીતી લેખક જોડીએ લખી હતી, આ ફિલ્મને જોરદાર સફળતા મળી હતી. વિવિધ ભાષાઓમાં તેની રીમેક પણ બની હતી. તેના વર્ષો પછી ફરહાન અખ્તરે આ ફિલ્મને નવું સ્વરૂપ આપ્યું અને ૨૦૦૬માં તેણે શાહરુખ ખાન સાથે આ ફિલ્મ બનાવી. તેના પછી ૨૦૧૧માં તેમણે ફરી ડોન ૨ પણ બનાવી હતી. તેના થોડાં વર્ષો પછી ફરહાને રણવીર સિંહ સાથે ડોન ૩ની જાહેરાત કરી હતી. પરંતુ હવે ધુરંધરની સફળતા પછી રણવીર ફરી એક વખત ગેંગ્સ્ટર બનવા માગતો નથી અને તેણે ડિરેક્ટર જય મહેતાની પ્રલયને પ્રાથમિકતા આપીને તેનું કામ શરૂ કરી દીધું. જે એક ઝોમ્બી થ્રિલર ફિલ્મ છે, જેમાં મનુષ્ય પોતાના પરિવારને ઝોમ્બીથી બચાવવા માટે કઈ હદ સુધી જઈ શકે, તેની વાત કરવામાં આવી છે. બીજી તરફ રિતિક રોશન ક્રિશ ૪ ડિરેક્ટ પણ કરી રહ્યો છે અને તે આ ફિલ્મમાં લીડ રોલમાં પણ છે. સાથે જ તેણે હોમબેલ ફિલ્મ્સ સાથે પણ એક ફિલ્મની જાહેરાત કરી છે. તો હવે ડોન ૩ કોણ બને છે, તે મેકર્સ જ કહી શકશે.

# થલાપતિ વિજયે એક્ટિંગમાંથી નિવૃત્તિ જાહેર કરી

### જન નાયગન ઓડિયો લોંચને મલેશિયા બૂક ઓફ રેકોર્ડ્ઝમાં સ્થાન મળ્યું



તમિલ સુપરસ્ટાર થલાપતિ વિજયે એક્ટિંગમાંથી નિવૃત્તિની ઓફિશિયલી જાહેરાત કરી દીધી છે. ૩૩ વર્ષના કેરિઅર પછી જન નાયગન તેની અંતિમ ફિલ્મ હશે. આ ફિલ્મ પછી તે રાજકારણમાં પ્રવેશ કરશે.

થલાપતિ વિજયની અંતિમ ફિલ્મ જન નાયગનનાં ઓડિયો લોંચ માટે શનિવારે મલેશિયામાં એક ખાસ ઈવેન્ટનું આયોજન થયું હતું. જેમાં ૫૧ વર્ષના આ કલાકારે નિવૃત્તિની જાહેરાત કરી. વિજયે ૧૦ વર્ષની ઉંમરે બાળ કલાકાર તરીકે ફિલ્મમાં કામ શરૂ કર્યું હતું. ૧૮ વર્ષની ઉંમરે તેણે લીડ એક્ટર તરીકે નાલૈયા થિર્પુ ફિલ્મથી ૧૯૯૨માં ડેબ્યુ કર્યું હતું. નિવૃત્તિ અંગે તેણે પોતાના ફોલોવર્સને કહ્યું, "મારા માટે એક જ બાબત મહત્વની છે. મારા માટે લોકો થિએટરમાં આવ્યા અને લાઈનમાં ઉભા રહ્યા. તેથી હવે હું તેમના માટે આવનારા ૩૦-૩૩ વર્ષ સુધી ઉભો રહેવા માગું છું. એ જ ફૅન્સ માટે હું સિનેમામાંથી નિવૃત્તિ લઈ રહ્યો છું."

મલેશિયાની ઈવેન્ટમાં વિવિધ દેશઓમાંથી લોકો પહોંચ્યા હતા અને એક તહેવાર જેવો માહોલ બન્યો હતો. આ એક ઐતિહાસિક ઈવેન્ટ હતી, જે કુઆલા લુમ્પુરનાં નેશનલ સ્ટેડિયમ બકિટ જલીલમાં યોજાઈ હતી, જેની ક્ષમતા ૮૦ હજાર દર્શકોની છે અને તેમાં ૭૫૦૦૦ ફૅન્સ હાજર રહ્યા હતા. ભારતની બહાર કોઈ તમિલ ફિલ્મ માટે આટલા લોકો હાડર રહ્યા હોય એવું પહેલાં ક્યારેય બન્યું નથી. આ ઈવેન્ટને મલેશિયા બૂક ઓફ રેકોર્ડ્ઝમાં સ્થાન મળ્યું છે.

# વર્ષ ૨૦૨૬માં રાજકોટ સહિત ૧૮ મેચમાં રમતા જોવા મળશે વિરાટ-રોહિત

## હવે તેઓ માત્ર વનડે મેચ જ રમતા હોવાથી મર્યાદિત સીરીઝમાં રમશે : વનડે વર્લ્ડ કપની તૈયારી કરશે : રાજકોટમાં સંભવિત છેલ્લી વખત જોવા મળશે બંને દિગ્ગજો, ચાહકોમાં ઇન્તેઝાર



મુંબઈ : ભારતના દિગ્ગજ બેટ્સમેન વિરાટ કોહલી અને રોહિત શર્માએ ટેસ્ટ અને ટી૨૦ ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે. હવે, આ સ્ટાર ખેલાડીઓ ફક્ત ODI ક્રિકેટમાં જ જોવા મળે છે. વિરાટ કોહલી અને રોહિત શર્માને જોવા માટે ચાહકો ખૂબ જ ઉત્સાહિત છે.

તેથી, મોટાભાગના ક્રિકેટ ચાહકોને જાણવામાં રસ હશે કે ભારત ૨૦૨૬ માં કેટલી ODI મેચ રમશે અને વિરાટ કોહલી અને રોહિત શર્મા કેટલી મેચ રમશે. ૨૦૨૬ ના કેલેન્ડર માટે ભારતીય ટીમનું શેડ્યૂલ બહાર પાડવામાં આવ્યું છે.

ટીમ ઈન્ડિયા આ વર્ષે પણ ખૂબ જ વ્યસ્ત રહેવાની છે. હાલમાં નિર્ધારિત શેડ્યૂલ મુજબ, ભારત ૨૦૨૬ માં ૧૮ ODI મેચ રમશે. જો બંને અનુભવી ખેલાડીઓને કોઈપણ મેચમાં આરામ આપવામાં આવ્યો નથી અથવા ઈજાગ્રસ્ત કરવામાં આવ્યા નથી, તો તેઓ તે બધી મેચોમાં એક્શનમાં જોવા મળશે.

૧૧ જાન્યુઆરીથી શરૂ થનારી ન્યુઝીલેન્ડ સામેની ODI શ્રેણી માટે વિરાટ કોહલી અને રોહિત શર્મા સંપૂર્ણપણે તૈયાર દેખાય છે. બંને ટીમોએ વિજય હજારે ટ્રોફીમાં પણ ભાગ લીધો હતો. બંને હાલમાં ઉત્તમ ફોર્મમાં છે.

વિરાટ કોહલીએ તેની છેલ્લી છ ઈનિંગ્સમાં ત્રણ સદી અને ત્રણ અડધી સદી ફટકારી છે, જ્યારે રોહિત શર્મા પણ ઉત્તમ ફોર્મમાં છે, ઓસ્ટ્રેલિયામાં સદી, દક્ષિણ આફ્રિકા સામે અડધી સદી અને વિજય હજારે ટ્રોફીમાં સદી ફટકારી છે.૧૪ જાન્યુઆરીના રોજ રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમ પર ભારતનો ન્યૂઝીલેન્ડ સામે ડે એન્ડ નાઈટ વનડે મેચ છે. હવે ટી૨૦ અને ટેસ્ટ મેચ નહીં રમતા હોવાથી વિરાટ કોહલી અને રોહિત શર્મા માત્ર વનડે મેચ રમે છે. આ વખતે રાજકોટમાં ક્રેઝ પણ વધુ રહેશે.

આ સાથે તેઓ બંનેનો સંભવિત રાજકોટમાં અંતિમ દેખાવ બની શકે છે. ભારતીય ક્રિકેટ બોર્ડની ગ્રાઉન્ડ રોટેશન પોલિસી મુજબ હવે પછીનો વનડે મેચ ક્યારેય રાજકોટને મળે તે નક્કી નથી હોતું. પરંતુ એવું માની શકાય કે નજીકના એક દોઢ વર્ષની અંદર વનડે મેચ મળવા મુશ્કેલ છે. ટેસ્ટ મેચ અથવા ટી૨૦ મેચ માટે સંભાવના વધુ રહેશે જે ફોર્મેટમાં આ બંને ખેલાડીઓએ નિવૃતિ લીધી છે. રાજકોટમાં છેલ્લે સપ્ટેમ્બર ૨૦૨૩માં ઑસ્ટ્રેલિયા સામે વનડે મેચ રમાઈ હતી.

# ટેસ્ટ બોલરોના રેન્કિંગમાં બુમરાહનું ટોચનું સ્થાન ખતરામાં



ભારતીય ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ ICC ટેસ્ટ બોલર રેન્કિંગમાં ટોચ પર યથાવત છે, પરંતુ તેમનું સ્થાન જોખમમાં છે. નવીનતમ ICC ટેસ્ટ રેન્કિંગમાં, ઓસ્ટ્રેલિયન ફાસ્ટ બોલર મિશેલ સ્ટાર્ક અને પાકિસ્તાની સ્પિનર નોમાન અલીએ બુમરાહ સાથેનું અંતર ઘટાડ્યું છે. બુમરાહ ૮૭૯ રેટિંગ પોઈન્ટ સાથે ટોચ પર યથાવત છે, પરંતુ બીજા સ્થાને માત્ર ૩૬ પોઈન્ટ પાછળ છે.

સ્ટાર્ક અને અલી હાલમાં ૮૪૩ રેટિંગ પોઈન્ટ સાથે બીજા સ્થાને છે. એડિલેડ ટેસ્ટમાં પ્રભાવશાળી પ્રદર્શન બાદ બીજા સ્થાને રહેલા પેટ કમિન્સ એશિઝ શ્રેણીની ચોથી મેચમાં ન રમવાને કારણે ચોથા સ્થાને સરકી ગયા છે.

કમિન્સ પાસે ૮૪૧ રેટિંગ પોઈન્ટ છે. ન્યૂઝીલેન્ડના મેટ હેનરી ૮૩૬ રેટિંગ પોઈન્ટ સાથે ટોચના પાંચમાં સ્થાન મેળવે છે. સ્ટાર્કે વર્તમાન એશિઝ શ્રેણીમાં શાનદાર પ્રદર્શન કર્યું છે, તેણે ચાર મેચમાં ૧૭.૪૨ ની સરેરાશથી ૨૬ વિકેટ લીધી છે.

અલીએ ૨૦૨૫ માં પાકિસ્તાન માટે સારું પ્રદર્શન કર્યું છે. તેણે ચાર ટેસ્ટમાં ૧૭.૫ ની સરેરાશથી ૩૦ વિકેટ લીધી હતી. મેલબોર્નમાં સાત વિકેટ લેનાર અને પ્લેયર ઓફ ધ મેચ તરીકે જાહેર થયેલા ઈંગ્લેન્ડના જોશ ટોંગે રેન્કિંગમાં ૧૩ સ્થાનનો કૂદકો લગાવીને ૩૦મા ક્રમે પહોંચી ગયા છે.

# ભૂતપૂર્વ ઓસી. ક્રિકેટર ડેમિયન માર્ટિન કોમામાં સરી પડ્યો, સ્થિતિ ગંભીર

## ઓસ્ટ્રેલિયા માટે ૬૭ ટેસ્ટ રમેલો માર્ટિન હાલમાં બ્રિસબેનની હોસ્પિટલમાં સારવાર હેઠળ



ઓસ્ટ્રેલિયા માટે ૬૭ ટેસ્ટ રમેલો ભૂતપૂર્વ ક્રિકેટર ડેમિયન માર્ટિન હાલમાં ગંભીર હાલતમાં છે અને તેને કોમામાં હોવાથી બ્રિસબેનની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. ઓસ્ટ્રેલિયન મીડિયાના અહેવાલ મુજબ ૫૪ વર્ષીય માર્ટિન છેલ્લા કેટલાક સમયથી બીમાર હતો અને તે મેનેન્જાઈટીસની બીમારી હેઠળ હતો ત્યારે કોમામાં આવી ગયો હતો. માર્ટિનના એક સમયના સાથી ડેરેન લેહમેને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને લખ્યું હતું કે ''ડેમિયન માર્ટિનને ખૂબ પ્રેમ અને પ્રાર્થનાઓ.

માર્ટિનના અન્ય મિત્ર અને મહાન ઓસ્ટ્રેલિયન વિકેટકીપર એડમ ગિલક્રિસ્ટે જણાવ્યું હતું કે તેને શ્રેષ્ઠ સારવાર મળી રહી છે અને તેની સાથી અમાન્ડા તથા તેનો પરિવાર જાણે છે કે ઘણા લોકો તેમની પ્રાર્થનાઓ અને શુભેચ્છાઓ મોકલી રહ્યા છે. ઓસ્ટ્રેલિયન ક્રિકેટ બોર્ડના ચીફ એક્ઝિક્યુટિવ ટોડ ગ્રીનબર્ગે પણ માર્ટિનને ઝડપથી સારવાર થઈ જાય તે માટે સંદેશ મોકલ્યો હતો તથા જણાવ્યું હતું કે તેની બીમારીના સમાચારથી હું વ્યથિત થઈ ગયો છું.

ટેસ્ટ ક્રિકેટમાં ડેમિયન માર્ટિન તેના સ્ટ્રોક પ્લે અને મજબૂત ડિફેન્સ માટે જાણીતો હતો. ૧૯૭૧ની ૨૧મી ઓક્ટોબરે જન્મેલા ડેમિયન માર્ટિને ૪૬.૩૮ની સરેરાશથી ૪૪૦૬ રન ફટકાર્યા હતા જેમાં ૧૩ સદી અને ૨૩ અડધી સદીનો સમાવેશ થતો હતો. ૧૯૯૨ થી ૨૦૦૫ સુધીની કારકિર્દીમાં તેણે ૨૦૦૪-૦૫માં ભારતનો પ્રવાસ કર્યો હતો અને નાગપુર ખાતે ૧૧૪ અને ચેન્નાઈના ચેપોક ખાતે ૧૦૪ રનની ઈનિંગ્સ રમી હતી. ૨૦૦૫માં તેણે વેલિંગ્ટન ખાતે ન્યૂઝીલેન્ડ સામેની ટેસ્ટમાં ૧૬૫ રન ફટકાર્યા હતા જે તેની કારકિર્દીનો સર્વોચ્ચ સ્કોર બની રહ્યો હતો.૧૯૯૨માં માત્ર ૨૧ વર્ષની વયે માર્ટિનને તે સમયના શ્રેષ્ઠ ક્રિકેટર ડીન જોન્સને સ્થાને ઓસ્ટ્રેલિયન ટીમમાં સ્થાન મળ્યું હતું અને વેસ્ટ ઈન્ડિઝ સામે રમીને તેણે કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો. ૨૦૦૬માં એશિઝ સિરીઝમાં પોતાની અંતિમ ટેસ્ટ રમ્યા બાદ માર્ટિને કોમેન્ટેટર તરીકેની કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો. તે ૨૦૮ વન-ડે મેચ પણ રમ્યો હતો અને ૧૯૯૯ તથા ૨૦૦૩ની વર્લ્ડ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયન ટીમનો હિસ્સો હતો.

# વર્લ્ડ બ્લિટ્ઝ ચેસમાં ભારતના અર્જુન એરિગૈસીને બ્રોન્ઝ, કાર્લ્સન વિજેતા

## મેગ્નસ કાર્લસને સફળતાપૂર્વક પોતાનું વર્લ્ડ બ્લિટ્ઝ ટાઇટલ ડિફેન્ડ કર્યું





ચેસ મેગાસ્ટાર મેગ્નસ કાર્લ્સને પોતાનું ટાઈટલ જાળવી રાખીને બુધવારે વર્લ્ડ બ્લિટ્ઝ ટાઈટલ જીતી લીધું હતું જેમાં ભારતનો અર્જુન એરિગૈસી ત્રીજા ક્રમે રહીને બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. કાર્લ્સને મુકાબલા બાદ કબૂલ્યું હતું કે ટુર્નામેન્ટના અગાઉના રાઉન્ડમાં કેટલાક વિપરીત પરિણામ આવ્યા હોવા છતાં અંતે મેં કારકિર્દીમાં વિક્રમજનક નવમી વાર આ ટાઈટલ જીત્યું તે માટે હું મારી જાતને નસીબદાર માનું છું. હજી ગયા સપ્તાહે જ રેપિડ ગોલ્ડ મેડલ જીતનારા વિશ્વના મોખરાના ક્રમના મેગ્સન કાર્લ્સને અંતિમ ગેમમાં તે શા માટે જીનિયસ મનાય છે તે બુધવારે વધુ એક વાર પુરવાર કરી દીધું હતું. તેણે ટાઈટલ માટેના મુકાબલામાં ઉઝબેકિસ્તાનના ગ્રાન્ડમાસ્ટર નોદીરબેક અબુસાત્તારોવને ૨.૫-૧.૫થી હરાવ્યો હતો. ભારતીય ગ્રાન્ડમાસ્ટર અર્જુન એરિગૈસીએ ક્વોલિફિકેશનના ૧૯મા રાઉન્ડમાં (સ્વિસ સિસ્ટમ) કોઈ ભૂલ કરી ન હતી પરંતુ સેમિફાઈનલમાં તેને ભારે નુકસાનનો સામનો કરવો પડયો હતો જેને અંતે તે બ્રોન્ઝ મેડલથી સંતુષ્ટ રહ્યો હતો.

અગાઉ રવિવારે ૨૨ વર્ષીય ભારતીય ખેલાડી ત્રીજા ક્રમે રહ્યો હતો જેને કારણે બુધવારે તે બ્લિટ્ઝ અને રેપીડ બંનેમાં બ્રોન્ઝ જીતી શક્યો હતો. આ સાથે વર્લ્ડ બ્લિટ્ઝમાં અર્જુન એરિગૈસી એવો બીજો ભારતીય ચેસ ખેલાડી બન્યો હતો જેણે વર્લ્ડ બ્લિટ્ઝમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હોય. આ સિદ્ધિ અગાઉ ભારતના મહાન ચેસ ખેલાડી વિશ્વનાથન આનંદે હાંસલ કરી હતી. મારા માટે ખૂબ જ મુશ્કેલ મુકાબલો હતો. તે કોઈપણ રીતે જઈ શકાતું હતું પરંતુ જ્યારે અમે નોકઆઉટમાં પહોંચ્યા ત્યારે મને લાગ્યું કે મારે ખરેખર તેનો આનંદ માણવો જોઈએ અને તે કીમિયો સફળ રહ્યો હતો તેમ ભૂતકાળમાં રેપીડ અને બ્લિટ્ઝ બંને ગોલ્ડ જીતનારા કાર્લ્સને ફિડેના પ્લેટફોર્મ પર જણાવ્યું હતું.

કાર્લસને ઉઝબેકના યુવાન ગ્રાન્ડમાસ્ટર નોદીરબેક અબુસાત્તારોવને સામેની ફાઈનલમાં ડ્રો કરવાનો ઈનકાર કર્યો હતો અને ટાઈટલ મુકાબલાની ચોથી ગેમમાં અચાનક એક અનોખી ચાલ સાથે બંને ખેલાડીઓ ૧.૫ પોઈન્ટ પર બરાબરી પર આવી ગયા હતા ત્યારે સ્પર્ધા જીતી લીધી હતી. ક્વોલિફાઈંગ (સ્વિસ) રાઉન્ડમાં શ્રેણીબદ્ધ હાર અને મોટા વિવાદ બાદ નોર્વેજીયન માટે આ વિજય વધુ સંતોષકારક રહ્યો હતો. અહીં તેને સેમિફાઈનલમાં સ્થાન મેળવવા માટે પણ એક સમયે સંઘર્ષ કરવો પડ્યો હતો.

૧૯મા રાઉન્ડમાં અબુસાત્તારોવ સામેના ડ્રોમાં કાર્લ્સન (૧૩.૫ પોઈન્ટ) અને ઉઝબેક ખેલાડી (૧૩ પોઈન્ટ) બંનેએ મંગળવારે સેમિફાઈનલમાં એક માત્ર લીડર એરિગૈસી (૧૫ પોઈન્ટ) અને બીજા સ્થાને રહેલા અમેરિકન ગ્રાન્ડમાસ્ટર ફેબિયાનો કારુઆના (૧૪ પોઈન્ટ)ને પાછળ રહીને છેલ્લા બે સ્થાનો સુરક્ષિત કર્યા હતા.

ત્યાર બાદ કાર્સ્લને કારુઆનાને ૩-૧થી હરાવીને ફાઈનલમાં સ્થાન મેળવ્યું હતો તો એક મજબૂત મુકાબલામાં અબુસાત્તારોવે ભારતીય ખેલાડી અર્જુન એરિગૈસીને ૨.૫-૦.૫થી સેમિફાઈનલમાં હાર આપી હતી. આ અગાઉ ઍરિગૈસીએ સોમવારે ૧૩ ગેમમાંથી દસ પોઈન્ટ સાથે કાર્લ્સન અને અબુસાત્તારોવ જેવા ખેલાડીઓને હરાવીને એક માત્ર લીડર બન્યા બાદ મંગળવારે બાકીના છ રાઉન્ડમાં મજબૂત દૃઢ નિશ્ચય સાથે પ્રવેશ કર્યો હતો. અર્જુન ચાર ગેમ જીતીને તથા બે ગેમ ડ્રો કરીને ૧૫ પોઈન્ટ સાથે એકમાત્ર લીડર રહ્યો અને સેમિફાઈનલમાં સ્થાન મેળવ્યું હતું.

# ગ્રાન્ડ માસ્ટર તેજસ બાકરેએ સિસિલિયન ગેમ્સ ચેસ ટુર્નામેન્ટમાં હાજરી આપી

## સિસિલિયન ગેમ્સ ચેસ ટુર્નામેન્ટમાં ૨૦૦ થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો



એક મહિનાથી ચાલી રહેલા સિસિલિયન ગેમ્સ ૨૦૨૫ના ભાગ રૂપે વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે સિસિલિયન ગેમ્સ ચેસ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં ઉદ્યોગ સાહસિકો અને વ્યાવસાયિકોએ ભાગ લીધો હતો.

ગુજરાતના સૌપ્રથમ ચેસ ગ્રાન્ડ માસ્ટર અને ભારતના અગ્રણી ખેલાડીઓ પૈકીના એક તેજસ બાકરે આ ટુર્નામેન્ટમાં ખાસ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા, જેમાં ૨૦૦ થી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો

આ પ્રસંગે ગ્રાન્ડ માસ્ટર તેજસ બાકરેએ જણાવ્યું હતું કે, ''સિસિલિયન ગેમ્સ એક શાનદાર પહેલ છે. રમતગમતની વિશાળ શ્રેણીમાં આટલા બધા ઉદ્યોગ સાહસિકો સક્રિય રીતે ભાગ લઈ રહ્યા છે તે જોવું પ્રોત્સાહક છે.

વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ એક અત્યાધુનિક સુવિધા છે જેણે અનેક ઉચ્ચ-સ્તરીય ઈવેન્ટ્સનું આયોજન કર્યું છે, અને અહીં ૨૦૦ થી વધુ ખેલાડીઓને ચેસમાં સ્પર્ધા કરતા જોવું ખરેખર આનંદદાયક છે. હું આ પહેલ માટે અને ગુજરાતમાં મજબૂત રમતગમત સંસ્કૃતિના વિકાસમાં યોગદાન આપવા બદલ બીએનઆઈને અભિનંદન આપું છું.'' સિસિલિયન ગેમ્સનું આયોજન બીએનઆઈ અમદાવાદ દ્વારા કરવામાં આવે છે, જે શહેરના પ્રભાવશાળી બિઝનેસ નેટવર્કિંગ પ્લેટફોર્મમાંના એક તરીકે ઉભરી આવ્યું છે. હવે તેની નવમી આવૃત્તિમાં, આ મહિનાની શરૂઆતમાં ગેમ્સનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું અને તે ડિસેમ્બર અને જાન્યુઆરી સુધી જારી રહેશે.

# ઓસ્ટ્રેલિયાએ ટી-૨૦ વર્લ્ડ કપ માટે ટીમ જાહેર કરી : મુખ્ય ખેલાડીઓ પરત ફર્યા, મિશેલ માર્શ કેપ્ટન બન્યો

## ૨૦૨૬નો ટી-૨૦ વર્લ્ડ કપ ભારત અને શ્રીલંકા સંયુક્ત રીતે યોજશે : ટુર્નામેન્ટની શરૂઆત ૭ ફેબ્રુઆરીથી થશે




ક્રિકેટ ઓસ્ટ્રેલિયાએ ગુરુવારે આગામી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માટે ૧૫ સભ્યોની પ્રારંભિક ટીમની જાહેરાત કરી. ઓસ્ટ્રેલિયામાં ઘણા મુખ્ય ખેલાડીઓની વાપસી જોવા મળી. ઉપખંડીય પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને, કાંગારૂ ટીમમાં મોટી સંખ્યામાં સ્પિનરો હતા.

૨૦૨૬નો T20 વર્લ્ડ કપ ભારત અને શ્રીલંકા સંયુક્ત રીતે યોજશે. ટુર્નામેન્ટની શરૂઆતની મેચ ૭ ફેબ્રુઆરીએ રમાશે, અને ફાઈનલ મેચ ૮ માર્ચે રમાશે. ઓસ્ટ્રેલિયા એક વખત (૨૦૨૧/૨૨માં) T20 વર્લ્ડ કપ જીતી ચૂક્યું છે. હવે, કાંગાઓ બીજી વખત ટાઈટલ જીતવા માટે પ્રયત્નશીલ રહેશે.

ઈજાગ્રસ્ત ખેલાડીઓમાંથી છટણી બાદ ઝડપી બોલર પેટ કમિન્સ, જોશ હેઝલવુડ અને ટિમ ડેવિડ ઓસ્ટ્રેલિયન ટીમમાં પાછા ફર્યા છે. કમિન્સ પીઠની ઈજામાંથી સ્વસ્થ થઈ રહ્યો છે. તેણે એશિઝ શ્રેણીની ફક્ત ત્રીજી ટેસ્ટમાં જ ભાગ લીધો હતો. આ મહિને સ્કેન પછી નક્કી થશે કે તે ટુર્નામેન્ટ માટે ઉપલબ્ધ રહેશે કે નહી.

પસંદગી સમિતિના અધ્યક્ષ જ્યોર્જ બેઈલીએ જણાવ્યું હતું કે કમિન્સ, હેઝલવુડ અને ડેવિડની રિકવરી પર નજર રાખવામાં આવી રહી છે. બેઈલીએ આશા વ્યક્ત કરી હતી કે ત્રણેય ખેલાડીઓ ટુર્નામેન્ટ માટે ફિટ થઈ જશે.

મહિલા વોશ લીગના બોક્સિંગ ડે મેચ દરમિયાન ટિમ ડેવિડને ઇ-૨ હેમસ્ટ્રિંગ ઈજા થઈ હતી. હેઝલવુડ હીલ અને હેમસ્ટ્રિંગ ઈજાને કારણે એશિઝ શ્રેણીમાંથી બહાર થઈ ગયો હતો.

છેલ્લા કેટલાક વર્ષોમાં ૨૦ ટીમે નોંધપાત્ર સફળતા મેળવી છે, જેના કારણે પેનલે ભારત અને શ્રીલંકાની પરિસથિતિઓને ધ્યાનમાં રાખીને ખેલાડીઓના સંતુલનની પસંદગી કરી છે. પેટ કમિન્સ, જોશ હેઝલવુડ અને ટિમ ડેવિડ પર નજીકથી નજર રાખવામાં આવી રહી છે, અને મને વિશ્વાસ છે કે તેઓ વર્લ્ડ કપ માટે ફિટ થઈ જશે. આ એક પ્રારંભિક ટીમ છે, તેથી પછીથી ફેરફારો કરવામાં આવી શકે છે.ઓસ્ટ્રેલિયાએ તેની ટીમમાં ઘણા સ્પિનરોનો સમાવેશ કર્યો છે. ઓસ્ટ્રેલિયન ટીમને ૨૦૨૬ T20 વર્લ્ડ કપ માટે ગ્રુપ ઇ માં રાખવામાં આવી છે, જે કોલંબો અને પલ્લેકેલેમાં તેની મેચો રમશે. મિશેલ માર્શ ટીમનું નેતૃત્વ કરશે, જ્યારે કેમેરોન ગ્રીન અને કૂપર કોનોલી પરત ફરી રહ્યા છે. જોશ ઈંગ્લિસ એકમાત્ર વિકેટકીપર છે. મિશેલ ઓવેન અને બેન ડ્વાસ્થુઈસની પસંદગી કરવામાં આવી નથી.




# એસપીબી કોલેજમાં સૂટ એન્ડ સાડી ડેની ઉજવણી

સુરત, તા.૧

સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત એસપીબી ઈંગલિશ મીડીયમ કૉલેજ ઑફ કોમર્સ, સુરતમાં તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ ‘સૂટ એન્ડ સાડી ડે’નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓ માટે રેમ્પ વોક સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કુલ ૧૨૭ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને સૂટ અને સાડીમાં આત્મવિશ્વાસપૂર્વક રજૂઆત કરી કાર્યક્રમને રંગીન અને આકર્ષક બનાવ્યો હતો. આ રેમ્પ વોક સ્પર્ધાના નિર્ણાયક તરીકે ડૉ. રવિ પટેલ, ડૉ. ધ્રુવ ગાંગડવાલા, પ્રા. મિતાલી પટેલ તથા ડૉ. ફરીદા માંડવીવાલાએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. સ્પર્ધાના પરિણામે એસવાય બીકોમના વિદ્યાર્થી જય પાનેરિયાને ‘મિસ્ટર એસપીબી ૨૦૨૫’ નો ખિતાબ પ્રાપ્ત થયો હતો, જ્યારે ટીવાય બીકોમની વિદ્યાર્થિની વૃષ્ટિ યાદવે ‘મિસ એસપીબી ૨૦૨૫’ નો ખિતાબ જીત્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનુ આયોજન કૉલેજના ઈન્ચાર્જ આચાર્ય ડૉ. આશિષ પંડ્યા તથા ઊછ્છઝ કોઓર્ડિનેટર ડૉ. સવિતા સોંધીના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

# કુદિયાણા સ્થિત આશ્રમશાળામાં કરિયર મહોત્સવ સફળતાપૂર્વક સંપન્ન




## વિવિધ ક્ષેત્રે કારકિર્દી ઘડવા વિદ્યાર્થીઓને માર્ગદર્શન અપાયું

સુરત, તા.૧

સમગ્ર શિક્ષા, ગાંધીનગર અને જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત પ્રેરિત કરિયર મહોત્સવનું આયોજન બ્લોક રિસોર્સ સેન્ટર, ઓલપાડ દ્વારા અત્રેની કાંઠા વિસ્તાર સ્થિત ઉત્તર બુનિયાદી આશ્રમશાળા, કુદિયાણા ખાતે સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા કક્ષાનાં ક્લાસ ટુ ઓફિસર્સ, મહિલા અને બાળ સુરક્ષા કેન્દ્રનાં અધિકારીઓ, કુદિયાણાનાં સીઆરસી કો-ઓર્ડિનેટર અશોક પટેલ સહિત જિલ્લાનાં તમામ એઆરપી કરિયર કાઉન્સિલર મિત્રો ઉપસ્થિત રહ્યાં હતાં. દીપ પ્રજ્વલન બાદ આશ્રમશાળાનાં આચાર્ય અલ્પેશ વાઘેરાએ સૌનું શાબ્દિક સ્વાગત કર્યુ હતું. બીઆરસી કો-ઓર્ડિનેટર બ્રિજેશ પટેલે જણાવ્યું હતું કે આવા કરિયર મહોત્સવ થકી વિદ્યાર્થીઓને ઉજ્જવળ કારકિર્દી નિર્માણ સંબંધિત પ્રેરણા અને માહિતી મળી રહે છે.

અત્રે ઉપસ્થિત મોટીવેટર્સ પૈકી સાયન્ટિફિક ઓફિસર દિલ્પેશકુમાર પ્રજાપતિએ વિદ્યાર્થીઓને ફોરેન્સિક ક્ષેત્રે કારકિર્દી બનાવવા માટે લેવામાં આવતી પરીક્ષા તથા તેની તૈયારી બાબત, મહિલા અને બાળ સુરક્ષા કચેરીનાં સ્મિતાબેન પટેલ (DMC) એ જાતિગત સમાનતા અને કરિયર કાઉન્સિલ બાબત જ્યારે મહિલા અને બાળ સુરક્ષા કેન્દ્રનાં મહેશભાઈ પરમાર (જેન્ડર સ્પેશિયાલિસ્ટ) એ સાયબર સેફ્ટી અંતર્ગત માર્ગદર્શિત કર્યા હતાં. શાળાનાં સૌ વિદ્યાર્થીઓ કાર્યક્રમથી ખૂબજ પ્રભાવિત થયા હતાં. અંતમાં આભારવિધિ તાલુકાનાં એઆરપી હેતલ પ્રજાપતિએ આટોપી હતી. જ્યારે સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન નીતા ગજેરાએ કર્યુ હતું. એમ પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.

# વાહન અકસ્માતમાં વાંઝ ગામના આધેડ વ્યક્તિનું મોત નિપજ્યું

## સચિન-હોજીવાલા હાઈવે પર સર્જાયો વાહન અકસ્માત

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૧

સુરત શહેરના સચિન સ્થિત વાંઝ ગામના આધેડનું સચિન હોજીવાલા હાઈવે પર વાહન અકસ્માતમાં મોત નીપજ્યું હતું. નોકરી પરથી ઘરે જતી વખતે અજાણ્યા બાઈક ચાલકે ટક્કર મારતા તેમનું નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ બિહારના વતની ૫૬ વર્ષીય રાજેન્દ્રસિંગ રામચંદ્રસિંગ હાલમાં સચિનના વાંઝ ગામમાં રહેતા હતા. તેમને સંતાનમાં ત્રણ પુત્રી અને બે પુત્રી છે. તેઓ હોજીવાલા કંપનીમાં નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. રાજેન્દ્રસિંગ ગઈ તારીખ ૨૯મીના રોજ રાત્રે પોતાની નોકરી પરથી ઘરે જતા હતા. દરમિયાન સચિન હોજીવાલા હાઈવે પર રસ્ત ઓળંગતી વખતે અજાણ્યા બાઈકના ચાલકે ટક્કર મારી હતી. જેથી તેમને પ્રથમ ખાનગીમાં અને બાદમાં વધુ સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં તેમનું મંગળવારે રાત્રે સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. વાહન અકસ્માતના બનાવ અંગે સચિન પોલીસે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી સાથે વધુ તપાસ શરૂ કરી હતી.

# હનીટ્રેપ કેસમાં વધુ એક આરોપીના જામીન મંજૂર

## આરોપી ક્રિશ ભુવાના શરતી જામીન મંજૂર કરાયા

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧

સોશિયલ મિડીયાના માધ્યમથી સંપર્ક કરી બે જણાને હનીટ્રેપનો શિકાર બનાવનાર ટોળકીના વધુ એક આરોપીના કોર્ટે જામીન મંજુર કર્યાહતા. આ કેસની વિગત એવી છે કે, સરથાણા પોલીસે શીતલ અને મારિમક ભૂપત ભુવાની ધરપકડ કરી હતી. શીતલ અને મારિમકની જોડી સોશિયલ મિડીયા ઉપર યુવાનોનો સંપર્ક કરતી હતી. શીતલ વ્હોટ્સએપથી યુવાનો સાથે સતત સંપર્કમાં રહી તેમને પોતાની જાળમાં ફસાવતી હતી. ત્યારબાદ યુવાનોનેફરવા માટે બોલાવતી. ત્યારબાદ મારિમક અને અન્ય એક સાગરીત ક્રિશ જીતેન્દ્ર ભુવા આ યુવાનો પાસે આવી મારી પત્ની સાથે બળાત્કાર ગુજાર્યો છે પોલીસ કેસ કરવાની ધમકી આપી પૈસા પડાવતા હતા. આમ આ ટોળકીએ સીમાડાગામના એક એકાઉન્ટન્ટ અને કામરેજના હીરા દલાલને પણ હનીટ્રેપનો શિકાર બનાવી પૈસા પડાવ્યા હતા. સરથાણા પોલીસે શીતલ અને મારિ?મકની ધરપકડ કરી હતી. ત્યારબાદ ક્રિશ ભૂવાની પણ ધરપકડ કરી લેવામાં આવી હતી. દરમિયાન ક્રિશ ભૂવાએ વકીલ રહીમ શેખ મારફતે જામીન અરજી કરી હતી. જે કોર્ટે મંજુર કરી હતી.

# આવતી કાલે ખેરગામ શ્રીરામ મંદિર સંકુલ ખાતે આયુષ મેળો

ખેરગામ, તા.૧

ગુજરાત સરકારના આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા જિલ્લા પંચાયત નવસારીની આયુર્વેદ શાખા આયોજિત આયુષ મેળો ખેરગામ તાલુકા મથકે શ્રી રામજી મંદિર સંકુલમાં શુક્રવાર તારીખ બીજી જાન્યુઆરીના રોજ સવારે ૧૦ થી બપોરના બે સુધીમાં યોજાશે જેમાં કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલ જિલ્લા પંચાયત પ્રમુખ રાકેશ દેસાઈ વિગેરે મહાનુભાવો ઉપસ્થિત રહેશે. તાલુકાના ગ્રામજનો આરોગ્યને લગતી બીમારીને દૂર કરવા માટે મેળામાં પધારી જાણકારી મેળવી લાભ લઈ શકે છે, સારું આરોગ્ય પ્રાપ્ત કરી શકે છે. જેમાં મફત આયુર્વેદ હોમિયોપેથી નિદાન અને સારવાર યજ્ઞ થશે દરેક ગ્રામજનોને એકવાર અચૂક મુલાકાત લેવા માટે આગ્રહ કરવામાં આવે છે.

# સુરતમાં સવારે ગાઢ ધુમ્મસ વચ્ચે હળવો વરસાદ પડતા ઠંડક વ્યાપી

## વાતાવરણમાં પલટા સાથે તાપમાનમાં બે ડિગ્રીનો વધારો

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૧

સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં વેસ્ટર્ન ડિસ્ટબન્સની અસરને પગલે વાતાવરણમાં પલટો આવ્યો છે. દરમિયાન સુરતમાં આજે સવારે ગાઢ ધુમ્મસ છવાતા વાદળછાયા આકાશ વચ્ચે ઠેર ઠેર ઝરમર ઝરમર વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક વ્યાપી ગઈ છે. અલબત્ત આજે સવારે ગઈકાલ કરતા તાપમાન બે ડિગ્રી ઊંચું નોંધાતા ઠંડીની અસર ઓછી થઈ ગઈ છે.

હવામાન વિભાગના સૂત્રોએ જણાવ્યા મુજબ આજે વહેલી સવારે સુરતનું લઘુત્તમ તાપમાન ૧૮.૬ ડિગ્રી નોંધાયું છે. જે ગઈકાલે સવારે ૧૬.૪ ડિગ્રી હતું એટલે આજે તાપમાન બે ડિગ્રી વધુ ઉંચુ નોંધાયું છે. અને મહત્તમ તાપમાન ૩૦.૦ ડિગ્રી જળવાયેલું છે. સુરતમાં વહેલી સવારથી ગાઢ ધુમ્મસ છવાતા વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૯૧ ટકા ઊંચુ નોંધાયું છે. આ દરમિયાન આજે સવારે સુરતના દરિયા તટીય વિસ્તારો ઉપરાંત પીપલોદ, વેસુ, આભવા, મગદલ્લા, ભાઠા, પાલ, અડાજણ, રાંદેર, વેડરોડ, સિંગણપોર સહિતના વિસ્તારોમાં હળવો વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક વ્યાપી ગઈ છે.



# કંડોલપાડા ગામે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતની મુલાકાત લેતા નવસારી કલેક્ટર

## બાલુભાઈ પટેલે ૩૦ ગુઠામાં પ્રાકૃતિક ખેતી થકી મેળવ્યો રૂ. ૨૫,૦૦૦નો નફો કર્યો

નવસારી, તા.૧

નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ અંતર્ગત પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવાના ભાગરૂપે, નવસારી જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા વાંસદા તાલુકાના કંડોલપાડા ગામના ડુંગરી ફળિયાની મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન કલેક્ટરશ્રીએ પ્રગતિશીલ ખેડૂત શ્રી બાલુભાઈ મેરવનભાઈ પટેલના ખેતરમાં જઈ પ્રાકૃતિક ખેતીની પ્રત્યક્ષ કામગીરી નિહાળી હતી અને ખેડૂત સાથે સંવાદ સાધ્યો હતો.

૩૦ ગુઠામાં પ્રાકૃતિક ખેતીનો સફળ પ્રયોગ ખેડૂત બાલુભાઈ પટેલ છેલ્લા બે વર્ષથી પોતાના ૩૦ ગુઠા વિસ્તારમાં સંપૂર્ણપણે પ્રાકૃતિક પદ્ધતિથી ખેતી કરી રહ્યા છે. ગત વર્ષના અનુભવો વહેંચતા તેમણે જણાવ્યું હતું કે, ગત વર્ષે તેમણે ટિંડોળાના મુખ્ય પાક સાથે પાપડી, કોબીજ અને ફ્લાવર જેવા આંતરપાકો લીધા હતા. જેમાં માત્ર ૩૦ હજારના ખર્ચ સામે ૫૫ હજારની આવક થતા તેમને રૂ. ૨૫,૦૦૦નો શુદ્ધ નફો મળ્યો હતો.ચાલુ વર્ષે મિશ્ર પાક પદ્ધતિ બાલુભાઈએ જાળવી રાખી છે. હાલ તેમના ખેતરમાં મુખ્ય પાક તરીકે કારેલા અને ટિંડોળા લહેરાઈ રહ્યા છે, જ્યારે આંતરપાક તરીકે પાપડી, રીંગણ, ટામેટાં અને કોબીજ જેવા શાકભાજીનું વાવેતર કરવામાં આવ્યું છે. મિશ્ર પાક પદ્ધતિને કારણે જમીનની ફળદ્રુપતા જળવાઈ રહે છે અને રોગ-જીવાતનું પ્રમાણ પણ ઘટે છે.



# મહાજન અનાથ બાલાશ્રમ સંચાલિત કોલેજમાં સુટ એન્ડ સાડી ડે યોજાયો

## વિજેતા વિદ્યાર્થીનીઓને તાજ પહેરાવી સન્માનીત કરાઈ

સુરત, તા.૧

મહાજન અનાથ બાલાશ્રમ સંચાલિત બીકોમ, બીબીએ, બેસીએ કોલેજમાં સુટ એન્ડ સાડી ડે નું આયોજન તા.૩૧/૧૨/૨૦૨૫ ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૩૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે કૉલેજના પ્રો.શ્રી. મયુર પાંડવ અને પ્રિયંકા ગાંગડવાળા ને આમંત્રિત કરવામાં આવ્યા હતાં. સ્પર્ધામાં પ્રથમ વિજેતા તરીકે ટી.વાય. બી.કોમમાં મિસ MAB પરમાર દર્ષ્ટિ અને Runner Up વિજેતા તરીકે મિસ MAB પ્રિયંકા જોષી વિજેતા જાહેર થયા હતાં. તેમને તાજ પેહરાવી ને સન્માનિત કરવામાં આવ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઈ.ચા પ્રિન્સિપાલ વિરલ પટેલના માર્ગદર્શન હેઠળ અને કોલેજ સ્ટાફ દ્વારા કરવામાં આવ્યું હતું.

### ફિલ્મસ્ટાર

પહેલા પાનાનું ચાલુ

તેઓએ અન્ય મુદ્દા ઓ પર પણ આકરી ટીપ્પણી કરી હતી. વડાપ્રધાન મોદી વિશે કહ્યું કે કેટલાંક લોકો મોદીની ટીકા કરે છે, પરંતુ તેમના વિદેશ પ્રવાસ તથા જનકલ્યાણકારી યોજનાઓથી દુનિયાભરમાં ભારતની પ્રતિષ્ઠા વધી રહી છે.

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની પ્રશંસા કરી હતી અને તેઓએ ગુનેગારોની શાન ઠેકાણે લાવી દીધાની ટીપ્પણી કરી હતી.

### નવા વર્ષે

પહેલા પાનાનું ચાલુ

કિંમતમાં કોઇ વધારો કરવામાં આવ્યો નથી.

કોમર્સીયલ રાંધણગેસ મોંઘો કરવામાં આવતા હોટલ-રેસ્ટોરાંમાં ખર્ચ બોજ વધી જવાનું અને તેની અસરે ગ્રાહકો પર ભારણ આવવાની શંકા છે. રાંધણગેસ નીતિમાં બદલાવ થવાની અટકળો વ્યકત થઇ જ રહી છે અને સબસીડી દુર થવાની શંકા છે તેવા સમયે કોમર્સીયલ રાંધણગેસ મોંઘો કરાયાનું સૂચક છે.

રાંધણગેસમાં ભાવવધારા વચ્ચે સીએનજી, પીએનજી તથા વિમાની ઈંધણમાં રાહત આપવામાં આવી છે. પેટ્રોલીયમ એન્ડ નેચરલ ગેસ રેગ્યુલેટરી બોર્ડ દ્વારા ગેસ ટ્રાન્સપોર્ટેશન ચાર્જ ઘટાડયો છે જેને પગલે જુદા-જુદા રાજયોમાં સીએનજી-પીએનજીના ભાવમાં ર થી૩ રૂપિયાનો ઘટાડો થશે.

આ જ રીતે એવિએશન મ્યુઅલ (વિમાની ઈંધણ)માં ૭૦૦૦ રૂપિયાનો ઘટાડો જાહેર કર્યો છે એટલે વિમાની ભાડામાં રાહત મળી શકે છે. એરલાઈન્સનો ઈંધણ ઓપરેશ્નલ ખર્ચ ઘટશે એટલે હવાઈ મુસાફરોને ભાડામાં ઘટાડાનો લાભ મળી શકે છે. દિલ્હીમાં વિમાની ઈંધણનો ભાવ પ્રતિ કિલોમીટર ૯૯૬૭૬થી ઘટીને ૯૨૩૨૩ થયો છે.

### આશા

પહેલા પાનાનું ચાલુ

પ્રવાસીઓ ખુશખુશાલ થયા હતા અને ઉમંગભેર ઉજવણી કરી હતી. દેશમાં ધાર્મિક સ્થળોએ પણ લાખોની સંખ્યામાં ભાવિકો ઉમટયા હતા અને નવું કેલેન્ડર વર્ષ ભગવાનના દર્શન કરીને ધાર્મિક ભાવના સાથે ઉજવ્યું હતું.

### હિન્દુઓને

પહેલા પાનાનું ચાલુ

તેઓને પુનઃ હિન્દુ ધર્મમાં સમાવવા, મંદિર સંચાલનમાં તમામ વર્ગને સાથે લેવા અને હિન્દુત્વને વિવિધતામાં એકતા તરીકે જોવાનો અનુરોધ કર્યો હતો.

તેઓએ જણાવ્યું કે ભેદભાવ અને સામાજીક રીતે અગાઉની લાગણી દુર કરીને અને દરેકના મનમાંથી આ વિચારને મીટાવીને દરેકને એક સમાન પોતાના તરીકે જોવા જોઈએ.

આ દેશ તમામ માટે છે. આ ભાવના જ સામાજીક એખલાસ લાવી શકે છે. તેઓએ કૌટુંબિક રીતે મજબૂત રીતે જોડાયા તે સોશ્યલ મીડીયા મારફત પણ સામાજીક એખલાસ સર્જવા હાકલ કરી હતી.

### ન્યુયોર્કના

પહેલા પાનાનું ચાલુ

આ કામમાં તેમને મદદ કરનાર એક વિદ્વાન અનુસાર, શપથ માટે ઉપયોગમાં લેવાતા આ કુરાન શહેરની મોટી અને લાંબા સમયથી રહેલી મુસ્લિમ વસ્તીને દર્શાવે છે.

જણાવી દઈએ કે ચૂંટણી પ્રચાર દરમિયાન મમદાનીએ મોંઘવારીને મુખ્ય મુદ્દો બનાવ્યો હતો. સાથે જ તેમણે પોતાની ધાર્મિક માન્યતાઓ પણ ખુલ્લેઆમ રજૂ કરી હતી. તેમણે શહેરની મસ્જિદોની મુલાકાત લીધી અને પ્રથમ વખત મતદાન કરનારા ઘણા દક્ષિણ એશિયાઈ અને મુસ્લિમ મતદારોનો ટેકો મેળવ્યો.

શૉમ્બર્ગ સેન્ટરમાં હાજર પોકેટ સાઈઝ કુરાન અશ્વેત પ્યુર્ટો રિકન ઈતિહાસકાર આર્તુરુ શૉમ્બર્ગના સંગ્રહનો ભાગ હતી. તે સ્પષ્ટ નથી કે આ કુરાન મમદાની પાસે કેવી રીતે પહોંચી, પરંતુ વિદ્વાનો માને છે કે તે અમેરિકા અને આફ્રિકામાં ઈસ્લામ અને અશ્વેત સંસ્કૃતિઓના ઐતિહાસિક સંબંધોમાં તેમની રુચિ દર્શાવે છે.

આ કુરાન સાદી ડિઝાઈનનું છે. કુરાન પર ઘેરા લાલ રંગનું પૂઠું ચઢેલું છે અને ફૂલોની આકૃતિ બનેલી છે. અંદર કાળા-લાલ શાહીમાં લખવામાં આવ્યું છે. આના પરથી ખબર પડે છે કે તેને માત્ર પ્રદર્શન માટે નહી, પરંતુ રોજિંદા ઉપયોગ માટે બનાવવામાં આવ્યું હતું.

### ઈન્દરમાં ૧૦નાં મોત

પહેલા પાનાનું ચાલુ

પત્રકારે ફરીથી આગ્રહ કર્યો, ત્યારે તેમણે કથિત રીતે અપશબ્દોનો ઉપયોગ કર્યો અને ત્યાંથી ચાલ્યા ગયા. આ દરમિયાન, એક સ્થાનિક કોર્પોરેટરએ પણ પત્રકાર સાથે ઉગ્ર દલીલ કરી હતી.

આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ ગયો. વિવાદ વધતા, મોડી રાત્રે મંત્રી કૈલાશ વિજયવર્ગીયએ ઠ (ટ્વિટર) પર એક પોસ્ટ કરીને માફી માંગી. તેમણે લખ્યું: "હું અને મારી ટીમ છેલ્લા બે દિવસથી ઊંઘ્યા વગર પ્રભાવિત વિસ્તારમાં સતત પરિસ્થિતિ સુધારવામાં લાગેલા છીએ.

દૂષિત પાણીથી મારા લોકો પીડિત છે અને કેટલાક આપણને છોડીને ચાલ્યા ગયા છે, આ ઊંડા દુઃખની સ્થિતિમાં મીડિયાના એક સવાલ પર મારા શબ્દો ખોટા નીકળી ગયા. તે માટે હું ખેદ વ્યક્ત કં છું. પરંતુ જ્યાં સુધી મારા લોકો સંપૂર્ણપણે સુરક્ષિત અને સ્વસ્થ નહી થઈ જાય, ત્યાં સુધી હું શાંત નહી બેસીશ."

કોંગ્રેસે મંત્રીના આ નિવેદન પર આકરા પ્રહાર કર્યા છે. પાર્ટીએ આને "સત્તાના અહંકારનું પ્રતિક" ગણાવ્યું અને માંગ કરી કે મંત્રી જાહેરમાં માફી માંગે. વિપક્ષનું કહેવું છે કે સ્વચ્છતાના દાવાઓ છતાં આવી બેદરકારી વહીવટીતંત્રની નિષ્ફળતા દર્શાવે છે.

### સુરત આરટીઓમાં

પેજ-૨ પાનાનું ચાલુ

અરજદાર ચોઈસનો કોઈ નંબર નહીં મેળવે અથવા ઉપલબ્ધ નંબરોમાંથી અરજદારને પસંદગીનો નંબર ન ફાળવી શકાય તો અરજી તારીખથી ગણતાં ૬૦ દિવસે એટલે કે છેલ્લા દિવસે રજિસ્ટ્રેશન ઓથોરિટી દ્વારા રેન્ડમ પદ્ધતિથી નંબર ફાળવી દેવાશે.

અરજદારે હરાજીની પ્રક્રિયા પૂર્ણ થયાના ૫ દિવસમાં બીડ એમાઉન્ટના નાણાં જમા કરાવવામાં નિષ્ફળ જશે તો મૂળ ભરેલી રકમ (Base Price) ને જપ્ત કરી ફરીવાર હરાજી કરાશે. અરજદારે RBI દ્વારા નક્કી કરેલા દરે ચાર્જ ચૂકવવાનો રહેશે. અસફળ અરજદારે રિફંડ માટે હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણા પરત કરવાના હોવાથી નેટ બેન્કિંગ, ક્રેડિટ-ડેબિટ કાર્ડથી ચૂકવણું કર્યુ હોય તે જ મોડથી નાણાં અરજદારના તે જ ખાતામાં SBI E-PAY દ્વારા પરત કરવામાં આવશે એમ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી,-પાલ,સુરતની યાદીમાં જણાવાયું છે.

### શ્રી ગટ્ટુ

પેજ-૨ પાનાનું ચાલુ

કન્વીનર શ્રી અશ્વની સક્સેના, ટ્રસ્ટના જોઇન્ટ સેક્રેટરી તથા સહ-કન્વીનર શ્રી સુભાષ પટેલ, શ્રી રાજુ મોદી તથા શ્રી કે. વત્સન, શ્રી મનોજ આનંદપુરા, શ્રી દીપક રૂપારેલ, શાળા ટ્રસ્ટ ના જનરલ મેનેજર ડૉ નિનાદ ઝાલા , શ્રી દીપ વામજા, શ્રી પારસ પટેલ, મોબાઈલ સ્કૂલના કો-ઓર્ડિનેટર શ્રીમતી મીરા પંજવાણી , શ્રીમતી ગીતા શ્રીવત્સન તથા અન્ય આમંત્રિત મહેમાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્ય મહેમાન શ્રી જયેશભાઈ પટેલે પોતાના ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે શ્રી ગટ્ટુ વિદ્યાલયમાંથી અભ્યાસ પૂર્ણ કરીને ગયેલા અનેક વિદ્યાર્થીઓ આજે સમાજના વિવિધ ક્ષેત્રોમાં ઉચ્ચ પદો પર સફળતાપૂર્વક કાર્યરત છે, જે શાળાની ગુણવત્તાપૂર્ણ શિક્ષણ પરંપરાનો પુરાવો છે. જ્યારે મુખ્ય અતિથિ શ્રી વિમલકાંત જેઠવાએ જણાવ્યું હતું કે શાળાના શિક્ષકો પાઠ્યપુસ્તકોથી આગળ વધી પ્રમાણિકતા, સમર્પણ અને જીવન મૂલ્યો સાથે વિદ્યાર્થીઓને સંસ્કારી અને જવાબદાર નાગરિક બનાવવા માટે સતત પ્રયત્નશીલ છે.

શાળાના કન્વીનર શ્રી અશ્વની સક્સેનાએ શાળાની વિવિધ શૈક્ષણિક અને સહ-પાઠ્ય પ્રવૃત્તિઓની ઝાંખી રજૂ કરી હતી. શાળાના કેમ્પસ ડાયરેક્ટર શ્રીમતી મિશેલ ગણેશાણીએ વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો, જ્યારે આચાર્યા શ્રીમતી સુષ્મા ચૌધરીએ શાળાની સિદ્ધિઓ અને પ્રવૃત્તિઓ વિશે વિગતવાર માહિતી આપી હતી.

આ સાથે આગામી શૈક્ષણિક સત્રાથી શરૂ થનારી કેમ્બ્રિજ મોન્ટેસરી પ્રણાલી અંગેની માહિતી ઉપચાર્ય શ્રીમતી અંજલિ પટેલ તથા કેમ્બ્રિજ મોન્ટેસરીના ઇનચાર્જ શ્રીમતી શાલુ પરીખ દ્વારા આપવામાં આવી હતી.

આ વાર્ષિક મહોત્સવ દરમિયાન શૈક્ષણિક તથા રમતગમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓ તેમજ ધોરણ ૧૦ અને ૧૨માં ૧૦૦% પરિણામ મેળવવા માટે શિક્ષકોને પ્રમાણપત્ર અને સ્મૃતિચિહ્ન આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. ઇનામ વિતરણ કાર્યક્રમનું સંચાલન શ્રીમતી જાહ્નવી પટેલે કર્યું હતું.

કાર્યક્રમની આભારવિધિ શાળાના ઉપચાર્ય શ્રીમતી સુચિતા રોય દ્વારા કરવામાં આવી હતી. ઉપસ્થિત વાલીશ્રીઓ અને મહેમાનોએ સમગ્ર કાર્યક્રમને ખૂબ જ પ્રશંસાપૂર્વક માણ્યો હતો

### વોકલ ફોર વોકલ

પેજ-૨ પાનાનું ચાલુ

શકતી નથી. તેમણે જણાવ્યું કે, ધીમે ધીમે અમારો લઘુ ઉદ્યોગ આગળ વધી રહ્યો છે તેમણે પોતાનો બિઝનેશ વધતા અડાજણ સ્થિત એલ.પી. સાવાણી રોડ નજીક પોતાનો વર્કશોપ સ્થાપિત કર્યો છે, જ્યાં તેઓ ૨૦ જેટલા લોકોને રોજગારી આપી રહ્યાં છે, અહીં બે વર્ષથી મોટી ઉંમરની મહિલાઓ માટેના ખાદી ડ્રેસ સહિત વિવિધ ખાદીની બનાવટના વસ્ત્રો ઉપલબ્ધ છે, જેની કિંમતો રૂ.૭૦૦ થી શરૂ થાય છે.

વધુમાં તેમણે કહ્યું કે, ખાદી કપડાં લાંબા સમય સુધી ચાલે છે અને વારંવાર ઉપયોગ બાદ પણ તેની મજબૂતી અને રંગ યથાવત રહે છે. તેમના ઉત્પાદનમાં ખાસ કરીને સિલ્ક થ્રેડનો ઉપયોગ કરવામાં આવે છે, જે ખાદી વસ્ત્રોને અનોખું વૈભવ આપે છે. વાર્ષિક અંદાજિત રૂ.૧૨ લાખનું ટર્નઓવર ધરાવતો આ વ્યવસાય આજે સ્થાનિક બજારમાં પોતાની અલગ ઓળખ બનાવી રહ્યો છે. આગામી સમયમાં તેઓ પુરુષો માટે ખાદી કુર્તા અને શર્ટનું ઉત્પાદન શરૂ કરવાની યોજના ધરાવે છે. રાજ્ય સરકાર દ્વારા પ્રેરિત આવા મેળાઓથકી પોતાના ઉત્પાદનોને વ્યાપક બજાર સુધી પહોંચાડવાની તક મળી હોવાનું તેઓ કહે છે.

શિખા અર્હતીની યાત્રાએ સાબિત કરે છે કે “જેની પાસે જ્ઞાનની પાંખો અને સંકલ્પનું આકાશ છે, એ નારી ક્યારેય પરાજિત થતી નથી.” અડાજણમાં આયોજિત રાજ્ય સરકારનો આ મેળો સ્થાનિક હસ્તકલા, ખાદી અને સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપી ‘વોકલ ફોર લોકલ’નો સંદેશ અસરકારક રીતે જનમાનસ સુધી પહોંચી રહ્યો છે.

### પોલીસ ચેકિંગમાં

છેલ્લા પાનાનું ચાલુ

હાલમાં સુરત પોલીસ કમિશનરના જાહેરનામા મુજબ હથિયાર રાખવા પર પ્રતિબંધ હોવા છતાં, કોઈ ગંભીર ગુનો કરવાના ઈરાદે તે જાહેરમાં ફરી રહ્યો હતો. પોલીસે તેની વિરુદ્ધ જી.પી. એક્ટ કલમ ૧૩૫ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### નવા વર્ષની

જાન્યુઆરી એ માત્ર વેસ્ટર્ન કલ્ચરની જેમ નવા કેલેન્ડર વર્ષ ઉજવવાનો દિવસ નથી, પરંતુ આપણા શરીર અને મનને ઊર્જાવાન બનાવવાનો અવસર છે. નૂતન વર્ષની સૂર્યનારાયણની નૂતન કિરણને નમસ્કાર કરવાનો અવસર છે. ’વેસ્ટર્ન કલ્ચરથી યોગ તરફ’ અને ’વિદેશીથી સ્વદેશી તરફ’ના મંત્ર સાથે આ કાર્યક્રમ ગુજરાતના યુવાધનને નવી દિશા આપી છે.

### લંડનમાં

લાખનો પગાર રહેશે તેમજ વીઝા સહિતની પ્રોસેસ માટે ધર્મિષ્ઠા પાસેથી ટુકડે ટુકડે કરીને ૮ લાખ મેળવી લઇ ૪ લાખ પરત કરી નોકરી નહીં અપાવી ઠગાઇ કરી હતી.

### ચેક રિટર્ન

ફરિયાદ દાખલ કરી હતી. કેસની સુનાવણી દરમિયાન એડવોકેટની ધારદાર દલીલો અને પુરાવાઓને ગ્રાહ્ય રાખી આરોપી મનોજકુમાર તલવાનીને તકસીરવાન ઠેરવ્યા હતા.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel “Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
પ્રતાપ દર્પણ

# સુખ, શાંતિ, સમૃદ્ધિના ઉજાસની આશા સાથે વર્ષ ૨૦૨૬નો સૂર્યોદય





ગઈ કાલે તા.૩૧મી ડિસેમ્બર ૨૦૨૬ની વિદાય સાથે આજે તા.૧લી જાન્યુઆરી ૨૦૨૬નો સૂર્યોદય સુખ, શાંતિ, વૈભવનો ઉજાસ ફેલાવી રહ્યો છે. સુરતના વિવિધ વિસ્તારોમાં ગઈ કાલે મધ્ય રાત્રે ૧૨ વાગ્યાના ટકોરે નવા વર્ષને ઉત્સાહભેર વધાવી લોકોએ રંગારંગ ઉજવણી કરી હતી ખાસ કરીને સુરત ડુમસ રોડ પર ઉમટેલી જનમેદનીથી રસ્તાઓ ભરચક થઈ ગયા હતા. રાત્રિના બાર વાગ્યાના ટકોરે શહેરના આકાશમાં રંગબેરંગી આતશબાજીનો નજારો સર્જાયો હતો, જ્યારે સોશિયલ મીડિયાં પર 'હેપ્પી ન્યૂ યર'ના મેસેજોની ઝડી વરસી હતી. શહેરની હોટલો, રેસ્ટોરન્ટો, ફાર્મ હાઉસ, વિલા તેમજ વેસુ વિસ્તારના પાર્ટી પ્લોટો અને ક્લબ હાઉસોમાં ડીજે પાર્ટીઓ યોજાઈ હતી, જેમાં યુવાધન ડીજેના તાલે ઝૂમતું જોવા મળ્યું હતું. અઠવાગેટથી ડુમસ એસ.કે.નગર ચાર રસ્તા સુધીના માર્ગ પર સુરતીલાલાઓની ભારે ભીડ ઉમટી હતી. એસવીએનઆઇટી સર્કલથી ઓએનજીસી ચાર રસ્તા સુધી બંને તરફના માર્ગો લોકોના પ્રવાહથી છલકાયા હતા. કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસે ચાંપતો બંદોબસ્ત ગોઠવ્યો હતો. (તસવીર : હનીફ મલેક)

ઝૂમ બરાબર ઝૂમ શરાબી

## સુરત શહેરમાં થર્ટી ફર્સ્ટના જશ્નમાં ૬૦૦થી વધુ દારૂ પીધેલા ઝડપાયા

### પોલીસની ચેતવણીને અવગણી દારૂનો નશો કરનાર સેંકડો લોકોએ નવા વર્ષની રાત પોલીસ લોકઅપમાં વિતાવી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૧**

થર્ટી ફસ્ટની રાત્રે પોલીસનો મોટો કાફલો કાયદો અને વ્યવસ્થા જાળવવા શહેરના અઠવા ગેટથી લઈ ડુમસ રોડ પર તૈનાત હતો ત્યારે બ્રીથ એન્લાઈઝર વડે વાહન ચાલકોના ચેકીંગ દરમિયાન ૬૦૦થી વધુ દારૂ પીધેલાઓ સામે પ્રોહીબીશનના કેસ કરી તેમને બ્લડ ટેસ્ટીંગ માટે નવી સિવિલ હોસ્પિટલ અને સ્મીમેર હોસ્પિટલ લઈ જવાયા હતા.

નવી સિવિલ હોસ્પિટલ અને સ્મીમેર હોસ્પિટલ સુત્રો પાસેથી મળતી વિગત અનુસાર નવી સિવિલ હોસ્પિટલમાં કુલ ૨૯૫ જણાનાં બ્લડ સેમ્પલ લેવાયા હતા જ્યારે સ્મિમેર હોસ્પિટલમાં ૩૧૪ પીધેલાઓને પકડીને પોલીસ સેમ્પલ માટે લઈ આવી હતી. થર્ટી ફસ્ટની રાત્રે જાહેરમાં નશો કરેલી હાલતમાં વાહન હંકારતા તેમજ જાહેર સ્થળોએ દારૂ પીતા તેમજ નાની મોટી મહેફીલોમાંથી પકડાયેલા આ તમામ સામે અલગ-અલગ પોલીસ મથકો દ્વારા પ્રોહીબીશનના કેસ કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે સ્પષ્ટ કહ્યું હતું કે કાયદાની મર્યાદામાં રહીને ઉજવણી કરવાની રહેશે અન્યથા નવા વર્ષની સવાર લોકઅપમાં વિતાવવી પડશે અને બન્યું પણ એવું હતું ૬૦૦થી વધુ લોકો નશોકરેલી હાલતમાં મળી આવતા તેમની સામે પોલીસે કાર્યવાહી કરી હતી.

## પોલીસ ચોકિંગમાં ચપ્પુ સાથે યુવાન ઝડપાયો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૧**

શહેર પોલીસ દ્વારા નવા વર્ષની પૂર્વસંધ્યાએ હાથ ધરવામાં આવેલા સઘન પેટ્રોલિંગ દરમિયાન લાલગેટ વિસ્તારમાંથી એક શખ્સને ધારદાર ચપ્પુ સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસ કમિશનરના હથિયારબંધીના જાહેરનામાના ઉલ્લંઘન બદલ યુવક સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

મળતી માહિતી મુજબ, ૩૧ ડિસેમ્બરના રોજ લાલગેટ પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો, ત્યારે ચોક ચાર રસ્તા પાસે એક ઈસમ પોલીસને જોઈને ભાગવા લાગ્યો હતો. પોલીસે પીછો કરીને તેને પકડી પાડ્યો હતો. પૂછપરછ કરતા તેનું નામ યુસુફ ઈલ્યાસ મેમણ (ઉ.વ. ૩૬, રહે.૧૦૨ પ્રિન્સ અપાર્ટમેન્ટ પારસી પટેલ સ્કુલની બાજુમાં રાણીતળાવ) હોવાનું જાણવા મળ્યું હતું.

તલાશી લેતા તેની કમરના ભાગેથી લાંબુ લાકડાના હાથાવાળું ધારદાર ચપ્પુ મળી આવ્યું હતું.

અનુસંધાન પાના ૭ પર

## થર્ટી ફર્સ્ટની રાત્રે લીંબાયત અને સચિન ખાતે બે યુવકોની હત્યા

### નવા વર્ષની સવારે શહેરમાં બે હત્યાના અરૂચિકર અહેવાલ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૧**

શહેરમાં નવા વર્ષના પહેલા જ દિવસે સચીન અને લિંબાયત વિસ્તારમાં હત્યાના બે બનાવ બન્યા છે. સચીન વિસ્તારમાં સુરજ નામના યુવકની બે જણાએ ગુટખા ખાવાના પૈસા માંગવા બાબતે થયેલા ઝઘડામાં ચપ્પુના ઘા ઝીંકી હત્યા કરી દીધી છે તો બીજા બનાવમાં લિંબાયતમાં જુના ઝઘડાની અદાવતમાં એક યુવાનને ચપ્પુ હુલાવી હત્યા કરી દેવાઇ હતી. બંનેના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.



સચીન પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર ગોડાદરા સ્વામીનારાયણ સોસાયટીમાં રહેતો સુરજ મુકેશ સુરવાડે ઉ.વ.૨૪ ગઈકાલે થર્ટી ફસ્ટની રાત્રે સચીન સ્લમબોર્ડની પાછળ હનુમાનજી મંદીર નજીક રાત્રિના સાડા અગ્યિાર વાગ્યાની આસપાસ હાજર હતો તે સમયે આરોપી કમલેશ ઉર્ફે રાજ દિલીપ રમદેવે અને સાહીલ કુરબાનખાન પઠાણ સાથે ગુટખા ખાવાના પૈસા બાબતે કંઈક માથાકુટ થઇ હતી. જેમાં ઉશ્કેરાયેલા કમલેશ ઉર્ફે રાજ અને સાહીલ પઠાણે સુરજ સુરવાડેને ચપ્પુના ઘા મારતા તે ઢળી પડ્યો હતો. તાત્કાલિક સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખસેડાયેલા સુરજ સુરવાડેને તબીબોએ મૃત જાહેર કર્યો હતો. ગોડાદરામાં રહેતો સુરજ સુરવાડે ગઈકાલે થર્ટી ફસ્ટ હોય સચીન સ્લમ બોર્ડ શા માટે ગયો હતો તે તપાસનો વિષય છે. હાલ આ મામલે સચીન પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

હત્યાના બીજા બનાવમાં ડિંડોલી બાલાજી નગર રોયલ સ્ટાર રેસીડેન્સીમાં રહેતો જયેશ રમેશ પટેલ ઉ.વ.૨૪ ગઈકાલે લિંબાયત આસપાસ વિસ્તારમાં આવેલી આશાપુરી દ્વારકેશનગર સોસાયટી પાસેથી પસાર થતો હતો ત્યારે ૬ અજાણ્યા ઈસમોએ તેનો પીછો કરી તેને આંતરી લઇ ૬ પૈકી વિશાલ નામના ઈસમે તેને છાતીના ભાગે ચપ્પુનો ઘા મારી દીધો હતો. મૃતક જયેશ પટેલના મિત્રોના જણાવ્યા અનુસાર બે વર્ષ પહેલા તેનો ઝઘડો થયો હતો જેની અદાવતમાં તેની હત્યા કરી દેવાઇ છે.

## નવા વર્ષની પ્રથમ સૂર્ય કિરણને નમસ્કાર સાથે ધ્યાન સત્ર

### નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી પણ આ ઐતિહાસિક સત્રમાં જોડાઈને યુવાધનને પ્રોત્સાહિત કર્યા

**સુરત, તા.૦૧**

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આગામી ૧લી જાન્યુઆરી ૨૦૨૬ના રોજ એક ઐતિહાસિક અને ગૌરવશાળી કાર્યક્રમ 'નવા વર્ષની પ્રથમ સૂર્ય કિરણને નમસ્કાર'નું આયોજન કરવામાં આવ્યું હતું. આજની યુવા પેઢી નવા વર્ષની ઉજવણીમાં પાર્ટીઓ તરફ વળી રહી છે, ત્યારે તેમને આપણી પ્રાચીન ભારતીય યોગ સંસ્કૃતિ તરફ વાળવા માટે આ અનોખું અભિયાન હાથ ધરાયું છે. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી પણ આ ઐતિહાસિક સત્રમાં જોડાઈને રાજ્યના યુવાધનને વધુ પ્રોત્સાહન આપ્યું હતું.

આ કાર્યક્રમની સૌથી મોટી વિશેષતા એ છે કે તે સંપૂર્ણપણે YouTube Live ના માધ્યમથી પ્રસારિત થયો હતો. રાજ્યના ખૂણેખૂણેથી લાખો નાગરિકો, વિદ્યાર્થીઓ, ખેલાડીઓ અને સરકારી કર્મચારીઓ આગામી ૧લી જાન્યુઆરી ૨૦૨૬એ સવારે ૭:૦૦ થી ૮:૦૦ કલાકે પોતાના મોબાઈલ દ્વારા લાઈવ સત્રમાં જોડાયા હતા. દરેક વ્યક્તિ પોતાના ઘરના આંગણે, અગાસી પર કે નજીકના બગીચામાં રહીને સૂર્ય નમસ્કાર અને ધ્યાન દ્વારા નવા વર્ષનું સ્વાગત કર્યુ હતું.

યોગ તરફનો સંદેશ: આ કાર્યક્રમ પાછળનો મુખ્ય હેતુ આજની યુવા પેઢી (GenZ)ને એ સંદેશ આપવાનો છે કે ૧લી

અનુસંધાન પાના ૭ પર

## દારૂના નશામાં સ્વિમિંગ કોચ ભદ્રેશ મહેતા, કલ્પેશ સાંરગની ધરપકડ

### અઠવા પોલીસે બે સ્વિમિંગ કોચ સહિત ચારને રાજા પાઠમાં ઝડપી પાડ્યા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૧**

મંગળવારની મધ્ય રાત્રે બડેખા ચકલા ખાતે ખાડી નવા રોડ ઉપરથી ખારવા મહોલ્લાના બે સ્વિમિંગના કોચ નશામાં ચૂર એટલે કે દારૂ પીધેલી હાલતમાં મળી આવતા અઠવા પોલીસે આ દારૂડિયાઓ સામે પ્રોહીબિશનનો કેસ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ધરપકડ કરી હતી. આ સ્વિમિંગના બે કોચ સહિત તેમના અન્ય બે દારૂડિયા મિત્રોની પણ ધરપકડ કરવામાં આવી હતી.

અઠવાલાઈન્સ પોલીસના એ.એસ. આઈ જયરાજ જેઠાભાઈ તથા. પો.કો. સોહિલ રીયાઝ અહેમદ સહિત પોલીસનો સ્ટાફ બડેખા ચકલા ખાડી પાસે પેટ્રોલિંગમાં હતો, ત્યારે ૪ દારૂડિયાઓ નશામાં ચૂર થઈ લથડિયાં ખાતી હાલતમાં મળી આવ્યા હતા. પોલીસની પૂછપરછમાં ચોંકાવનારી બાબત સામે આવી હતી. ૪ પૈકીના બે દારૂડિયાઓ તો વ્યવસાયે સ્વિમિંગ કોચ હતા. પોલીસે સ્વિમિંગ કોચ ભદ્રેશ સુરેશભાઈ મહેતા (ઉં.વ. ૩૫, રહે. ખારવા મહોલ્લો, નાનપુરા), સ્વિમિંગ કોચ કલ્પેશ નટવરભાઈ સારંગ (ઉં.વ. ૪૭રહે. ખારવા મહોલ્લો, નાનપુરા)ની તપાસ કરતા બંનેની આંખો લાલચોળ હતી અને મોઢામાંથી દારૂની તીવ્ર વાસ આવતી હતી. પોલીસે આ બને કોચ સાથેના મિત્રો ભાર્ગવ સારંગ અને અલ્પેશ ભગવાગર પણ દારૂના નશામાં ચૂર હતા. પોલીસે આ બન્ને વિરુદ્ધ પણ દારૂનો કેસ કરી ધરપકડ કરી હતી.

## ચેક રિટર્ન કેસમાં આરોપીને જેલની સજા અને દંડ કરાયો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૧**

શહેરની સ્મોલ કોઝ કોર્ટ દ્વારા ચેક રિર્ટનના એક કેસમાં મહત્વનો ચુકાદો આપીને આરોપીને જેલની સજા અને દંડ ફટકારવામાં આવ્યો છે.

વર્ષ ૨૦૧૭માં 'ક૪૫૫ ઈન્ફ્રાપ્રોજેક્ટસ પ્રા.લિ.'ના ડિરેક્ટર હિરેનકુમાર દિલીપકુમાર ભાવસાર પાસેથી 'ક્રિએટીવ ઈલેક્ટ્રોટેક'ના ઓથોરાઈઝડ સિગ્નેટરી મનોજકુમાર શ્યામસુંદર તલવાનીએ રૂા. ૬,૪૦,૧૪૩/- ની કિંમતના સોલાર પાવર ઈનવર્ટર ઉધાર ખરીદ્યા હતા. આ પેમેન્ટ પેટે આરોપીએ રૂા. ૫,૩૯,૮૯૬/-નો ચેક આપ્યો હતો, જે બેંકમાંથી પરત ફર્યો હતો.

ફરિયાદીએ એડવોકેટ શ્રી મુકેશ એન. મુથા મારફતે સુરત કોર્ટમાં

અનુસંધાન પાના ૭ પર

## લંડનમાં નર્સિંગ જોબમાં વાર્ષિક ૨૭ લાખની ઓફર મોકલી ઠગાઈ

### વડોદરાના ધર્મેશ ભાટીયાએ સુરતની યુવતી પાસેથી ટુકડે ટુકડે ૮ લાખ પડાવી લીધા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૦૧**

વડોદરાના અકોટા વિસ્તારમાં રહેતા ધર્મેશ ભાટીયા નામના વ્યક્તિએ અમરોલી ખાતે રહેતી ૩૨ વર્ષિય યુવતીને લંડન સેન્ટ્રલ કેથરીન્સ વેય નર્સીંગમાં જોબ અપાવવાની લાલચ આપી વાર્ષિક ૨૭ લાખનું પેકેજ રહેશે તેમ જણાવી ટુકડે ટુકડે કુલ રૂ.૮ લાખ વિઝા સહીતની પ્રોસેસના બહાને મેળવી લઈ નોકરી નહીં અપાવી છેતરપિંડી કરી હોવાની ફરીયાદ અમરોલી પોલીસ મથકે નોંધાઇ છે.

અમરોલી પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર અમરોલી કોસાડ રોડ મહાવીરધામ સોસાયટી વિભાગ-૨માં રહેતી ધર્મિષ્ઠા નરેશભાઈ સોલંકી થોડા સમય પહેલા વડોદરાના અકોટા ઓર્ચીડ હોટલની સામે સમન્વય સિલ્વરમાં રહેતા ધર્મેશ નરેશકુમાર ભાટીયાના સંપર્કમાં આવી હતી. ધર્મેશ ભાટીયાએ ધર્મિષ્ઠાને લંડનમાં કેથરીન્સ વેય નર્સીંગમાં નોકરી અપાવવાનું જણાવી વાર્ષિક રૂ.૨૭

અનુસંધાન પાના ૭ પર

પશ્ચિમ રેલવે

મુંબઈ ડિવિઝનમાં ''તમામ વાહનોના પે એન્ડ પાર્ક''નું સંચાલન

સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર, મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન, પશ્ચિમ રેલવે, ડિવિઝનલ રેલવે મેનેજર, કોમર્શિયલ ડિપાર્ટમેન્ટ, પાર્કિંગ સેકશન, મુંબઈ સેન્ટ્રલ-મુંબઈ ૪૦૦ ૦૦૮. કામ-મુંબઈ ડિવિઝનમાં ''તમામ વાહનોના પે એન્ડ પાર્ક''નું સંચાલન

| | |
|---|---|
| હરાજી કેટલોગ નં. : BCT-PKG-2526-46 | ઇ-હરાજીની તારીખ : ૧૨.૦૧.૨૦૨૬ |
| ઈએમડી-વાર્ષિક બિડ મૂલ્યના ૧૦ % | ઈ-હરાજીનો સમય : ૧૨:૦૦ કલાકે |

| અ.નં. | સ્ટેશન | સ્થાન | ક્ષેત્રફળ (ચો.મી.) | સમયગાળો |
|---|---|---|---|---|
| ૧ | સુરત | પશ્ચિમ (હાઈ લેવલ) | ૧૫૭૭.૫૬ | ૦૬ માસ |

નોંધ : વધુ માહિતી માટે, સંભવિત બિડરોને આઈઆરઈપીએસ વેબસાઈટ www.ireps.gov/in પર ઈ-હરાજી લિઝિંગ મોડ્યુલની મુલાકત લેવા જણાવવામાં આવે છે. લોટ વિગતોમાં ઉપલબ્ધ સ્થળ સંબંધિત માહિતી ઉપરોક્ત કેટલોગમાં આવેલ છે. 0952

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: X.com/WesternRly

પશ્ચિમ રેલવે બે જોડી વિકલી સ્પેશિયલ ટ્રેનની ટ્રીપ વધારશે

| ટ્રેન નં. | ક્યાંથી | ક્યાં સુધી | સેવાનો દિવસ | વધારાશે |
|---|---|---|---|---|
| ૦૪૮૨૮ | બાંદ્રા ટર્મિનસ | ભગતકી કોઠી | રવિવાર | ૦૧.૦૨.૨૦૨૬ |
| ૦૪૮૨૭ | ભગતકી કોઠી | બાંદ્રા ટર્મિનસ | શનિવાર | ૩૧.૦૧.૨૦૨૬ |
| ૦૯૬૨૨ | બાંદ્રા ટર્મિનસ | અજમેર | સોમવાર | ૨૬.૦૧.૨૦૨૬ |
| ૦૯૬૨૧ | અજમેર | બાંદ્રા ટર્મિનસ | રવિવાર | ૨૫. ૦૧.૨૦૨૬ |

ટ્રેનોના સમયબંધારણ અને સ્ટોપેજ વિશે વધુ જાણકારી માટે કૃપયા મુલાકાત લો :
www.enquiry.indianrail.gov.in

ટ્રેન નં.૦૪૮૨૮ અને ૦૯૬૨૨ ની લંબાવેલી ટ્રીપનું બુકિંગ ૦૧-૦૧-૨૦૨૬ થી બધા પીઆરએસ કાઉન્ટરો અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે. ઉપરોક્ત ટ્રેનો સ્પેશિયલ હોવાથી ભાડુ પણ સ્પેશિયલ રહેશે.


પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો facebook.com/WesternRly
અમને ફોલો કરો X.com/WesternRly
અમને ફોલો કરો Instagram/WesternRly

મહેરબાની કરી રીઝર્વ ટીકીટ માટેના ઓળખના તમામ પુરાવાઓ સાથે રાખો

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર



રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"
(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.



"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત જાન્યુઆરી - ૨૦૨૬ માસના **વિનામૂલ્યે** અનાજ વિતરણની જાણકારી

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ માટે |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. | |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. | |

જાન્યુઆરી -૨૦૨૬ માસમાં રાજ્ય સરકાર દ્વારા તુવેર દાળ, ચણા, ખાંડ, અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./ લિટર (₹) |
|---|---|---|---|---|
| ૧ | તુવેર દાળ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૫૦ |
| ૨ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૩૦ |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા.<br>૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૧૫ |
| | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૪ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ મળવાપાત્ર અનાજ એ ગરીબ પરિવારો માટે માત્ર રાશન નથી, પણ તેમના સન્માનજનક જીવનનો આધાર છે. જન-જનની અન્ન સુરક્ષા માટે આપણી સરકાર સંકલ્પબદ્ધ છે."
**શ્રી હર્ષ સંઘવી,** માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

"My Ration" મોબાઈલ એપ્લિકેશન QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરી શકાશે.

આપના રાશન કાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પરથી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

**શ્રી રમણભાઈ સોલંકી**
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઈન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.